# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | શ્રીકૃષ્ણાય નમઃ | ૧ |
| ૨. | મંગલાચરણ | ૧ |
| | પ્રાતઃસ્મરણ | |
| ૩. | મૂંક કરોતિ વાચાલં | ૧ |
| ૪. | શ્રી ગોવર્ધનનાથ પાદયુગલં | ૨ |
| ૫. | નિત્ય સુખ આપનારા શ્રી ગોર્વધનનાથજી | ૩ |
| ૬. | શ્રી ગોવિંદ દામોદર સ્તુતિ | ૪ |
| ૭. | શ્રી સર્વોત્તમ સ્તોત્રમ્ | ૫ |
| ૮. | શ્રી યમુનાષ્ટકમ્ | ૮ |
| ૯. | બ્રહ્મ સંબંધનો ભાવાર્થ | ૯ |
| ૧૦. | શ્રી યમુનાજીની સ્તુતિ | ૧૦ |
| ૧૧. | સિધ્ધાન્ત રહસ્યમ્ | ૧૨ |
| ૧૨. | નવરત્નમ્ | ૧૩ |
| ૧૩. | શ્રી કૃષ્ણાશ્રયઃ | ૧૪ |
| ૧૪. | ચતુઃશ્લોકી | ૧૫ |
| ૧૫. | શિક્ષાશ્લોકઃ | ૧૫ |
| ૧૬. | શ્રી મધુરાષ્ટકમ્ | ૧૬ |
| ૧૭. | શ્રી ગિરિરાજ ધાર્યષ્ટકમ્ | ૧૭ |
| ૧૮. | શ્રી સર્વોત્તમજી | ૧૮ |
| ૧૯. | પુષ્ટિ માર્ગનાં પાંચતત્ત્વ | ૨૧ |
| ૨૦. | મારે ગુણ ગાવા શ્રી કન્હૈયાલાલ | ૨૨ |
| ૨૧. | જી રે કારતક વદિ એકાદશી | ૨૨ |
| | શ્રી ગોકુલનાથજીનાં ધોળ | |
| ૨૨. | શ્રી ગોકુલેશજીના નામ ભજન | ૨૩ |
| ૨૩. | શ્રી ચરણાર્વિંદ સ્વરૂપ સમાન | ૨૩ |
| ૨૪. | સુંદર વહાલો અતિ મનોહર | ૨૪ |
| ૨૫. | ગોઠડી મીઠડી શ્રી ગોકુલાધીશની | ૨૫ |
| ૨૬. | નામ તણો છે મોટો મહીમા | ૨૫ |
| ૨૭. | અરૂણ ઉદય હવો ઉઠયા | ૨૫ |
| ૨૮. | અમને વહાલા રે શ્રી વલ્લભજી | ૨૬ |
| ૨૯. | શ્રી વલ્લભનું રૂપ નિરખું | ૨૬ |



PURNIMA GIRISH BAXI
5 THORNTON COURT
EAST BRUNSWICK, NJ 08816

છઠની રાતનું ધોળ

૩૦. જીરે સુભ દિવસ સુહાગનો ૨૭
૩૧. સજની સાંભળને વાતરે ૩૬

વધાઈ

૩૨. ઓચ્છવ આવ્યો હમારે ૩૭
૩૩. ઓચ્છવ રાજત ભૂપ ૩૭
૩૪. પ્રગટયો સબકો વલ્લભ માઇ ૩૭
૩૫. અલૌકિક કહયો ન જાય ૩૭
૩૬. અલૌકિક આજ હમ દેખ્યો ૩૭
૩૭. મંગલ મંગલ એક છત્ર રાજે ૩૮
૩૮. આજ કછુ મંગલહે ગોકુલનગર મેં ૩૮
૩૯. ભર ડોલત વૃજબાલ ૩૮
૪૦. વિનતિ લીજે માની હમારી પ્રભુ ૩૮
૪૧. મહોત્સવ ફૂલન ફુલે આયો ૩૯
૪૨. પ્રાગટ્ય અતુલ પ્રગટ ભયો સુનિકે ૩૯
૪૩. હમારો માઇ ઠાકુર શ્રી ગોકુલનાથ ૩૯

મહા ઓચ્છવનાં ધોળ

૪૪. ભલે જનમ્યાજી શ્રી ગોકુલનાથ જીરે ૪૦
૪૫. માગસર માસ અતિ અનુપરે ૪૧
૪૬. માગસર સુદી સાતમ ૪૨
૪૭. ગોકુલ ગામ અતિ શોભિતાં ૪૩
૪૮. સખી આજે આનંદ મુને અતિ રે ઘણો ૪૩
૪૯. આવો રે ગોરી આવો સાંમલી ૪૪
૫૦. જીરે ધન્ય ધન્યરે આજનોરે દિન ૪૫
૫૧. ધન્ય એ વેળા એ ધન્ય ઘડી ૪૫
૫૨. આવોજી અચલ સોહાસણી ૪૬
૫૩. જીરે ધન્ય ધન્ય ધન્ય દિન આજુનો ૪૭
૫૪. આનંદ સાગર ઉલટયો ૪૭
૫૫. હાંરે આજે જનમ દિવસ છે રે હેલી ૪૮
૫૬. આજ અચાનંક આનંદ રૂપી ૪૯
૫૭. ગોકુલનાથ પ્રાગટય થયા રે ૫૦
૫૮. ચાલો હેલી ચતુરવરને ૫૦
૫૯. મોહન મલપંતા ઘેર આવ્યાજી ૫૧
૬૦. પેરે પેરે મેં તો તમને જોયા રે ૫૧
૬૧. ભલે જન્મયા શ્રી ગોકુલનાથ ૫૨
૬૨. મહેદવરજી આવ્યાને મોતીડે ૫૩
૬૩. શ્રી ગોકલનાથ સોહામણ રે ૫૪
૬૪. સુણ સાહેલડી રે ૫૪
૬૫. શ્રી વલ્લભ વરજી આવ્યા ૫૫
૬૬. મોહનવર ગોકુલપતિ ગોકુલેશ ૫૫
૬૭. આજ મહારા આંગણિયામાં ૫૬
૬૮. મહા ઓચ્છવના દિન અતિ ૫૬
૬૯. આજ મારે આનંદનો ઓઘ રે ૫૭
૭૦. આજ આનંદ મનેં અતિ ઘણો ૫૭
૭૧. વલ્લભવર ઘેર આવિયા ૫૮
૭૨. હાંરે ધન્ય આજની ઘડી ૫૮
૭૩. શ્રી ગોકુલ સાસરિયે જાવું ૫૯
૭૪. પિયુજી મુજને સાસરીયું ૫૯
૭૫. મારે મંદિરે પધારો શ્રી ગોકુલનાથજી ૬૦
૭૬. વલ્લભ ગુણ ગાવારે ગાવા ૬૦
૭૭. તારી વરણાગી વેળાએ ૬૧
૭૮. તમો ફુલબાગમાં ડેરા તાણો ૬૨
૭૯. વારત અપન પો વારી ૬૨

હિંચના ધોળ

૮૦. આજનો દિન ભલે આવ્યો ૬૩
૮૧. શ્રી વલ્લભ પ્રગટયે ભાગ્ય હમારે ૬૩
૮૨. આજ આણંદની હેલી રે ૬૪
૮૩. રંગ તાલી, રંગ તાલી ૬૪
૮૪. મંડપ ગાવા મોહનભાઇ ૬૪
૮૫. વહાલા લાગો છો ઘણું ૬૫
૮૬. શ્રી વિઠ્ઠલનંદજીની ચાલનો રે ચટકો ૬૬
૮૭. છઠ્ઠ દીવસની રાતે ૬૬
૮૮. મહા મહા ઓચ્છવ આવ્યોરે હમારે ૬૭
૮૯. મીઠડાં બોલ્યા રાજે ૬૮
૯૦. મારે ઓચીંતો માહા ઓચ્છવ આવ્યો ૬૮

૯૧. સહીયર ચાલ્યાં રે ઠમકતાં ૬૯
૯૨. ચોકમાં તો જાચક નાચે ૬૯
૯૩. શીયાળુમાં મહાપ્રભુજીના માંડવા રે ૬૯
૯૪. ઉગ્યો ચાંપલીયાનો છોડ ૭૦
૯૫. સોઈ સોઇ રે સોઈનાં સોગટડાં ૭૦
૯૬. ધન્ય છે ગોકુલ ગામ ને હું વારી જાઉ ૭૧
૯૭. સખી આજનો લ્હાવો લીજીએ રે ૭૧

વિવાહ ઉત્સવનાં ધોળ

૯૮. કૃપા કરો જાઉં વારી વારી રે ૭૨
૯૯. જીરે પાતળી સોટીનો ચાબકો ૭૩
૧૦૦. મદ ભર્યા હાથીને લાલ અંબાળી ૭૪
૧૦૧. મારે માંડવે કોણ કોણ ૭૫
૧૦૨. ગોરી તારે મુખડે રતન ૭૬
૧૦૩. મારા પ્રભુની જલેબી મુજને ૭૭
૧૦૪. કોઈએ શ્રી વલ્લભજી ખેલતા દીઠા રે ૭૭
૧૦૫. શેરી શેરી ધુધરડો ૭૮
૧૦૬. નંદ બાવાના ઘરને ખૂણે ૭૮

હિંડોળાના ધોળ

૧૦૭. હિંડોળે હીંચે મારો વહાલો ૭૯
૧૦૮. હિંડોળો નવરંગ્યો સજની ૭૯
૧૦૯. હાંરે વલ્લભ પ્યારો હિંડોળે ઝુલે ૭૯
૧૧૦. આજનો હિંડોળો મારે અતિ રે અમોલ ૮૦
૧૧૧. હિંડોળે માઇ ઝુલે ૮૦
૧૧૨. શ્રીજી તારો હિંડોળો ઝાકમ ઝોળ ૮૧
૧૧૩. હરે હો ફુલ હીંડોળે ૮૧
૧૧૪. ઝુલત વલ્લભલાલ હિંડોળે માઇ ૮૨
૧૧૫. ઝુલે ઝુલે મારો વલ્લભજી લાડીલો ૮૨
૧૧૬. આવો આવોને નંદજીના લાલ ૮૩
૧૧૭. બેઉ રસિયે રસિયા ઝુલે છે મનફુલે છે ૮૩

પવિત્રાંના ધોળ

૧૧૮. પહેરત ગોકુલ ભુપ પવિત્રાં ૮૪
૧૧૯. પવિત્રાં પહેરત શ્રી વલ્લભલાલ ૮૪
૧૨૦. પહેરત અર્નાગનતી પવિત્રાં ૮૪

હોરીના રસીયા

૧૨૧. શ્રી વિઠ્ઠલરાજ કુમાર ખેલે હોરીયાં ૮૫
૧૨૨. કૈસે ખેલું હોરી રે ૮૫
૧૨૩. નેક ઠાડો રહે, હો નેક ઠાડો રહે ૮૬
૧૨૪. હોરી ખેલે શ્રી ગોકુલનાથ ૮૭
૧૨૫. ખેલી ફાગ અનુરાગ ઉમંગી ૮૭
૧૨૬. શ્રી ઠાકુર ગોકુલનાથ ૮૭
૧૨૭. હોરીતો વ્રજવાસી ખેલે ૮૮
૧૨૮. હોરી ખેલે નંદલાલ ૮૮
૧૨૯. પકરોરી બ્રજનાર કન્હૈયા ૮૯
૧૩૦. ગોકુલકો ઠાકુરહો ખેલે હોરૈયાં ૮૯
૧૩૧. કાના પિચકારી મત માર ૮૯
૧૩૨. નણદિયા કુઆપે આસન જોગીકા ૯૦
૧૩૩. ખાતર કરલે નઇ ગુજરિયા ૯૦
૧૩૪. હોલી ખિલાય ૯૧
૧૩૫. હોરી ખેલ રહી વ્રજનાર ૯૧
૧૩૬. મેં તો ન જાઉં ન જાઉં સસુરાલ ૯૨
૧૩૭. બરસાને મેં આઇ જઇઓ ૯૨
૧૩૮. ફાગુન આયો રે ૯૩
૧૩૯. તેરે લાલાને ૯૩
૧૪૦. એક બાર હંસ કે બોલ ૯૪
૧૪૧. જાઉંગી સસુરાલ ૯૪
૧૪૨. અપુન બેઠે લાલ પયંક ૯૫
૧૪૩. આરતી લાવ્યાં સુદરી સહુ ૯૫

શ્રી મહાપ્રભુજીનાં ધોળ

૧૪૪. શ્રી લક્ષ્મણ સુતને હું નમું ૯૬
૧૪૫. જીરે તૈલંક તિલક ૯૮
૧૪૬. અમને શ્રી વલ્લભ વાલા ૯૯
૧૪૭. મહા પ્રભુજીનું પ્રાગટ્ય ૧૦૦
૧૪૮. મીઠી મીઠી શહનાઇઓ ૧૦૦
૧૪૯. હું તો માગું શ્રી મહાપ્રભુજી ૧૦૧
૧૫૦. આજ મહારે આનંદ ૧૦૨

## ૨૦. મારે ગુણ ગાવા શ્રી કન્હૈયાલાલ

મારે ગુણ ગાવા શ્રી કન્હૈયાલાલ સુજાતિ સાથમાં રે લોલ
વ્હાલો મારો લટકંતા પધાર્યા કે ચાલ સોહામણી રે લોલ
વ્હાલાજીએ ધોતી પહેરી સાર ઉપરણો ઓઢયો કેસરી રે લોલ
એહુની શોભા ઝાકમ ઝોલ કે હું કયાં લગી કહું રે લોલ
વ્હાલાજીને જરીદાર પટકો સોહે ઉપર ઓઢી પામરી રે લોલ
વ્હાલાજીએ ટેઢી બાંધી પાઘ કે જામો જરકસી રે લોલ
વ્હાલાજીએ તોરા મેલ્યા સાર કે બેઉ બાજુએ રે લોલ
વ્હાલાજી તો તાળી દઇ ગવરાવે કે સૌનાં મન હરે રે લોલ
વ્હાલાજી તો તીબારીમાં બિરાજે કે સૌ દર્શન કરે રે લોલ
એમના દર્શનથી સુખ થાય કે દુઃખ સહુ દૂર થયાં રે લોલ
કૃપા કરો કરુણાની દૃષ્ટી કે માની લીજીએ રે લોલ
દાસી માગે વારંવાર ચરણસેવા દીજીએ રે લોલ

## ૨૧. જીરે કારતક વદિ એકાદશી

જીરે કારતક વદિ એકાદશી રે, જીરે પ્રગટયા સ્રી કન્હૈયાલાલ
આનંદ મને અતિ ઘણો રે — આનંદ ૧
જીરે ઘોષ સકલ રે ગાજી રહ્યું રે,
જીરે વાગે છે રે નિશાન રે — આનંદ ૨
જીરે ઘેર ઘેર હરખ વધામણી રે,
જીરે ઘેર ઘેર ઓચ્છવ થાય રે — આનંદ ૩
જીરે મંગલ કલશ તે સજ કરી રે,
વૃજનારી વધાવાને જાય રે — આનંદ ૪
જીરે ગોકુલ સર્વે-ગાજી રહ્યું રે,
જીરે તરીયા તોરણ દ્વાર રે — આનંદ ૫
જીરે ખેલ કરે શ્રીકન્હૈયાલાલજી રે,
જીરે ચંદ્રાવલી માજીના લાલ રે — આનંદ ૬
જીરે એવા પ્રભુને જેણે ઓળખ્યા રે,
તેના ભાગ્ય તણો નહિ પાર રે — આનંદ ૭
જીરે મનોરથ પૂરે એ ભકત તણા રે,
બલિહારી જાય દાસ નો દાસ રે — આનંદ ૮



# શ્રી ગોકુલનાથજીનાં ધોળ

## શ્રી ગોકુલેશજીના નામ ભજનનું

શ્રી ગોકુલેશજીના નામ - ભજનનું, ચોઘડિયું કાંઇ સારૂં રે,
સારૂં સારૂં સૌ કોઇ કહે છે, તે છે મુજને પ્યારૂં રે — શ્રી ગો. ૧

મારૂં મારૂં સૌ કોઇ કહે છે, તેમાં કંઇ નથી તારૂં રે,
પુષ્ટ પુષ્ટ રસ રૂપ રસાત્મક, તે છે મુજને વ્હાલુ રે — શ્રી ગો. ૨

જ્યાર થકી તને શરણે લીધો, શ્રીમુખે નિચે કીધો રે,
લૌકિકમાં રખે લપટાઇ રહેતો, જીવ તુજને હું વારૂં રે — શ્રી ગો. ૩

આ સંસાર છે સઘળો જૂઠો તેને કહે સૌ મીઠો રે,
પતિવ્રતા ધર્મ ને ટેક અનન્યતા, તેમાં તું પણ પેઠો રે — શ્રી ગો. ૪

વૈષ્ણવ પ્રભુજીએ પહેલા કીધા, તેથી ભગવદી મોટા રે,
તેશું મળીયે ને તે શું હળીએ, માયા સંગી ખોટા રે — શ્રી ગો. ૫

કરી રાખ્યું છે પ્રભુજીએ પહેલું, તે પ્રમાણે થાય રે
સોંચ પોંચ રંચક નવ કરિયે, પ્રભુ કરે તે થાય રે — શ્રી ગો. ૬

ભગવદ્ ઇચ્છા પ્રમાણ કરીને, ભગવદ્ રસમાં પચીયે રે
રૂપ રસાલું ધ્યાન ધરીને, અન્ય સંબંધથી બચીયે રે — શ્રી ગો. ૭

સેવા આપી ચરણ કમળની, હવે બીજું શું જોઇએ રે
એહ વિચારમાં નિશદિન રહીયે, મનવાંછિત ફળ પાઇએ રે — શ્રી ગો. ૮

મોહનરત્ન ગોકુલપતિ સંગે, રત્ન એમોલિક પાઇએ રે
જગજીવન વલ્લભદાસ પ્રભુ શું ચિત્ત સદા પરોવીયે રે — શ્રી ગો. ૯

## ૨૩. શ્રી ચરણાર્વિંદ સ્વરૂપ સમાન

શ્રી ચરણાર્વિંદ સ્વરૂપ સમાન, સ્વરૂપ સમાન મેરે જીવન પ્રાણ — ૧
શ્રી ગોકુલેશ પ્રગટ પુરૂષોત્તમ, પુષ્ટ પુષ્ટ સુખ નિધાન... — શ્રી ચરણ ૨
સેવાફલએ મહા દાન દીનો, ભકત નિજજન જાણ... — શ્રી ચરણ ૩
વલ્લભદાસ પ્રભુ સર્વસ સોંપી રહે, ભગવદીયન કે ઊર આણ...શ્રી ચરણ ૪

## ૨૪. સુંદર વહાલો અતિ

સુંદર વહાલો અતિ મનોહર શ્રી ગોકુલનો નાથ
કેશરી તિલક સોહામણું જીરે અતિ છોગાલી પાઘ ૧

પુષ્પમાલા ભલી ભાવતી જીરે, કુંડલ ઝલકે કાન
મરકલડે મુખ જોવંતા, વહાલાના લોચન કમળ સમાન ૨

શ્રી ગોકુલની શેરી યે જીરે, પોધાર્યા પ્રાણેશ
રૂપ તણું હું શું કહું, શ્રી પુરૂષોત્તમ પ્રગટેસ ૩

લલિત ત્રિભંગી વાલમો જીરે, રાસ બિહારી નાથ
જુવતિ જનના જુથમાં વહાલો હસી હસી પૂછે વાત ૪

વ્રજસુંદરીનો વાલમો જીરે, અબળા તણો આધાર
દ્વિજ રૂપે પ્રકટ હવા વહાલો, નિગમ ન જાણે પાર ૫

નંદજીને ઘેર નાના હતા ત્યારે ધરિયો શ્રીગોવર્ધન
ચૌદ લોક આનંદિયા જીરે જય જયશ્રી ગોકુલચંદ ૬

નિર્ભય તિલક માલાધરી ત્યારે વરત્યો જયજય કાર
અન્ય મારગી અલગા કીધા, રાખી વેદ મરજાદ ૭

ચંચલ ચાલ સોહામણી જીરે, સુંદિરવર સુકુમાર,
પૂરવ પ્રીતે પામિયા જીરે, શ્રી વિઠ્ઠલ રાજકુમાર ૮

શ્રી વિઠ્ઠલજીનો લાડિલો જીરે, રાખ્યો સર્વસ્વધર્મ
સોરમમાં વહાલો પોધારિયાને રાખ્યો વૈષ્ણવ ધર્મ ૯

શ્રીગોકુલ રાખ્યું રેલતું જીરે, ગોપીઓને લડાવ્યા લાડ
એહવા શ્રીગોકુલનાથજીએ ફરી લીયો અવતાર ૧૦

શ્રીગોકુલ ગામ સોહામણુ જીરે ધન્ય ધન્ય શ્રી યમુનાજીનાં નીર
લટકે શું પોધારિયા બહેની શ્રી શોભાજીનો વીર ૧૧

વહાલાનું વદન નિહાળતાં માહારી પલક ન પાછી જાય
ચરણારવિંદથી ચલું નહિ ને અવરન જાયું જાય ૧૨

માધવદાસ માગે સદા માહારૂં માગ્યું આપો મહારાજ
વૈષ્ણવ જન વહાલા સદા રે આપો શ્રી ગોકુલ વાસ ૧૩



## ૨૫. ગોઠડી મીઠડી શ્રી ગોકુલાધીશની

ગોઠડી મીઠડી શ્રી ગોકુલાધીશની, શ્રવણ સુણતાં પરમ પ્રેમ જાગે
સકલ સિધાંતનું સાર છે એ કથા, સર્વથા સર્વ સંદેહ ભાજે ૧
પઢેરે પંડીત ઘણું ગાંગરી ગાંગરી, પાંગરી બુધ્ધ પછિ કરેરે ચર્ચા
કો કહે ઇશ આરાધના સાધના, કો ગજાનનકો અમર અરચા ૨
વાયક વાદાર્થે વદે ધર્મ નહીં અણુંરૂદે, શાસ્ત્ર સિધ્ધાન્ત સ્વપ્ને ન જાણે
તકને ખીર કણ વીસ્ને કમોદની, ચર્મને ચીર સરખાં વખાણે ૩
એણે કારણ મુને બીજું કાંઇ નવ ગમે, મારૂં મનરમે શ્રી ગોકુલાધીશ ચરણે
દાસ નારાયણ એરે વાતો વિના, આળ પંપાળ કેમ ધરૂં રે કરણે ૪

## ૨૬. નામ તણો છે મોટો મહીમા

નામ તણો છે મોટો મહીમા શ્રી ગોકુલનાથનો ગાજે રે
સ્મરણ કીર્તન કરો પ્રભુનાં દુખડાં સર્વે ભાજે રે ૧
સદા સર્વદા સુખીયા થાવા ગુણ પ્રભુના ગાઉં રે
દુઃખ સાગર નો ત્યાગ કરીને, શરણ પ્રભુને જાઉં રે ૨
તે માટે હું તમને કહું છું, નામ નિરંતર લેજો રે
જન્મ મરણનો ભય નિવારી પ્રભુ ચરણે ચિત્ત ધરજોરે ૩
ચાર અક્ષર છે ગુઢ ગુઢાંતર મહામંત્ર ફલકારી રે
રસિક જનનાં ભાગ્ય ફલ્યાં તે નામ રટો ચિત્ત ધારિ રે ૪

## ૨૭. અરૂણ ઉદય હવો ઉઠયા

અરૂણ ઉદય હવો ઉઠયા મહારાજજી, કાજ સરયાં રે સેવક તણાંજી ૧
ઘુંઘરટયા નયણને અમૃત વયણજી, મયણ તે કોટીક મોહી રહયાંજી ૨
નિત્ય વિવાતાને અતિ રસ માતાજી, રાતાતે સદારંગ આપણેજી ૩
સુંદર વદન તે સુખ તણું સદનજી, કદન તે દુઃસહ દુઃખ તણોજી ૪
ભકત સહુ મલી મલી ફરી ફરી નિરખેજી, હરખે તે ભાવ પુરણ ભર્યાજી ૫
દંત ધાવન કર્યા પછી દેહ કૃત કરીયજી, ફરીઅને ચરણ ક્ષાલણ કરેજી ૬
આચમન કીધું ને ચર્ણામૃત લીધુજી, દીધું તે દાન સર્વ દાસનેજી ૭
ભીતર પધારતા જોઇ જોઇ વારેજી, નિહાલે તે અંગો અંગ આપણાંજી ૮
પરદની પહેર્યા પછી ઉંપવીત કટી કસી, સજી અને બેઠા તેલ ગાદીએજી ૯
મન માંહે પાઠ કરે શ્રીકર કાંકસીપહે, કરેઅતે મર્દન કેશનેજી ૧૦

## ૨૮. અમને વહાલા રે શ્રી વલ્લભજી

અમને વહાલા રે શ્રી વલ્લભજી, કહોજી કેમ રહેવાય ।।અમનો।।
મંગલ આરતી સમે, ઉઠયા મંગલરૂપ ।।અમનો।।
અમને દરશન દે માહારે વાલમો, ઉઠી ઉઠી વારંવાર ।।અમનો।।
એકાંતે રે પધારતા, કરતા દંતધાવન ।।અમનો।।
ભીતે અટકી ઉભા રહયા, દરશન દે માહારનાથ ।।અમનો।।
બેઠકમાં રે બીરાજતાં, કરતા હાસ્ય પ્રકાશ ।।અમનો।।
જમુનાજીરે પધારતા, સાથે અનેક સમાજ ।।અમનો।।
પાલખિએ બેસી પધારતા, લીલા કરતા ફુલબાગ ।।અમનો।।
શ્રી ગોકુલેશપુર વ્હાલું ઘણું, જ્યાં છે મહેદ ભકતોનો નિવાસ ।।અમનો।।
વલ્લભઘાટે ઉભા રહયા, શ્રી જમુનાજી અનુકુલ ।।અમનો।।
ગોપાલદાસ કરે વિનંતી, રાખો શ્રી ચરણની પાસ ।।અમનો।।
દાસી વળી વળી વિનવે, આપો શ્રી ગોકુલમાં વાસ ।।અમનો।।

## ૨૯. શ્રી વલ્લભનું રૂપ નિરખું

શ્રી વલ્લભનું રૂપ નિરખું અનંગ કોટી નિવાસ
વદન પંકજ સદા પ્રફુલીત, મંદ મૃદુ કલહાસ ૧
મૃદુ મૃનાલ પ્રવાલ રંગે, સોહે અધર રસાલ
વચન અમૃત સિંધુ લહરી, પ્રાગટ અતી કરૂણાલ ૨
ગાદી મુઢે ફુલ શું બેઠા, કરે જ્યારે વાત
તેહ સમયની શોભા જોતાં, જણાય નહીં દિનરાત ૩
મહા મનોહર રૂપ દેખી, કોઇ ન ધરે ધીર
રંચ અનુભવ થાય તેહને, વિકલ હોએ શરીર ૪
નેત્ર માંહે ને ગાલ ઉપર, મધુર હાસ્ય પ્રકાશ
માહારસની રેલ ચાલે, પાન કરે નિજદાસ ૫
તે સમે નિજદાસના મનમાંહે, જે જે અતિસુખ થાય
મનનું મનમાંજ સમજે, મુખે કાંઇ ન કહેવાય ૬
જેમ ગાયને વચ્છ ધાવે, કરે અમૃત પાન
ફુલે નાચે કહી ન શકે, હરખનું નહીં માન ૭
શ્યામ કેશ અંબોડો ઝલકે, કપોલભાલ વિશેષ
કોટી કામનું મંદિર દિસે કેસરી તિલકની રેખ ૮
તહાં આપ આપણાં ભાવ પ્રમાણે કરે છે રસ પાન
સોહે સેવક મ્હાવદાસ પામે છે બહું દાન ૯



# છઠની રાતનુ ધોળ

## ૩૦. જીરે શુભ દિવસ સુહાગનો

જીરે શુભ દિવસ સુહાગનો,
એની સન્મુખ માંગલ્ય દિન,
ધન્ય ધન્ય છઠની રાત સોહામણી
જીરે આરંભ કર્યો પ્રાતઃકાલથી,
થયો નિશા લગી જે સંપન્ન. ધન્ય ।।૧।।

જીરે સાત માંગલ્ય માંહે તે જે આવ્યું,
કહેવાયું ઉત્સાહતણે પૂર,
જીરે છે તે સોહાગી તે ઘરતાણાં,
સાતમું મહા મંદિર તણું સુર. ધન્ય ।।૨।।

જીરે તીસ માંગલ્ય જે પહેલાં કહ્યાં,
ઉત્સાહ આગમ તે ઘેર ઘેર
જીરે સઉ મળી સેંતીસ થયાં,
મહા શ્રી ઉત્સવ તણી જે પેર. ધન્ય ।।૩।।

જીરે હવે રજની આગમ સમે,
આ માંગલ્યમાં કહીશ
જીરે ભાગ્યરાસ ઘેર જે ઉત્સાહ,
વળી મહા મંદિર તણાં તે લહીશ. ધન્ય ।।૪।।

જીરે તે કહીએ મન મોદસું,
અતિ ઉત્સાહ માંગલ્ય હોય જીરે સર્વત્ર કુલ,
સહિત તેહ કરે આનંદ ભર સહુ કોય.ધન્ય ।।૫।।

જીરે સાયંકલ ને શુભ સમય,
કર્યા માંગલ્ય બહુ પ્રકાર,
જીરે સરવરી રસ આગમ હોય,
ઉત્સાહ માંગલ્ય વિસ્તાર. ધન્ય ।।૬।।

જીરે પ્રથમ માંગલ્ય તે કુમકુમ છડા,
દઇ પૂર્યા ચોક રસાલ,
જીરે દ્વાર આંગણ ઘરમાં સઘળે,
મનોરથ ભરે અતિ રસ બાલ. ધન્ય ॥૭॥

જીરે માંગલ્ય થાળ મંગળ કરી,
ધરી માંગલ્ય દ્રવ્ય મહાં સહુ,
જીરે અગર અંબર ઉખેવ્યા વલી
બીજા માંગલ્ય અનેક જે બહુ. ધન્ય ॥૮॥

જીરે શ્રમિત ઘણું સાથ સર્વકો
પણ બ્હાજય ન શ્રમ લગાર,
જીરે કંઇએ દિવસ થયા એણી પેરે,
અહર્નીશ જાગી એહ પ્રકાર. ધન્ય ॥૯॥

જીરે કાજ આપ આપણે વળી થયાં,
કોઇ કાંઇ કોઇ કાંઇ મનરંગ
જીરે અનિર્વચનીય ભાવે ભર્યા,
તે મનોરથ તણે સંગ, ધન્ય ॥૧૦॥

જીરે વળી કહીએ છીએ એણે સમે,
આવી માલણ માંગલ્યરૂપ,
જીરે લાવી તોરણ ગુંથી અનેક તે.
નૌતન પલ્લવ મુદુલ અનુપ. ધન્ય ॥૧૧॥

જીરે વલી કદળીથંભ બહુ સંગે,
ઘણું મનોહર સુંદર તેહ
જીરે એણીપેરે ભાગ્ય સોહાસણી,
લાવી માંગલ્યાર્થ શુભ એહ. ધન્ય ॥૧૨॥

જીરે એહનો આદર કે અતી ઘણું,
કીધાં બહુ સહુએ સનમાન,
જીરે પહેરાવી સાડીઓ ચોળીઓ,
વળી દીધું માંગલ્ય જે દાન. ધન્ય ॥૧૩॥



જીરે માંગલ્ય તિલક કુમકુમ કર્યા,
વળી કંકુએ પીલ્યા પગ,
જીરે ન્યોછાવર માંગલ્ય તણી,
તે આપી ભકતે ભરી અનુરાગ. ધન્ય ॥૧૪॥

જીરે માંગલ્ય સુચક એ પહેલાં કહ્યાં,
શુભ અર્થે આપ્યું તેહ,
જીરે પછે સહુને મનોરથ ઇચ્છતા,
આપી પુરણ કરશે તેહ. ધન્ય ॥૧૫॥

જીરે આજ્ઞા કરી એવું કહીઅને,
બાંધ્યાં તોરણ સહુ ઘેરઘેર,
જીરે પ્રથમ તે મંદિર તે જઇયને,
વળતાં સર્વત્ર બહુ પેરે. ધન્ય ॥૧૬॥

જીરે રંભાસ્તંભ પણ એણી પેરે,
રોપ્યા દ્વારદ્વાર જહાંતહાં,
જીરે ચાલી માલણ પછે મલપતી,
સોહાસણી મંદિરમાંહાં. ધન્ય ॥૧૭॥

જીરે પ્રથમ શ્રીમંદિર પ્રભુ તણે,
જઇ બાંધિયાં બંદનવાર,
જીરે રોપ્યારંભાસ્તંભ વળી ત્યાંહાં,
તે લળી રહ્યા છે દ્વાર. ધન્ય ॥૧૮॥

જીરે મંગલ શુભ પ્રભુ બેઠકે,
તે સોહાવ્યો મંગલ કરીય,
જીરે નાથજી તણા મંદિર ત્યાંહે,
વળી વહુજીના મંદિર જેહ. ધન્ય ॥૧૯॥

જીરે રસોઇ મંદિર ભંડાર જહાં,
બાંધ્યા એણી પેરે સ્થળ સોહે,
જીરે સોભાગ્ય જે પ્રગટ સોભાગ્ય જે તે,
ઝળહળતી મન માંહ. ધન્ય ॥૨૦॥

જીરે વળતા ન્યોછાવર ભીતરથી,
આપી વહુ બેટીએ સહુય,
જીરે સાડી ચોળીઓ ભાંતભાતની,
વળી પ્રસાદ ખોળા ભરી બહુય. ધન્ય ॥૨૧॥

જીરે અહીંતી સંતુષ્ટ થઇ ચાલીયાં
તેહે વિહવલ થઇ ગતિ ભૂલી,
જીરે મંગલ શુભગ શોભા ભરી,
હવેલી માંહે ઘેર ઘેર. ધન્ય ॥૨૨॥

જીરે જ્યાં જાય તહાં સૌ કોઇ એહને,
કરે આદર અતિ બહુ પેર,
જીરે તિલક કરી પગ પીરીને
સાડી ચોળી આપે ઘેર ઘેર. ધન્ય ॥૨૩॥

જીરે ન્યોછાવર મંગલ તણી,
દ્રવ્ય વસ્ત્ર અને અલંકાર,
જીરે આપે સહુ આનંદ ભર્યા,
તે અગણિત અપંરપાર. ધન્ય ॥૨૪॥

જીરે એણીપેરે ભવન ભવનં પ્રતિ,
હવેલી ખરીક ઠામ ઠામ
જીરે બાંધતી ફરે તોરણ માળા,
અને કદળીના સ્થંભ અભિરામ. ધન્ય ॥૨૫॥

જીરે શ્રીગોકુલ સંપૂરણ ઘેર ઘેર,
દ્વારે દ્વારે એમ સોહે,
જીરે અભિનવું મહા કૌતુહલ,
થઇ રહ્યું અને સહુ જોઇ મોહે. ધન્ય ॥૨૬॥

જીરે નીસરી સંધ્યા સમયની,
મંગલ સોહાગ રસ ભરી,
જીરે રાત્ર સંપુરણ એહની,
વીતી બાંધતાં સહુ ઘેર ઘેર. ધન્ય ॥૨૭॥



જીરે એ પ્રકાર એણી પેર શું,
કહ્યો માંગલ્ય પરમં રસાલ
જીરે હવે કહીએ વળી જે હોય,
આરંભીને સાયંકાળ. ધન્ય ॥૨૮॥

જીરે દીપક પ્રગટ કરીયા સઘળે,
એહની શોભા તે ઝાકમઝોલ,
જીરે ભીતર બાહિર માંડવે,
દીસે ચિત્રવિચિત્ર કલોલ. ધન્ય ॥૨૯॥

જીરે ઝુકમ દીવા તે ઝળહળે,
લટકંતા તે અંદભુત ભાંત,
જીરે ચોકે મુડેરી છજે ભરી,
દીપ રત્ન માલની પાત. ધન્ય ॥૩૦॥

જીરે ગોખ ગવાખે એણી પેર,
ત્યાં સર્વત્ર દીપ ધરાય,
જીરે દ્વારેદ્વારે ટોટે ટોડે શોભીએ,
એહવી રચના તે દીપની થાય. ધન્ય ॥૩૧॥

જીરેં ફાનસો માંડવે લટકતાં
અને તુંબિયો જાળીની ચિત્ર
જીરે તેમાંહી દીવા પ્રગટ કર્યા,
મીણબત્તીના પરમ વિચિત્ર. ધન્ય ॥૩૨॥

જીરે ચલક ઝલકે અદભુત સોહે,
રહે ફરતી ઓચકાકાર,
જીરે જ્યોતી તે ચાક્ષચક્ષ તેહની,
ચકચોંપી લાગી તેણી વાર. ધન્ય ॥૩૩॥

જીરે મંડપની રચના તણી,
શોભા દિસે પરમ સુરંગ,
જીરે દીપમાલની જ્યોત શું,
ઉઠે અધિક રસના તરંગ. ધન્ય ॥૩૪॥

જીરે બાંધે છે જરતારી વસ્ત્ર જે,
બીજાં વસ્ત્ર સુરંગ રસાળ,
જીરે ઝાલરો તે તણી ઝળહળે,
ફરફરે અતિ ઝાકઝમાળ. ધન્ય ॥૩૫॥

જીરે મધ્ય મધ્ય ઝુમક લટકતાં,
હેમ પાંટની મુક્તા જેહ,
જીરે થાળી કટોરા ચમર લટકે,
લાગે અદભુત શોભા તેહ. ધન્ય ॥૩૬॥

જીરે જ્યોતિ તે જગમગ જ્યોતિ શું,
તેણે ઉઠે તરંગના હીલોર,
જીરે શોભા સૌભાગ્ય ગ્રહગ્રહી,
દિસે ચલકઝલક ચહુંઓર. ધન્ય ॥૩૭॥

જીરે મહાશ્રીઓચ્છવ માંગલ્યતણો
છે સમય તે ઝેલાઝેલ
જીરે એ માંડવે માંગલ્ય પ્રભુ,
પાઉંધારી કર્યા રંગ રેલ. ધન્ય ॥૩૮॥

જીરે માંડવો માંગલ્ય કરી અને,
થાપ્યો અચલ સુહાગ અનુપ,
જીરે નિજ પ્રાગટ્ય અર્થે સદા,
ઉત્સવ એ પરમાનંદરૂપ. ધન્ય ॥૩૯॥

જીરે ભગવદીય આવે સુભાગિયાં,
માંડવો જોઇ જોઇ ફુલ ન માય,
જીરે એવો માંડપ સુભાગિયો,
તે કયાં લગી લેખુન લખાય. ધન્ય ॥૪૦॥

જીરે ભાગ્યરાસ સહુકો સંગે,
પરવરિયાં મંડપે રાજે,
જીરે સ્વજન સુજાતિ સમાજ શું,
એવો મંડપ નીતનીત છાજે. ધન્ય ॥૪૧॥



જીરે ગાન કરે રસ ભકત ત્યાં,
ગ્રહગ્રહી રહ્યો છે તેહને,
જીરે કરીય શણગાર વિચિત્ર તે
સૌભાગ્યમદ ભરિયા છે જેહને. ધન્ય ॥૪૨॥

જીરે એક આવે એક જાય છે,
એકશું તે કરી રહ્યા વાત,
જીરે એક હસે એક ગાય છે,
એવો આનંદ ઉર ન સમાય. ધન્ય ॥૪૩॥

જીરે વળી ભગવદી ઘેર ઘેર થકી,
કોઇ કાંઇ કોઇ કાંઇ લઇ આવે,
જીરે ધોતિ ઉપરણા પામરી જેહ,
તે મહાભાગ્યરાસને પહરાવે. ધન્ય ॥૪૪॥

જીરે વાગા કભાય અને ભૂષણ ઘણાં,
તે લાવી પહેરાવે છે સહુય,
જીરે સાડી ચોળી લહેંગા પણ તેહ
પહેરાવે સ્ત્રીજન ને બહુય. ધન્ય ॥૪૫॥

જીરે અહીં થકી ફરીયે પહેરાવે છે,
આપાપને મલતે તેહને,
જીરે કોઇ ગોપ્ય કોઇ પ્રકટ તે,
છે સમાનશીલ ભાવ જેહને. ધન્ય ॥૪૬॥

જીરે પહેરે પહેરાવે પરસ્પરે,
કરે તિલક બીજાં ધરી હાથ,
જીરે અદભુત સમય તે થઇ રહ્યો,
અતિ અનિર્વચનીય અકાથ. ધન્ય ॥૪૭॥

જીરે એણે સમય અહીં આવીયાં,
પ્રાણપતિ... લક્ષ્મી વહુય,
જીરે ગોપદેવી ને રોહીણી બેટી,
ઘેર પાક નિપાયે છે સહુઅ. ધન્ય ॥૪૮॥

જીરે તે માટે એ બહુ આવીયાં,
અતિ ફુલ્યાં અંગ ન માય,
જીરે મળી બેઠાં સર્વ સમાજમાં,
જહાં રસભકત સહુ મલી ગાય. ધન્ય ॥૪૯॥

જીરે ઘરવટ નિપટ જણાવીને,
આવ્યાં માંગલ્ય તણીલહી પેર,
જીરે મહાપ્રભુને ગવરાવે છે,
લડાવી લડાવી રસભેર. ધન્ય ॥૫૦॥

જીરે સહુકો સ્ત્રીજન તેમ બેઠાં,
અતી દીનત્વ સહિત એ સોહાગે,
જીરે મહાપ્રાગટય માંગલ્ય તણો,
સહુ કોઇ એકે અનુરાગે. ધન્ય ॥૫૧॥

જીરે પછી તેહોને તિલક કર્યા,
તે લિલાટ કંકુ રંગરોલ
જીરે પગ પીલી વલતાં ફુલેલ તે,
ભર્યા મસ્તકે ઝાકમઝોલ. ધન્ય ॥૫૨॥

જીરે સાડીઓ વળતી પહેરાવીતે,
લેવરાવ્યા મેવા પકવાન
જીરે હસી હસી લે અતિ પ્રેમશું,
કરે વિનોદ હાસ્યરસપાન. ધન્ય ॥૫૩॥

જીરે એણી પેરે હોય એ સમે,
મહા ઉત્સાહ આનંદ રસ રંગ,
જીરે મહામાંગલ્ય શ્રી ઉત્સવે હોએ,
સદા સર્વદા એહ પ્રકાર. ધન્ય ॥૫૪॥

જીરે અહીંથી પોહોંચી વળતાં સઘળે,
હવેલીમાં ઘેર ઘેર જાય,
જીરે ત્યાં પણ હોય છે એણી પેરે,
તે પરસ્પર ફુલ ન માય. ધન્ય ॥૫૫॥



જીરે શોભા શુભગ હવેલીએ
દીસે ઝળહળ ચીત્ર વિચિત્ર,
જીરે મહારસ આનંદ ઉઝલી,
વહી ચાલ્યાં પુર વિચિત્ર. ધન્ય ॥૫૬॥

જીરે ઘેરઘેરથી આવી ભકત જે,
જઇ મંદિર નીરખવા નેહ
જીરે સૌભાગ મદ ઉન્મત્ત થકા,
રસ ભર આનંદ ઉર માંહ. ધન્ય ॥૫૭॥

જીરે પેંડે ને સર્વત્ર ગલીઓમાં મારગ નહીં તલભાર,
જીરે ચાલવા પેંડો ન પામીયે,
એમ સંભ્રમ અલેખે અપાર. ધન્ય ॥૫૮॥

જીરે એવામાં કયેમે કયેમ કરી,
જઇ પહોંચિયાં મંદિર માંહ્ય,
જીરે અહીં પણ સૃષ્ટિ અપમિત,
ઠોર નહિ તલ પડવા ત્યાંય. ધન્ય ॥૫૯॥

જીરે એવા સંભ્રમમાં જઇને રહ્યા ઊભા તે પિયસન્મુખ,
જીરે મહા નાયક સુંદવર,
આપ્યાં અનિર્વચનીય સંધ સુખ. ધન્ય ॥૬૦॥

ધન્ય ધન્ય દેવાભાઇજી, ધન્ય તમારો ટેક,
ધન્ય તમારા ધર્મને, ધન્ય પતિ વ્રજ એક

શ્રી ગોકુલેશ કો હોય કે, ઓર નમાવે માથ,
ધિક્કાર વાકો જન્મકો ધિકધિક વાકો સાથ

સજ્જન એસા કીજીયે, જેસા રેશમ રંગ,
ફાટફૂટ ટુકડા ભયે, તોયે છાંડે રંગ

## ૩૧. સજની સાંભળોને વાતરે

સજની સાંભળોને વાત રે, હેયલડે હરખ ન માય રે (૧)
કુંવર શ્રી વિઠ્ઠલજીનો વાહલો આવે રે, એહોને વેદ નિરંતર ગાયે રે (૨)
એ પ્રભુ આપણને એ જાણે રે, મન માંહે મોટાઇ નવ આણે રે (૩)
પોધાર્યા પોતાનાં વાહાલો જાણી રે. આરત વ્રજની હેરાણી રે (૪)
જુઓ જુઓ જુઓ રે શ્રીગોકુલ કેરો નાથ રે, વલી વલી આપણો સહુ સાથ રે (૫)
પ્રગટ થઇ થઇ એમ દેખાડે રે, રમત નિત્ય નવિ વાહલે માંડે રે (૬)
વ્રજનું તે જીવન મહારો વાહાલો રે, મીટ તે ભરીય ભરીય નિહાલો રે (૭)
અધરની ઉપમા તે શીદીજે રે, જીરે હવે મન ગમતાં શાં કીજે રે (૮)
સેજ્યા એ બેઠા લે વાહાલો પાન રે. આપે વાહાલો વિધ વિધના બહુ દાન રે (૯)
વેણ વછૂટીને લર લલકે રે, કાંને તે કુંડળ અતિ ઝલકે રે (૧૦)
આપણું શું સાધન નહિ કાંઇ રે, આ સુખ કહયાં તે નવ જાય રે (૧૧)
આપણું જીવન એહ વિશ્રામ રે, બલિ જાઉં નિત્ય નિત્ય કીજે આમ રે (૧૨)
જેહ છે પોતાનો પરિવાર રે, તેહોના તમો છો આધાર રે (૧૩)
તમને શ્રી પાર્વતિ પતિ કહીએ રે, તો અહમો શ્રી ગોકુલમાં રહીએ રે (૧૪)
તમો સ્હયાનું જો વાહાલા સાચું રે, તો અમો બીજે સુખ નવ રાચુ રે (૧૫)
ચરણોથી ચિત્ત અલગું નવ થાય રે, દિવસ નિશા એણી પેરે જાય રે (૧૬)
વાહાલાજી બડી રે અવાર ભઇ પોઢો રે, પ્રીતે પછેવડી વાહાલા ઓઢો રે (૧૭)
બીજી તે સામગ્રી ત્યાં બહુએ રે, તેહનો કહેતાં પાર ન લહુએ રે (૧૮)
ભક્તની પોહોંચાડી વાહાલે આશ રે, બલિહારી જાયે માધવદાસ રે (૧૯)

વલ્લભ વલ્લભ કે નામકો જહાં નહીં લવલેશ,
પાની તહાં ન પીજીએ, પરહરીયે સોદેશ
શ્રી વલ્લભ કે રૂપ પર, વારૂં કોટિક માર,
જીન વલ્લભ ગાયો નહિ, વાકે શીરપર જાય
ભાવ મારગી ભક્ત કો, મિટયો ન મન વ્યભિચાર,
તાકોજીવન જાનિયો, જેસો ધમણ લુહાર



# વધાઇ

## ૩૨. ઓચ્છવ આવ્યો હમારે ✓

હમારે અલોકીક ઓચ્છવ આવ્યો હમારે
પ્રાગટ અલૌકીક વલ્લભલાલ કે. દશો દિશ મંગલ છાયો... મારે (૧)
બંરસ દિનાલો મંગલ ઇચ્છીત, સો મંગલ દિન આયો
વલ્લભલાલ જનમ દિન રાજે, ઘર ઘર હોત વધાયો... હમારે (૨)

## ૩૩. ઓચ્છવ રાજત ભુપ ✓

માહાશ્રી ઓચ્છવ રાજત ભુપ....
અંધકાર સબ દુર કીયો હે, આજ ગોકુલ કે સ્વરૂપ... માહાશ્રી (૧)
જગકી દિશા સબનકી ફેરી, આનંદ બાઢયો અનુપ
વલ્લભદાસ પ્રભુ દાન દીયે હે, એક ચીત્ત ભયે સ્વરૂપ... માહાશ્રી (૨)

## ૩૪. પ્રગટયો સબકો વલ્લભમાઇ ✓

પ્રગટયો સબકો વલ્લભમાઇ
આનંદ હુતે આનંદ ઓચ્છવ, ઘર ઘર હોત વધાઇ ... પ્રગટયો (૧)
નરનારી મીલી નાચત ગાવત ફુલી ફુલી અંગત સમાઇ
વૃંદાવન કો ચંદ પ્રગટ ભયો શ્રી ગોકુલ મની રાઇ... પ્રગટયો (૨)

## ૩૫. અલૌકિક કહયો ન જાઇ ✓

મહા શ્રી ઉત્સવ અલોકિક કહયો ન જાઇ,
ભક્તન કે ઉર સદા બસત પ્રભુ, પ્રગટ ભયે સુખદાઇ (૧)
શ્રી ગોકુલેશ પ્રાગટય સર્વોપર, લિલા રસિક સુહાઇ
ભકત રસિક રસમય પ્રભુ પ્રગટે, વલ્લભદાસ બલી જાઇ (૨)

## ૩૬. અલૌકિક આજ હમ દેખ્યો

પ્રાગટ અલોકિક આજ હમ દેખ્યો
શ્રી વિઠ્ઠલનાથ ઘેર હોત બધાઇ, ઠોર ઠોર અવિરેખ્યો (૧)
બાજે બજાવત નાચત ગાવત, નેનન મહારસ પેખ્યો
વલ્લભદાસ પ્રભુ જનમ દિવસ હે જીવન સફલ કરિ લેખ્યો (૨)

## ૩૭. મંગલ મંગલ એક છત્ર રાજે

મંગલ મંગલ એક છત્ર રાજે
ઘર ઘર મંગલ દશો દિશે મંગલ મંગલ જહાંતહાં છાજે (૧)

મંગલ ભાવ ભક્ત સબ મંગલ, મંગલ સહિત સમાજે
વલ્લભદાસ પ્રભુ મંગલ પ્રગટયો, મંગલ ગોકુલ રાજે (૨)

## ૩૮. આજ કછુ મંગલ હે ગોકુલ નગર મેં

આજ કછુ મંગલ હે ગોકુલ નગર મેં
ફુલી ફુલી ડોલે ધન આનંદ અપને મન
બાંદત બંદન માલ બગર બગર મેં... આજ (૧)

કુમકુમ કટોરા ભરે દોઉ કર રંગ ભરે
ચીત્ર વિચીત્ર કરે ડગર ડગર મેં.... આજ (૨)

યહી દીન દેખ્યો આજ જન્મ દીન વલ્લભલાલ
બાજત બજેયાં સુની જગત જગત મેં.... આજ (૩)

## ૩૯. ભર ડોલત વૃજબાલ

આનંદ ભર ડોલત વૃજબાલ
કુંમકુંમ તિલક કટોરાની મંગલ, દેત અબનકે ભાલ... આનંદ (૧)

હસત પરસ્પર પ્રેમ મુદીત મન, પુરીત પ્રેમ રસાલ
ફુલન સો નીરખત શ્રી વલ્લભવર, રસીક રસીલીબાલ... આનંદ (૨)

## ૪૦.વિનતિ લીજે માની હમારી

વિનતિ લીજે માની હમારી પ્રભુ...
વલ્લભવર ચતુર સુજાની હમારી....
હમ અપરાધ કીયોં જુ સોહાગમદ ક્ષમા કરો ઉર આની ।।હમારી।।

અપની ઓર વિચારો મહાપ્રભુ બાંય ગ્રહેકી કાની
વલ્લભદાસ પ્રભુ દીજે કૃપાકર લીજે રસ માંહા સાની ।।હમારી।।



## ૪૧. મહોત્સવ ફૂલન ફુલે

મહોત્સવ ફૂલન ફુલે આયો ।
મનોરથ ઇચ્છિત આજુ હમારે લાલ રૂકિમની જાયો ।।૧।।

નવ નવ રંગ સિંગાર સુહાગિન સુહાગિન અંગ સુહાયો ।
આનંદ મંગલ નિર્તત ડોલત મોદ હી મોદ બઢાયો ।।૨।।

કંચનથાર કલશ કેસર ભરી, મંગલ સાજ બનાયો ।
ઘર ઘર તેં નિકસી ઉમડે રસ ગાવત રંગ બધાયો ।।૩।।

આઇ સબ સુંદરી મંદિર, આંગન ઉત્સાહ છાયો ।
કરત કલ્લોલ અલોલ પરસ્પર, હરખત હૃદયે સમાયો ।।૪।।

દેત અશિષ પરમ પ્રમુદિત, મન યહ સુખ સુબસ બસાયો ।
પૂરન કામ નિરખિ સચુ, પાવત વલ્લભ મનકો ભાયો ।।૫।।

## ૪૨. પ્રાગટય અતુલ પ્રગટ

પ્રાગટય અતુલ પ્રગટ ભયો સુનિકે જહાં તહાંતે સુંદરી ઉઠ ધાઇ
બધાઇ બધાઇ બધાઇ કહત હે મોદ ભરી મંદિરમેં આઇ ।।૧।।

ધન્ય રૂકિમણી તેરી કૂંખ સુહાગિની ભાગ્યન યહ નિધિ ભૂતલ આઇ।
અષ્ટસિદ્ધી નવનિધિ અલૌકીક યા દેખત હમ પાઇ બધાઇ ।।૨।।

મગનભઇ નિજ અંગ ન સંમારતિ વારત તનમન પ્રાણ સમેતી
અનેક મનોરથ કીયે ભાવતે ન્યોછાવર કર સંપતિ દેતી ।।૩।।

ચિરંજીયો જુગજુગ યહ બાલક યા ઘરકી સુખ સંપત્તિ બાઢી
દર્શન દાનકી ભિક્ષા માગત દાસગોપાલ દ્વાર રહ્યો ઠાડો ।।૪।।

## ૪૩. હમારો માઇ ઠાકુર શ્રી ગોકુલનાથ

હમારો માઇ ઠાકુર શ્રી ગોકુલનાથ,
ઐસો ઠાકુર ઓરન દૂજો જાહીં નમાવું માથ... હમારો

અષ્ટ સિદ્ધિ નવનિધિ કલ્પતરૂ જાપે ઓટું હાથ,
વૃંદાવનકો ચંદ શ્રીવલ્લભ સબ સુખ જાકે હાથ હમારો

# મહા ઓચ્છવનાં ધોળ

## ૪૪. ભલે જનમ્યાજી શ્રી ગોકુલનાથ

ભલે જનમ્યાજી શ્રી ગોકુલનાથ જીરે
જોવા આવ્યો આવ્યો વ્રજવાસીનો સાથ જીરે (૧)

સેવક જન સર્વે ઉભા છે દ્વાર જીરે
દર્શન દીજેજી હમારા આધાર જીરે (૨)

મલી માનુની મંગલ ગાયે જીરે
ત્યાં તો ઘેર ઘેર ઉત્સવ થાય જીરે (૩)

વાજિંત્ર તે બહુ વિધના વાજે જીરે
શ્રી ગોકુલ સઘલેરું ગાજે જીરે (૪)

એવું શ્રીવિઠ્ઠલજીયને દ્વાર છાજે જીરે
પ્રગટયા સેવકજનને કાજે જીરે (૫)

મલી માગધ માંગણ આંગણે આવે જીરે
અતિ આનંદે વ્રજજનને પહેરાવે જીરે (૬)

દે આશિષ દ્વિજકુલમાં પ્રગયો દીવોજીરે,
સદા શ્રી વિઠ્ઠલજીનો કુંવર ચિંરજીયો જીરે (૭)

વહાલે મારે શ્રીગોકુલમાં કીધો છે વાસ જીરે
જનમ્યા સુદી સાતમ માગસર માસ જીરે (૮)

સેવક જનની પોહોંચાડી વાહલે મારે આસ જીરે
બલિહારી જાયે માધવદાસ જીરે (૯)

નાથ તમારો હું સદા, કૃપા કરો યા રીષ,
લાડ લડાવો કે વસો, હું પ્રસન્ન ધરી શીશ
યહ મેરી અભિલાષ હે, પુરો રૂક્ષ્મણીલાલ,
છબિ પર કોટિક વારણે, તન મન પ્રાણ આધાર



## ૪૫. માગસર માસ અતિ

માગસર માસ અતિ અનુપરે આજે સોહેલો
તેનું અભિનવું રૂપ રે આજે સોહેલો (૧)
તેમાં જનમ્યા શ્રી ગોકુલભુપરે આજે સોહેલો
તેહનું વચન ન આવે રૂપ રે આજે સોહેલો (૨)
ધન્ય ધન્ય સપ્તમી સુભ સાર રે આજે સેહેલો
પ્રગટયા ભક્તના આધાર રે આજે સોહેલો (૩)
તે ધન્ય કૃષ્ણદાસી ભક્ત રે આજે સોહેલો
જે છે વાહાલાસું અનુરકત રે આજે સોહેલો (૪)
ઉદર પર ફેર્યો હાથ રે આજે સોહેલો
આયો મેરો શ્રી ગોકુલનાથ રે આજે સોહેલો (૫)
ત્યારે રૂક્ષ્માણીજી એમ બોલ્યાં રે આજે સોહેલો
ગુંજ અંતરપટ ખોલ્યાં રે આજે સોહેલો (૬)
તેં ભલે ગોકુલનાથ પાયા રે આજે સોહેલો
મેરે જીયામેં જીવ આયો રે આજે સોહેલો (૭)
પ્રગટયો આનંદનો ઉદ્યોતરે આજે સોહેલો
તેની અભિનવી જ્યોત રે આજે સોહેલો (૮)
શ્રી શોભાજીએ આરતી કીધી રે આજે સોહેલો
અચલ સોહાસણી આશિષ દીધી રે આજે સોહેલો (૯)
ગાન નૃત્ય બહુ પેર રે આજે સોહેલો
હોયે શ્રી વિઠ્ઠલજીને ઘેર રે આજે સોહેલો (૧૦)
વાજિંત્ર વાજે અભિનવી ભાંત રે આજે સોહેલો
પૂર્યા ચોક સાથીયા ખાતે રે આજે સોહેલો (૧૧)
ધન્ય ધન્ય સપ્તમી માહ ભાગ્ય રે આજે સોહેલો
પ્રગટયો ભકતનો સોહાગી રે આજે સોહેલો (૧૨)
ધન્ય ધન્ય શ્રી રૂક્ષ્મણીજી માતરે આજે સોહેલો
જનમ્યા જગત વિખ્યાત રે આજે સોહેલો (૧૩)
પ્રયાગ નગર અતિ રસ ભરીયું રે આજે સોહેલો
પ્રાગટય અભિનવું કરીયું રે આજે સોહેલો (૧૪)
ભકતના ભાવ શું કહું રે આજે સોહેલો
તેહનો કહેતાં પાર ન લહિયે રે આજે સોહેલો (૧૫)

## ૪૬. માગસીર સુદી સાતમ

માગસીર સુદી સાતમ દિન, ધન્ય પ્રાગટય એ
ભૂમિ ભાગ્ય ધન્ય એહ, જનમ શ્રી વલ્લભ એ (૧)

પ્રાગ મધ્યે પોધારીઆ, પુરૂપોત્તમ એ
ભૂતલ ધરીઓ દેહ, જનમ શ્રી વલ્લભ એ (૨)

શ્રીમુખ વ્રજજન લોચન દુઃખ મોચન એ
જુવતીનું જીવન એહ જનમ શ્રી વલ્લભ એ (૩)

શ્રીમદ્ વિઠ્ઠલ વલ્લભએ જન વલ્લભ એ
જુગ વલ્લભ છે એહ જનમ શ્રી વલ્લભ એ (૪)

વરણીના શકું એક વાયક, સુખદાયક એ
એવો લાયક નહિ કોઇ તેહ, જનમ શ્રી વલ્લભ એ (૫)

નવ નાગર રૂપ આગર, ગુણ સાગર એ
કારણ કોટિક એહ, જનમ શ્રી વલ્લભ એ (૬)

મધુર વાચક રસદાયક, વ્રજનાયક એ
શોભા સિંધુ એહ જનમ શ્રી વલ્લભ એ (૭)

મોદ ભર્યા માયે નહિ, મેહેલી મર્યાદ એ
જુથ મલ્યાં બહુ તેહ, જનમ શ્રી વલ્લભ એ (૮)

ગગન ગુલાલે જે છાઇયો કેસર રંગ એ
આનંદ સાગર એહ જનમ શ્રી વલ્લભ એ (૯)

નૃત્ય કરે વ્રજસુંદરી, રસ ભરીયાં રે
સુધ ન સંભારે દેહ, જનમ શ્રી વલ્લભ એ (૧૦)

મોહન મોદ માયે નહિ, ગોકુલસુખ એ
આભૂપણ અંબર એહ, જનમ શ્રી વલ્લભ એ (૧૧)



## ૪૭. ગોકુલગામ અતિ શોભિતાં

ગોકુલગામ અતિ શોભિતાં, શોભિતાં મંદિર માલીયાં
ચોક ચિત્રામણ શોભિતાં, શોભિતાં જડીત્રને જાલીયાં
મણિમય ખંભ અતિ શોભિતાં, શોભિતાં હિંડોળા ખાટજી
પાટીએ પચરંગ શોભિતાં, શોભિતાં ઘુઘરીના ઘાટજી
ત્યાંરે બિરાજે વલ્લભ રાજીઓ, ભલીમલી વૈષ્ણવની જોડજી
પ્રીતે પુરૂષોત્તમ પ્રગટીઆ, પુરવા ભકતના કોડજી
કનકની થાલ રે કરધરી, ભરી મુકતાફલ જોડજી
વ્રજત્રિયા વેગે વધાવાને, આવે છે મોડલા મોડજી
પહેલાં રે જઇ પહોંચ્યા પદ્મની, જઇ જોયા પુરણબ્રહ્મજી
આપણી ઇચ્છાએ વાહાલો પ્રગટીઆ, કીધો છે અતિ ઘણો શ્રમજી
વલ્લભ ચરણે રે જે રહ્યાં, એહોની પહોંચી છે આશજી
માધવદાસની વિનતી, રાખજો દ્રઢ વિશ્વાસજી

## ૪૮. સખી આજે આનંદ

સખી આજે આનંદ મને અતિ રે ઘણો સખી સાંભળોને વાત રે
શ્રી ગોકુલનાથજી તે અમો ઘેર આવિયા રે (૧)
સખી આવો મલોને સોહામણી, મલી મલી અને મંગલ દીજે રે
કાંઇ ભામરડાં સાં લીજે રે, શ્રી ગોકુલનાથજીનાં (૨)
સખી ધન્ય ધન્ય જનમ અમ્હારડો, શ્રી વલ્લભજીવર પામ્યાં રે
કાંઇ સંસારનાં સુખ વાગ્યાં રે સ્રી ગોકુલ સાસરીયું (૩)
સખી ઝરમર વરસે મેહુલો, મારૂં ચાદર ભીંજે રે
કાંઇ આભ્યંતર સાં રીઝે રે, વાહાલાજી સું મરકલડે (૪)
સખી મરકલડે મુખ જોવંતા, મારૂં ચિત્ત હરીને લીધું રે
કાંઇ આ શું રૂડું કીધું રે, શ્રી ગોકુલનાથજીએ (૫)
સખી મલીયાં છે તેવડ તેવડી, મલી વ્રજસુંદરીજીની ટોળી રે
કાંઇ ભ્રમરશાં ભોલી રે, વાહાલાજીસું રંગરમતા (૬)
સખી રંગ વિહાણી રૂડી રાતલડી, રજની જાતાં એ નવ જાણી રે
મલ્યો માધવદાસનો સ્વામી રે. પુરણ પ્રીતે પામીઆં (૭)

## ૪૯. આવો રે ગોરી આવો

આવો રે ગોરી આવો સાંમલી, કહું રળિયામણી વાતજી
આવે રે ગોકુલકેરો રાજીઓ ઉલટ અંગે ન માયજી (૧)

કહો સખી પેર સું કીજીયે, દીજીયે શીખામણ સારજી
કળશ સમારો રે પેરસું, હવે નવ કીજીએ વારજી (૨)

વિવેક પેરેરે વધાવાને, શણગારો સઘલેડો સાથજી
શ્રી વિઠ્ઠલજીનો કુંવર કોડામણો, અતિ રે સોહામણો નાથજી (૩)

વીરો આવે રે શોભાજી તણો, વિઠ્ઠલરાયજીનો તાતજી
આપણને અનુગ્રહ કર્યો, મહામુની નવ જાણે એ વાતજી (૪)

પુષ્પ અણાવો અતિ શોભિતાં, શ્રી ગોકુલનાથજીને મન ગમતાંજી
ભુતલ સામગ્રી અતિ શોભિતી, આવે છે હસતાં ને રમતાંજી (૫)

પાર્વતિજી વર અતિ સુંદરએ મંદિરમાં પાધારવા પ્રીતેજી
સાધુનાં કારજ સારવા, રાખવા આપણી એ રીતજી (૬)

ઘેર ઘેર ગુડી રે ઉછળે, તરીઆ તોરણ દ્વારજી
આનંદ સાગર ઉલટયો, ત્રિભોવન હોય જય જયકારજી (૭)

ટોડલે તોરણ ત્રાટસું, વાટ સમરાવોને વારજી
શૂરા થાઓજીરે સાવધાન, દાન નહિં કો કહે પારજી (૮)

વાજિંત્ર વાજે રે શોભિતાં, સાંભળતાં અતિ સુખ થાયજી
વ્રજસુંદરી રે વિવેકસું, રસભરી રંગસું ગાયેજી (૯)

શ્રી વિઠ્ઠલકુલ પુરૂપોત્તમ, ઉતમ એ વર જાણોજી
વેદ પુરાણે વખાણીએ, એ શ્રી ગોકુલ કેરો રાયજી (૧૦)

બીજા રે બહુ પરિવારમાં, સાર શ્રી વલ્લભ નામજી
ચિરંજીવો શ્રી ગોકુલનાથજી, વ્રજ સુંદરી પુરણ કામજી (૧૧)

એ રે લીલા જે કોઇ જાણસે, તે વ્રજવાસીનો સાથજી
પ્રીતે કરી પધરાવીઆ, બલિજાયે માધવદાસજી (૧૨)



## ૫૦. જીરે ધન્ય ધન્ય રે

જીરે ધન્ય ધન્ય રે આજુનો દિન, શ્રી ગોકુલનાથ પધારીયા
સુણી સુરી નર રે હરખ્યાં મન, કલિયુગ જીવ ઉધ્ધારિયા (૧)
જીરે ધન્ય ધન્ય રે શ્રી વિઠ્ઠલતાત, પ્રગટ પુરૂપોત્તમ સુત હવાજી
જોતાં જાણ્યું રે અદ્‌ભૂત વાત, પુરવ પ્રીતે પામીઆં (૨)
જીરે ધન્ય ધન્ય રે શ્રી રૂક્ષ્મણીજી માત, પુત્ર કરી હુલરાવીયા
એહીના મુખમાં રે બીડું બરાસ, વૈષ્ણવ જનને દેખાડીઆ (૩)
જીરે ધન્ય ધન્ય રે શ્રી ગોકુલ ગામ, વ્રજનાયક વાસો વસ્યા
તેણે સરીઆં રે સેવકનાં કાજ, મર્યાદી મનમાં હસ્યા (૪)
જીરે ધન્ય ધન્ય રે શ્રી જમુનાજીના તીર, નિત્ય નિત્ય વહાલો કીડા કરે
પ્રભુ ઓઢે રે ઉપરણો સાર, તે દીઠડે મારૂં મન ઠરે (૫)
જીરે ધન્ય ધન્ય રે વ્રજવાસી લોક, વદન નિહાળે વળી વળી
જોતાં જાણ્યું રે કારણ કોય, મંગલ ગાયે મલી મલી (૬)
જીરે ધન્ય ધન્ય રે એ ઉત્સવ આજ, શ્રી વિઠ્ઠલજીને બારણે
ત્યાં તો વાજે રે રૂડા તાલ પખાજ, બંદી જન બહુ જસ ભણે (૭)
જીરે ધન્ય ધન્ય રે માગસીર માસ, ઉત્તમ સુદી સાતમ ભલી
મન ઉમંગ્યો રે ગાયે દાસ, પહોંચી સહુના મનની રલી (૮)
સુખ પામ્યાં રે સહિયર સાથ, લીલા દેખી રસ મસી
બલિહારી રે જાયે માધવદાસ એ લીલા મારે મન વસી (૯)

## ૫૧. ધન્ય એ વેળા એ ધન્ય

ધન્ય એ વેળા એ ધન્ય ઘડી ધન્ય તે દિરસને ધન્ય રાતજી
જ્યારે શ્રી વલ્લભરાય પ્રગટીયા, સઘળે જણાવી છે વાતજી (૧)
ઘેર ઘેર હોય વધામણી, ઉલટ અંગ ન આયજી
જુવતીના જુથ ટોળે મળી, સહુ કો વધાવાને જાયજી (૨)
અમૃત પીધું રાણી રૂક્ષ્મણી, જ્યાં પ્રગટયો વ્રજનો ભુપજી
રત્ન અમોલિક એહ છે, એરહ અલૌકિક રૂપજી (૩)
ઉદયોતકાર સઘળે હવો, કીધો તિમિરનો નાસજી
જય જય કાર વર્તિ રહયો, ચોખંડે હવો તે પ્રકાશજી (૪)
પરમ ઉદાર ઉદે હવા, એહ કારણ વલી એહજી
ભંકત ઉપર કરૂણા કરી, ભુતલ ધરીઓ છે દેહજી (૫)
દર્શન દીજે દયા કરી, અબળા તણો એ આધારજી
રૂપાંબાઈ જાયે વારણે, વિલંબ ન કીજીયે લગારજી (૬)

## પર. આવોજી અચલ સોહાસણી

આવોજી અચલ સોહાસણી, મલી સહિયર સમાણી
શ્રી ગોકુલનાથને નીરખીએ, જગવલ્લભ જાણી (૧)
કાલિંદીજીને કાંઠડે શ્રી ગોકુલ ગામ,
ત્યાં રે બિરાજે શ્રી વલ્લભ રાજીઓ, પરિપુરણકામ (૨)
શ્રી વલ્લભકુલ મંડન, ખંડન પાખંડી
જેણે જીત્યો કલિકાલમાં, કલિરૂપ કુદંડી (૩)
નખશિખ સુંદરતા તણો, કોઇ પાર ન જાણે,
સુરમુનિ નારદ શારદા, કવિ કયેમ વખાણે (૪)
સરલ સુદેશ સોહામણા, શીર વાળ વિશાલ
વદન કમળ પાસે રહે, જાણે મધુકર માલ (૫)
લલિત લલાટ રસે ભર્યું, હરિ ચંદન રેખા
ભ્રકુટી કામ કમાનની, વિંધે બેહુબાણ વિશેખ્યાં (૬)
વાગ્યાં વ્રજ વનિતાઓને, ઉર અંતર ભેદયાં
તત્ક્ષણું નયણે નિરખતાં, કુલ સંકુલ છેદયા (૭)
લોચન લોલ પ્રસંનતા, શ્રુતિમંડલ પરસે
કરૂણાભર શિંગાર સાર, બહુ રસ વરશે (૮)
નવલ નિરૂપમ નાસિકા, ગલ્લસ્થલ ઝલકે,
કંચન મણિરે કુંડલ તણી, આભા અતિ ચલકે (૯)
અધર અમૃત રસે ભર્યા, દંત દાડમ ખીલ્યા,
વાકય સુદારસ વૃષ્ટિથી, બ્રહ્માદિક ભુલ્યા (૧૦)
કરપદ ગ્રીવા ઉંદરની, ઉપમા શી દીજે
ત્રણ ભુવનમાંહે કોઇ નહિં, એહની સમોવડ કીજે (૧૧)
શોભા જોતાં સુખ હોયે, તે તો મનજ જાણે
ગુંગો મિઠાઇ તણો, કેમ સ્વાદ વખાણે (૧૨)
અનુભવ વિણ રે આંનદનું, કેમ રૂપ જણાયે
જયાં જ્ઞાની વિરમી રહે, ત્યાં કવિ કેમ ગાય (૧૩)
જુગા જુગ જીવો જગત પ્રભુ, સેવક સુખકારી,
નારાયણ ગુણ રૂપને, જાયે બલિહારી (૧૪)



## પ૩. જીરે ધન્ય ધન્ય દિન

જીરે ધન્ય ધન્ય ધન્ય દિન આજુનો રે પ્રગટયાં શ્રી ગોકુલનાથ ઉત્સવ ઘેર આપણે રે
જીરે ધન્ય ધન્ય માતા શ્રીરૂક્ષ્મણી, રે ધન્ય ધન્ય શ્રી વિઠ્ઠતાત ... ઉત્સવ
જીરે ગત ઘડી એક છપ્પન પળે રે એ પ્રગટયા શ્રી પ્રાણઆધાર... ઉત્સવ
જીરે માગસીર માસ સોહામણોયે, તેમાં સુદી સાતમ શુભવાર ... ઉત્સવ
જીરે આવો મલોને સોહાસણી રે, મલી મલીયને મંગલ ગાઓ ... ઉત્સવ
જીરે કેસર ચંદન છાંટણાં રે, જીરે મોતીના પૂર્યા છે ચોક ... ઉત્સવ
જીરે કદલીના ખંભ ઉભા કર્યા એ, જીરે તોરણ બાંધ્યા છે દ્વાર ... ઉત્સવ
જીરે મંડપ છાયો માહા મોદસુંએ, જીરે ફુલડે છાઇ છે વાટ ... ઉત્સવ
જીરે શેરીએ કાચ ઢળાવિયાએ, જીરે અગર ઉખેવ્યા અપાર ... ઉત્સવ
જીરે લખોરે વૈષ્ણવને કંકોતરી રે, જીરે તેડાવો સુજાતિનો સાથ ... ઉત્સવ
જીરે પહેરામણી કરો મન ભાવતી રે, જીરે લેવરાવો માહા પ્રસાદ... ઉત્સવ
જીરે ગવરાવો ગુણ મહા પ્રભુ તણા રે જીરે કરી કરી અને બહુ સન્માન...ઉત્સવ
જીરે ભેટ કરો મન ભાવતી રે, આપો વિપ્રને બહુ દાન ... ઉત્સવ
જીરે કલિયુગમાં કરૂણા કરી રે જીરે, પ્રભુ પધાર્યા પ્રાણેશ ... ઉત્સવ
જીરે વલ્લભદાસ કરે વિનતિ રે, કહે જય જય શ્રી ગોકુલેશ ... ઉત્સવ

## પ૪. આનંદ સાગર ઉલટયો

આનંદ સાગર ઉલટયો, સખી આજ મારે મન માંહય રે
અંગો અંગ ફુલ્યાં અતિ ઘણાં, સખી કહયો તે કોને નવ જાય રે
ભલે જનમ્યારે ભલે જનમ્યા રે શ્રીગોકુલનાથ ગોકુલનાથ ઘો હેલી હરિને વધામણાં (૧)
બાવન ચંદન બહુવળી વચ્ચે ચોક નવલી ભાંત રે
પાછળ ફરતાં ફુમતાં, વચ્ચે વેલડીની જાત રે
સોહાસણ રે સોહાસણ રે મેલો લટકંતો હાથ, ઢળકંતો હાથ... ઘો હેલી (૨)
બહુ મુલ રત્ન હીરે જડયાં, મોતીડે પુર્યા થાલ રે
કુમકુમ કેરા ભર્યા રે, કચોલડા, માંહે પુષ્પ કેરી માળ રે
સોહાસણી રે સોહાસણી રે, ગાયે મંગલ ઉચ્ચાર મંગલ રસાલ... ઘો હેલી (૩)
ઉત્સાહ તે ઉપન્યો અભિનવો, સખી આણીયો નવરંગ રે
વાજિંત્ર વાજે અભિનવાં, સખી ઢોલ ભેર મૃદંગ રે
આજ મન ઉપન્યો રે મન ઉપન્યો રે, સખી અતિરે આનંદ અતિરે આનંદ ઘો હેલી (૪)
પ્રીતે કરી પ્રભુ નીરખીઆ, શ્રી ગોકુલપતિ માહારાજ રે
હરિદાસ કહે મ્હારા મન તણાં, પહોંચ્યા મનોરથ આજ રે
હવે સરીઆં રે હવે સરીઆં રે સેવકનાં કાજ વૈષ્ણવનાં કાજ... ઘો હેલી હરિને (૫)

## ૫૫. હાંરે આજે જનમ દિવસ

હાંરે આજ જનમ દિવસ છે રે હેલી
હાંરે શણગાર સજુ સહુ પહેલી (૧)
હાંરે જાઉં શ્રી વિઠ્ઠલજીને દ્વાર,
હાંરે ત્યાં તો ભકતની ભીડ અપાર (૨)
હાંરે બાજે તાલ ઝાંઝ મૃદંગ,
હાંરે વલી વાજે છે માંગલી શંખ (૩)
હાંરે બાજે ઢોલ દમામાને ભેરી,
હાંરે મોટી નોબત ધુમે છે ઘેરી (૪)
હાંરે ત્યાં તો નૃત્ય કરે નરનારી,
હાંરે આભુષણ શોભે છે ભારી (૫)
હાંરે નારી ધોળ ગાયે ગુજરાતી,
હાંરે ફુલી ફરતીને અંગ ન સમાતી (૬)
હાંરે ત્યાં તો મોતીના ચોક પુરાયે,
હાંરે શ્રી વલ્લભવર કેસરે ન્હાયે (૭)
હાંરે ઘસી ચંદન કેસર ઘોળ્યાં
હાંરે ફૂલેલ શ્રી અંગેરે ચોળ્યાં (૮)
હાંરે ઉષ્ણ જલસું સ્નાન જ કીધાં,
હાંરે વૈષ્ણવ જનને ચરણામૃત લીધાં (૯)
હાંરે અંગ વસ્ત્ર શ્રી અંગે રે ધરીયાં
હાંરે ધોતી ઉપરણો કેસરી ધરીયાં (૧૦)
હાંરે મારે વહાલે આભુષણ ધરીયાં,
હાંરે દેખી વૈષ્ણવનાં મન ઠરીયાં (૧૧)
હાંરે મારકંડે પુજા રે કીધી,
હાંરે વિપ્ર જનને દક્ષિણા દીધી (૧૨)
હાંરે વારી ઇડી પીંડી રે આરતિ કીધી,
હાંરે ન્યોછાવર વારી ને દીધી (૧૩)
હાંરે હરિદાસ સેવા સુખકારી,
હાંરે હરખી નીરખીને જાઉં બલિહારી (૧૪)



## ૫૬. આજ અચાનક આનંદ

આજ અચાનક આનંદ રૂપી ઉદય થયો છે ભાણજો
મારે મંદિરે પધાર્યા શ્રી ગોકુલનાથજી જો ૧
બેની તારા ભાગ્ય તણો નહિ પારજો
સુંદરવર પામ્યા શ્રીગોકુળનાથજી જો ૨
ટાળ્યાં વહાલે જનમ જનમના દુઃખ જો
ના સમર્પણ આપીને પાવન કર્યા જો ૩
ખડ સુંકાંને સિંચન કરવા આશા જો
અધરામૃત આપીને રાહુ પાવન કર્યા જો ૪
અંગ તપે છે સ્પર્શ કરવા આશ જો
ચરણામૃત આપીને રાહુ પાવન કર્યા જો ૫
ઘણા દિવસના વાહાલાના વિયોગ જો
સખી આજ થયો છે નયનાંનો મેલાવડો જો ૬
શ્રીગોકુલ ઇંદુ પ્રગટયા પુરણ બ્રહ્મ જો
સુખ સાગરમાં મહા રસની વરષા કરી જો ૭
નવ પલ્લવ થઇ વાહાલાજીની સૃષ્ટિ જો
બેઉ કરણે મહા અમૃત રસ સિંચન કર્યા જો ૮
તમશું વહાલા પૂર્વ જનમની પ્રીત જો
મુને આણું કરવા બની ઠણીને આવીઆ જો ૯
પહેરો સહિયરો શોભિતા શણગાર જો
નયન રોન દઇ વહાલાને રીઝાવીએ જો ૧૦
કલ્લાં કાંબી ઝાંઝરનો ઝમકાર જો
રૂમઝુમ રૂમઝુમ પાયે નેપુર ઠમકતાં જો ૧૧
ઘુઘરડીનો નાદ અનુપમ સાર જો
દર્શન કરવા ચાલો સહિયરો ઠમકતાં જો ૧૨
સખી આ અવસર છે પ્રભુ ભજવાનો સાર જો
લાજ ત્યજીને લ્યો વહાલાના ભામણાં એ ૧૩
લાજે વણશે સહિયર હમારાં કાજ જો
જન્મ કૃતારથ કીધાં વહાલે આપણાં જો ૧૪
એ રસ ને જે અનુસરસે નર નાર જો
અચલ સોહાગી નિજદારી સંગે થશે જો ૧૫
નિજદાસીના પૂર્યા વહાલે કોડ જો
આનંદ ભર હીડે છે મોડા મોડ જો ૧૬

## ૫૭. ગોકુલનાથ પ્રાગટય થયા રે

ગોકુલનાથ પ્રાગટય થયા રે આયો મહા ઉત્સવ, મારા તનના તાપ ગયા રે
સખીઓ સર્વે મલીને ઘેર આવો રે આયો મહાઉત્સવ, મોતીના ચોક પુરાવો રે
કંકુના હાથ દેવરાવો રે, આયો, મંગલ કલશ ભરાવો રે, આયો
કદલીના ખંભ રોપાવો રે, આયો, તરિયા તોરણ બંધાવો રે, આયો
રૂડામંડપ રચાવો રે, આયો, ચીરના ચંદરવા બંધાવો રે, આયો
શેરીએ કાચ ઢળાવો રે આયો, સુગંધ અગર ઉખેવો રે, આયો
મોટા સમિયાના બંધાવો રે આયો, મોતીની ઝાલરો ટંકાવો રે, આયો
સખીઓ સહુ મળીને ઘેર આવો રે, આયો, મંગલ ધોળ ગવરાવો રે, આયો
મોટી જાજમો પથરાવો રે, આયો, ગાદી મુઢા બિછાવો રે, આયો
દીપક જ્યોત પ્રગટાવો રે, આયો, આજ આનંદ વધાવો રે, આયો
શ્રીગોકુલનાથને પધરાવો રે, આયો, મોહનભાઇજીને ઘેર રે, આયો
એ છે શ્રી રૂકમણીજીના જાયા રે, આયો, એ છે વૈષ્ણવજનના વહાલા રે, આયો
એ છે શ્રી વિઠ્ઠલજીના લાલા રે, આયો, શોભા બેનીજીના વીરા રે, આયો
વહાલે પુષ્ટિ પ્રાગટય કીધું રે, આયો, વહાલે ભક્તને દાન દીધું રે, આયો
વહાલે વ્રજમાં પુર્યો વાસ રે, આયો, જનમ્યા સુદી સાતમ માગસીર માસ રે, આયો
વહાલે સહુની પુરી આશ રે, આયો, બલિહારી માધવદાસ રે, આયો

## ૫૮. ચાલો હેલી ચતુરવરને

ચાલો હેલી ચતુરવરને જોઇએ એ, સોહીએ સોહીએ કરો રે શણગાર આ
શ્રી વિઠ્ઠલજીનો કુંવર કોડામણોએ, સોહામણો સુંદરનાથ આ
આપણ કાજે વાહાલે એમ કર્યું એ. મનડું હર્યું શ્રી ગોકુલનાથ આ (૧)
કલસ ઉપર રચના ઘણીએ, ત્રિભોવન ધણી સાનુકુલ આં
આપાપણે ઘેર સહુ એમ કરો રે, ધરોધરો ભેટ બહુ મુલઆ (૨)
માગશીર સુદી રે સાતમ ભલી રે મનરલી કુલન માય આ
શ્રી વિઠ્ઠલગ્રહે હોય રે વધામણી રે, પ્રગટયા શ્રી ગોકુલનાથ આ (૩)
અતિરે આનંદસું નીરખવા એ, ઉમગ્યાં તે જોવાને જાય આ
સુંદરી સર્વે ટોળે મળીએ, રળિયામણું રંગસું ગાય આ (૪)
ગાદી મુઢે બેઠા સિંચન કરે એ કોયે ક્ષણું મહેલી ના જાય આ
ભકતને હોયે રે વધામણીએ, ઉમગ્યાં તે જોવાને જાય આ (૫)
સઘળો પરિવાર મહારા નાથનો એ શ્રીગોકુલ ગામનો વસીઓ છે વાસ આ
આશ પુરોરે વાહાલા ભકતની એ. બલિ જાયે માધવદાસ આ (૬)



## ૫૯. મોહન મલપંતા ઘેર આવ્યાજી

મોહન મલપંતા ઘેર આવ્યાજી, મેં તો લઇને મોતીડે વધાવ્યાજી (૧) વહાલે મારે
કરૂણાની દ્રષ્ટિએ જોયું રે, બાઇ મારે એ વરસું મન મોહયું રે
પડયું મારે વલ્લભવર સાથે પાનું રે, હવે હું તો કેમ કરી રાખીશ છાનું રે,
દુરિજનને કહેવું હોય તે કહેજો રે, વાહાલા મારા રૂદય કમલમાં રહેજો રે,
પ્રીત મારે વલ્લભવર સાથે સાચી રે, હવે મારે બીજી નથી કાંઇ કાચી રે,
ધન્ય ધન્ય શ્રી ગોકુલના વાસી રે, વાહાલાને સંગ રહે વ્રજવાસી રે,
માનુની હલી મલી મંગલ ગાય રે, બલિહારી જાયે માધવદાસ રે

## ૬૦. પેરે પેરે મેંતો તમને

પેરે પેરે મેંતો તમને જોયા રે
મારા વ્રજના વહાલા વ્રજનારીસું મોહ્યારે મારા (૧)

તમારે બહોત પઢંગો રે ... મારા
તમો જયાં જાઓ ત્યાં સુખીઆ રે મારા (૨)

તમો વેદ પુરાણે લખીઆ રે ... મારા
તમો ઉત્તમ કુલ અવતરીઆ રે મારા (૩)

તમો સુંદર વેશ વપુધારી રે ... મારા
કોણ જાત પાંત તમારી રે મારા (૪)

તમને શું કહીએ સંભારી રે ..., મારા
તમો પહેલાં લાડ લડાવ્યાં રે મારા (૫)

તમો હસી હસી લાજ છોડાવી રે ... મારા
તમને શું કહીએ સંભારી રે મારા (૬)

તમો પહેલાં એમ કાં કીધું રે ... મારા
મારૂં સર્વસ હરીને લીધું રે મારા (૭)

અમો કઇ પેરે ધિરજ ધરીએ રે ... મારા
માધવ પ્રભુ જોઇ રીઝીએ રે મારા (૮)

## ૬૧. ભલે જનમ્યા શ્રી ગોકુલનાથ

ભલે જનમ્યા શ્રી ગોકુલનાથ ચાલો સાહેલી
મારે વલ્લભવર શું કામ ચાલો સાહેલી
જઇ જુઓ શ્રી ગોકુલગામ વૃંદાવન વેલી... ચાલો (૧)

સખી સહુ ટોળે મળીને ચાલ્યો ભકત સમાજ રે
શણગાર કરી સહુ ચાલીઆં જોવા શ્રી વલ્લભરાજ... ચાલો (૨)

નીરખી હરખે જોઇઆ શ્રી વિઠ્ઠલરાજ કુમાર રે
દર્શન કરતાં મનડું હરીયું વહાલો ઉતારે ભવપાર... ચાલો (૩)

બેઠકમાં બિરાજતા પ્રભુ દર્શનને સહુ જાય રે
ધસમસતા આવે ઘણું તેણે આનંદ અંગ ન માય.... ચાલો (૪)

શીષે અંબોડો શોભતોને લાંબી વેણ વિશાલ રે
દયાનિધિએ દ્રષ્ટિ કરી જે એહવા પ્રભુ પરમદયાલ... ચાલો (૫)

અંગે આભુષણ પહેરીયાંને કેસર તિલક સુભાલ રે
કાને કુંડલ ઝલકતાં કંઠે તુલસીની માલ... ચાલો (૬)

ધોતી ઉપરણો કેસરીને કેસરી સોહીએ પાઘ રે
ભક્ત સહિત પ્રભુ ચાલીઆ, વહાલો પોધાર્યા ફુલબાગ... ચાલો (૭)

શ્રી વલ્લભ સોહામણો, ઘણો વહાલો સુજાતિ સાથ રે
કલિયુગ જીવ ઉદ્ધારવા, પ્રગટયા શ્રી ગોકુલનાથ...ચાલો (૮)

આગળ કીર્તન કરે ઘણાંને અશ્વે થયા અસ્વાર રે
તાલ મૃદંગ વેણા વાજે, તેનો કહેતાં ન આવે પાર....ચાલો (૯)

નીરખી હરખે સહુ ઉમાહ્યા, મોહ્યો સુરીનર સાથ રે
પુષ્પ વધાવે પ્રેમે હરખસું, જૈ જૈ શ્રી ગોકુલનાથ.... ચાલો (૧૦)

ધર્મ ધુરંધર ગુણ પ્રભુના નિસદિન ગાઇએ ત્યાંહાં રે
જહાંગીર સાથે વાદ કર્યો, પ્રભુ વસીઆ સોરમ માંહ્ય...ચાલો (૧૧)

શ્રી વલ્લભઘાટે બિરાજતા, જ્યાં મહેદ ભક્તનો વાસ રે
એ સુખ જોઇને ફુલીઆ, બલિહારી માધવદાસ... ચાલો (૧૨)



## ૬૨. મહેદવરજી આવ્યાને ૨

મહેદવરજી આવ્યાને મોતીડે વધાવ્યાજી, તોરણ સોહાવ્યા મુક્તામણીજી
કુમકુમ રોલને કરે તે કલ્લોજી, ગાયે તે નાથ સોહાસણીજી

ધન્ય એ તાત ને ધન્ય એ માતજી, જેહ કુખે રત્ન પ્રગટ હવુંજી
એકાદસી દિનને પોષ તે માસજી, કૃષ્ણ પક્ષ માંહે જનમિયાજી (૨)

વાર ભલેરો ને જોગ સારજી, નવગ્રહ ઉભા સ્તુતિ કરેજી
વિપ્ર તે ભણી ભણી આશિષ દે ઘણી ઘણી, ચિરંજીવો મહદ મુગટ મણીજી (૩)

કદલીના ખંભ તે દ્વારે રોપાવ્યાજી, મોતીના ચોક પુરાવીઆજી
નાના પ્રકારનાં વાજિંત્ર વાજેજી, રાગ તાન છંદ બંધાનસુંજી (૪)

શરણાઇ શબ્દ સુર તે સહિતજી, ગીત ગાયે પરમ ઉલટ ભર્યાજી
ચાર સોહાસણી રસભર્યા રંગેજી, મુખમાહાં તંબોલ બરાસ સંગેજી (૫)

વિનય કરી કરી આશિષ દે ઘણી ઘણી, જાચકને દાન દે ફરી ફરીજી
આજનો દિન તે પરમ સોહાગીજી, મહા બડભાગી તું આવીઓજી (૬)

ભાગ્ય તાહરાને શું શું સરાહુંજી, વારણાં લેઉં તે ફરી ફરીજી
રાજ પોધાર્યાની અમને વધાઇજી, પ્રથમ માંગ્યું માગ્યા કરુંજી (૭)

ચાર સોહાસણી મલી મલી ગાયેજી, આરતી સિદ્ધ કરી લાવીઆજી
સનમુખ સોહેને મનડાં મોહેજી, આરતી થાયે આરત ભર્યાજી (૮)

આરતી કરીયને ઉમંગ ભરીયજી, દંડવત કરે રે ઉલટ ભરીજી
જૈ જૈ જૈ જૈ કહી કહી ભેટ તે ધરીયજી,
ને ઉછાહ ભરી આવી ઉલટ ભરીજી (૯)

એણી પેરે લીલા જનમની નિત્યજી, ગાયે સુણે જે ચિત્ત ધરીજી
તેહોને આવર્ણનો લેશ ન રહેઅજી, તેહ તે થાયે સ્વરૂપ મઇજી (૧૦)

દાસી માગે સદા સર્વદા એહજી, માહારૂં માગ્યું મુને આપીએજી (૧૧)

## ૬૩. શ્રી ગોકુલનાથ સોહામણ રે

શ્રી ગોકુલનાથ સોહામણ રે,
એહોના લીજીયે પેરે પેરે ભામરણાં એ
જીરે રાજ સીરોમણી રાજીયોએ
દેખી સોલે કલા શશી લાજીયોએ
જીરે દ્રિજ કુલમાં વહાલો પ્રગટીઆએ,
જીરે વૃજજન માંહો માંહે હરખીયાએ ॥૧॥
જીરે પ્રિતે તે પ્રભુજી પોધારીયાએ,
ત્યાંહાં કોટીક મન મથ વારીયાંરે
જીરે કાંડ પુરે વ્હાલો ભકતનાં એ,
સુખ પામીયાં માંહો માંહે અતી ઘણાંએ ॥૨॥
જીરે તનમન ધન કરૂં વારણે રે,
પ્રભુ પ્રગટીયા ભકતને કારણે એ
જીરે સુંદરી સર્વ ટોળે મલીએ,
જીરે વદન નિહાળે વલી વલીએ ॥૩॥
જીરે સજ્જન સર્વ સંતોષીયાએ,
જીરે અમૃત વચણે પોપીયાંએ
જીરે દાસનો દાસ કરે વિનતીએ,
ચીરંજીવો શ્રી ગોકુલપતિએ ॥૪॥

## ૬૪. સુણ સાહેલડી રે

સુણ સાહેલડી રે, માહારે વલ્લભ વર શું સ્નેહ રે,
ઝાગું શું કહું રે, મહારા પ્રાણજીવન ધન એહ રે ૧

હાર હૈયાતણો રે, માહારા કાલજડાની કોર રે,
મણિ મસ્તક તણો રે, માહરા ચિતડા કેરો ચોર રે, ૨

ઉર લપટાવીયાં રે, વાહાલે માર્યા મોહનાં બાણ રે,
કાળજે લખીદીયો રે, ત્યાં તો બાંધ્યો છે આ પ્રાણ રે, ૩

વિનતી માનજો રે, વહાલા પ્રેમે દયા કરી રે,
દાસનો દાસ મળ્યા રે, વહાલે હેત કૃપા કરી રે ૪



## ૬૫. શ્રી વલ્લભવરજી રે

શ્રી વલ્લભવરજી આવ્યા ને મોતિડે વધાવ્યાજી
આનંદ આનંદ થઇ રહયોજી
કુમકુમ કેરા છડા દેવરાવું ને મોતીના ચોક પૂરાવુંજી,
તોરણ બંધાવું દ્વારે શોભિતાંજી
૨
કદલી રે કેરાસ્થંભ રોપાવું ને શેરીએ કાચ ઢળાવુંજી
મંડપ રચાવું ફુલ મોગરેજી
૩
આરતી ઉતારૂં મારા પ્રાણ જીવનની માણેક મોતીએ વધાવુંજી
તન મન ધન કરૂં વારણેજી
૪
શ્રી રૂકમિનીલાલને નયણે નિરખું ને હૈયામાં ઘણું હરખુંજી,
નિરખતાં નયણાં તૃપ્ત ન થાયજી
૫
પારવતીપતિને જોઇ મન મારૂં રહ્યું રે મોહીજી,
જગત પુરૂપોત્તમ પ્રગટિયાજી
૬
જુગ જુગ જીવો શ્રી વલ્લભમહા પ્રભુ, ભક્તના પ્રાણ આધારજી,
આશીપ દે છે સર્વે કામિનીજી
૭
શ્રી ગોકુલપતીજીને વારણે જાઉં હરખે પ્રભુ ગુણ ગાઉંજી
દાસનો દાસ જાય વારણેજી
૮

## ૬૬. મોહનવર ગોકુલપતિ ગોકુલેશ

મોહનવર ગોકુલપતિ ગોકુલેશ કહીએ,
ગોકુલેશ કહીએ, ગોકુલેશ કહીએ મોહનવર ગોકુલપતિ ગોકુલેશ કહીએ (૧)
ભક્તિ આનંદઘન સદા રહો ઇનકી બાન મોહનવર... મોહનવર (૨)
એસે પ્રભુ પાયે અબ ઓર કહા ચહીએ
મનમાં તું નિશ્ચે કર લે, એહી કારજ લહીએ... મોહનવર (૩)
પુષ્ટ પુષ્ટ પુષ્ટ લીલા શ્રી ગોકુલ જમુના તટે
ભક્તનકે સંગ રહીએ એહી કારજ લહીએ... મોહનવર (૪)
કહે જગજીવન વલ્લભદાસ કે પ્રભુ
ધાન મોકી ચરણકમલ તાતે સબ પાઇએ... મોહનવર (૫)

## ૬૭. આજ મહારા આંગણિયા

આજ મહારા આંગણિયામાં, મોતીના મેહ વર્ષ્યા રે...
મોતીના મેહ વર્ષ્યા વહાલા, મોનીના.. ૧

ઘેર પધાર્યા શ્રી ગોકુલેશ પ્રભુ હૈયાં મારાં હરખ્યાં રે
હૈયાં મારાં હરખ્યાં રે વહાલા; હૈયા. ૨

ધોતી ઉપરણો કેસરી ને કેસરભીની પાઘ રે
કેસર ભીની પાઘ મારા વહાલા, કેસર ૩

કાને કુંડલ ઝગમગે ને તેજ તણો નહીં પાર રે
તેજ તણો નહીં પાર મારા વહાલા, તેજ ૪

બાંહે બાજુબંધ બેરખા ને પોંહોંચી રત્ન જડાવ રે
પોંહોંચી રત્ન જડાવ મારા વહાલા પોંહોંચી ૫

કેડે સોહિયે કટિમેખલા ને ઝાંઝરનો ઝણકાર રે
ઝાંઝરનો ઝણકાર મારા વ્હાલા, ઝાંઝરનો ૬

દાસનો દાસ કરે વિનંતી કે મુને આપો શ્રી ગોકુલવાસ રે
આપો શ્રી ગોકુલવાસ મારા વ્હાલા, આપો ૭

## ૬૮. મહા ઓચ્છવના દિન

મહા ઓચ્છવના દિન અતિ રળીયામણા રે,
પડવે પહેલા મંગલ ગીત ગવાય રે ૧

બીજે બધાનાં હૈયા બહુ હરખાય રે,
ત્રીજના તોરણ આસોપાલવના બંધાય રે, ૨

ચોથના ચોઘડીયા રૂમઝુમ વાગે રે
પાંચમે પ્રભુને અર્ચન કિર્તન થાય રે, ૩

છઠ્ઠે છોગાળા શ્રી ગોકુલેશ પ્રભુ ઘેર આવ્યા રે,
સાત મે પ્રભુને મોતીડે વધાવ્યા રે ૪

પછી વ્હાલાના મંગલ કળશ ભરાવ્યા રે,
દાસના દાસને આનંદઉર ન સમાય રે ૫



## ૬૯. આજ મારે આનંદનો

આજ મારે આનંદનો ઓઘરે આવ્યા લાલબાવા
મારે જોતા બન્યો છેં જોગરે આવ્યા લાલબાવા ૧
વહાલો ઘોડીલે બેસીને પધારીઆરે લોલ
હું તો જોઉ છું તમારી વાટરે આવ્યા ૨
વહાલા સુખપાલે બેસીને વહેલા આવજો રે લોલ
મારાં હૈડાં શીતળ થાય રે... આવ્યા ૩
વહાલા ભાગ્ય ફળ્યાં ગુજરાતનાં રે લોલ
દૈવીને દેવા દાનરે... આવ્યા ૪
વહાલા કૃપા કરીને પધારજો રે લોલ
મારે વહાલે કર્યા પ્રયાણ રે... આવ્યા ૫
વહાલો શ્રી ગોકુલથી પધારીઆ રે લોલ
શ્રી લક્ષ્મણ રાય મહારાજ રે... આવ્યા ૬
મારા મનના મનોરથ પૂરવારે લોલ
વૈષ્ણવનાં પાળવા લાડ રે... આવ્યા ૭
મારા તનના તાપ સમાવીઆ રે લોલ
મને ઉલટ અંગ ન માય રે... આવ્યા ૮
વહાલા દાસનો દાસ કરે વિનંતી રે લોલ
મને આપો શ્રી ગોકુળ વાસ રે... આવ્યા ૯

## ૭૦. આજે આનંદ

આજે આનંદ મને અતિ ઘણો, શ્રી ગોકુલ જય જય કાર રે..
ધન્ય ધન્ય નંદ જશોમતી, જેણે જાયા જુગદાધાર રે ॥૧॥

કુમકુમ ચંદન છાંટણાં અને મોતીડે ચોક પૂરાય રે,
શુભ દિન શુભ દિન શુભ ઘડી, શુભ વેળાને શુભ વાર રે. ॥૨॥

લગ્ન નક્ષત્ર કંકોતરી લખી લાવ્યા ગર્ગાચાર્ય રે,
આપે એઉને વધામણી ને, કાંઇ જાચક ઉભા દ્વાર રે ॥૩॥

દધિ છાંટે ગોવાળીયો, કાંઇ નાચે નર ને નાર રે,
કુસુમવૃષ્ટિ સુરપતિ કરે, જન ગોવિંદ બલિ બલિ જાય રે ॥૪॥

## ૭૧. વલ્લભવર ઘેર

વલ્લભવર ઘેર આવિયા આજ મારે વલ્લભવર ઘેર આવિયા

દેવી તે જીવના ભાગ્ય વિસ્તરીયા, પોતે તે પ્રગટ પોધારિયા... આજ

કેસરીયા ધોતીને કેસરી ઉપરણા, કુમકુમને પગલે પોધારિયા.. આજ

શ્રીનાથજીની સન્મુખ કીધા, બ્રહ્મ સંબંધ કરાવીયા... આજ

વિધવિધના વ્હાલે મેવા મંગાવી શ્રીનાથજીને ભોગ ધરાવિયા

પુરૂષોત્તમ પ્રભુ કી છબિ નિરખત ચરણ કમલશિર નમિયા આજ

## ૭૨. હાં રે ધન્ય આજની

હાં રે ધન્ય આજની ઘડી રળિયામણી,
હાં રે મારો વહાલોજી પધાર્યાની વધામણી હો જી રે ૧

હાં રે હું તો કદલીના સ્થંભ રોપાવતી,
હાં રે મારા વહાલાજીના મંડપ રચાવતી હો જી રે ૨

હાં રે પૂરે પૂ રે સોહાગણ સાથિયા
હાં રે જેમ મલપંતા આવે હરિ હાથિયા હો જી રે ૩

હાં રે હું તો મોતિડાના ચોક પુરાવતી,
હાં રે મારા વહાલાજીની આરતિ ઉતારતી હોજી રે ૪

*એહી સુમીરન નિત કરૂ, ધરૂં એક ચિત્ત ધ્યાન,*
*મનવાંછિત ફલ તત્ક્ષણ મિલે, પદ પામું પરમનિધાન*
*આજ આનંદની હેલી રે સોહાગી મારે*
*શણગાર સજુ સર્વે પહેલી રે સોહાગી મારે*
*જંત્ર ન જાનું મંત્ર ન જાનું*
*જઇ પહોંચી છું સર્વે પહેલી રે સોહાગી મારે*



## ૭૩. શ્રીગોકુલ સાસરિયે

શ્રીગોકુલ સાસરિયે જાવું, આણું તો મોહનવરનું આવ્યું,
લખ્યું શ્રી હસ્તતણું ભાવ્યું, શ્રી ગોકુલ ૧
જાવું છે મારે લટકે ને મટકે, મોહનવર જોઇ જોઇ મન અટકે,
પાયે નેપૂરિયાં ઠમકે શ્રી ગોકુલ ૨
આભરણ પહેર્યા છે અંગે, સખીજન શોભે છે સંગે,
મોહનવર જોઇ જોઇ મન રંગે શ્રી ગોકુલ ૩
વાટલડી તો જોવે છે વહાલો, સખી વેગે વહેલેરાં ચાલો,
નયણાં ભરી પ્રીતમજી નિહાળો શ્રીગોકુલ ૪
સાસરિયું મને વહાલેરૂં લાગે, ત્યાં મારી કામ વાસના ભાગે
મોહનવર જોઇ જોઇ રઢ લાગે શ્રીગોકુલ ૫
સખી મહારે આ અવસર રૂડો, અવિચલ અખંડ પહેર્યો ચૂડો,
માહારે શ્રીગોકુલપતિ વર રૂડો શ્રીગોકુલ ૬
અદ્દભુત લહેર તરંગ ભારી, શ્રીયમુનાજલ ભરવી છે ઝારી,
મોહન પર વારંવાર વારી શ્રીગોકુલ ૭
શ્રીવલ્લભ નામ સદા રટવું, નિત્ય સુજાતિમાં રહેવું,
સદા શ્રીચરણકમલ સેવું શ્રીગોકુલ ૮

## ૭૪. પિયુંજી મુજને સાસરીયું

પિયુજી મુજને સાસરીયું જો વહાલું (૨) વેગે રે આણાં મોકલો રે
આવ્યો આવ્યો સાસરીયાનો સાથ કે તેણે મુજને એમ કહ્યું રે ૧
આજ પિયુજી છેરે સોહાગ તો છત્ર ચમર ઢળે રે
આજ વ્રજમાં છેરે આનંદ તો રાય રાણા આડંગ કરે રે ૨
સુખિયો છે સઘળેલો સાથ તો વાર ભલી એઉ તણી રે
જઇ જુઓ શ્રી મંદિરમાંહય તો શ્રીનાથજીની સેવા કરે રે ૩
જઇ જુઓ શ્રી બેઠકમાંહય તો ગાદી શ્રીમૂઢે શોભતા રે
જઇ જુઓ શ્રી રાજ દરબાર તો સુખડેથી સાગર ઉલટયો રે ૪
જઇ જુઓ શ્રી યમુનાજીના તીર તો વીરો શોભાજી તણો રે
ઘેરી રાજને કરૂં પ્રણામ તે દેખી મારૂં મન ઠરે રે ૫
એ રે લીલા છે રે અગાધ તો મુખડેથી મારે શું કહું રે
વળી માગે માધવદાસ તો ચરણની સેવા દીજીયે રે ૬

## ૭૫. મ્હારે મંદિરે પધારો શ્રીગોકુલનાથજી

મ્હારે મંદિરે પધારો શ્રીગોકુલનાથજી, હું તો શેરી વળાવીને રજ કરું,
હરખે બંધાવું હીંડોળા ખાટ. મા.
હું તો ચોક પુરાવું મોતી તણા, પથરાવું લીલા પીળા પાટ મા.
હું તો તોરણ બંધાવું બહુ શોભીતાં, મંગલ ગવરાવું સારી રાત મા.
અને ઇશ્વર આવો અલબેલાજી, માહારા રસિયાજી રાખોને રંગ, મા.
હું તો કેશર ઘોળાવું રે વાટકી, હું તો નવરાવું શ્રી ગોકુલનાથ. મા.
હું તો સેવ કરાવું સાકર તણી, તમે આરોગોને શ્રીગોકુલનાથ. મા.
હું તો થાળ ભરીને મેવા લાવતી, જીવણ જમવા તમારે કાજ. મા.
વલ્લભદાસ વિનતી કરે, રાખો ચરણકમલની પાસ મહારે.

## ૭૬. વલ્લભ ગુણ ગાવારે ગાવા

વલ્લભ ગુણ ગાવારે ગાવા, એ અવસર નહી આવે આવા
કે લક્ષ ચોરાસીમાં ફરશો,
ફરી ફરી અવતાર કયાં ધરશો સેવા સ્મરણ કયયારે કરશો
કે ચીતડામાં ચેતીને ચાલો,
કે નગુણા થઇને શું મહાલો, પ્રભુજી વીના ઠામ સરવે ઠાલો
જીવન તો બાલપણુ રહેશે,
આંગણીયામાં આંબડીયો પાકે, તેની રે શાખા હરીજન હોય તે ચાખે
કર્યા તે કૃત્ય કાગળીયે ચડશે, કે જમડાના ઝપાટા પડશે,
પછીથી જીવને પસ્તાવો થાશે
ધાર્યું તો શ્રીહરીરાયજીનુ થાશે, બીજુ રે બધુ અવસ્થા જાશે,
કર્યું તો શ્રી વલ્લભજીનુ થાશે



## ૭૭. તારી વરણાગી

તારી વરણાગી વેળાએ શ્રી વલ્લભ નામ નવજાણ્યું,
તારા દુઃખનાદિન કેમ જાશે? શ્રી વલ્લભ નામ નવ જાણ્યું
તારી અક્કલ હૈયાની ફુટી શ્રી વલ્લભ નામ નવ જાણ્યું
તું તો સગામાં સઘળે ગાજ્યો શ્રી વલ્લભ નામ નવ જાણ્યું (૨)
શ્રી નાથજીનું નામ લેતાં લાજ્યો, શ્રી વલ્લભનામ નવ જાણ્યું (૩)
તારાં સગાં નહી આવે કોઇ સાથે શ્રી વલ્લભનામ નવ જાણ્યું (૪)
તું તો વિમુખ થયો છે તારે હાથે શ્રી વલ્લભનામ નવ જાણ્યું (૫)
તારાં ફુલ ફુલ્યાં કરમાશે શ્રી વલ્લભનામ નવ જાણ્યું (૬)
આવો અવસર ફરી નહી આવે શ્રી વલ્લભનામ નવ જાણ્યું (૭)
છજાં મહેલ મેડીને ટાંકાં શ્રી વલ્લભનામ નવ જાણ્યું (૮)
તે તો પ્રાણી તારા મન કેરાં થોથાં શ્રી વલ્લભનામ નવ જાણ્યું (૯)
જેને હશે ગુરુની કૃપા શ્રી વલ્લભનામ તેણે જાણ્યું (૧૦)
તેને લીલાનું સુખ સદા શ્રી વલ્લભનામ જેણે જાણ્યું (૧૧)
કહે દાસનો દાસ કર જોડી શ્રી વલ્લભનામ જેણે જાણ્યું (૧૨)
કરો સત્સંગ આળસ છોડી શ્રી વલ્લભનામ જેણે જાણ્યું (૧૩)

ગોકુલનાથ બડે મહારાજ
માલા તિલકકી રખી લાજ
દિલ્લીપતિ કો પરચો દિય્યો
ભકત મનોરથ પૂરણ કીયો

## ૭૮. તમો ફૂલ બાગમાં ડેરા તાણો

તમો ફૂલ બાગમાં ડેરા તાણો મારા રાજ,
મોગરાની કળીઓ મોંઘી છે મોંઘી છે, પણ સોંઘી મારા રાજ મોગરાની ૧

મોટી મોટી કળીઓ વીણીને રાખશું,
પાંચ સાત કળીઓ છોટી મારા રાજ - મોગરાની ૨

ચંપા ચંમેલીની કળીઓ બહુ દીઠી,
લાગે સુગંધ એની મીઠી મારા રાજ - મોગરાની ૩

કંકણહાર બાજુબંધ ફૂલના,
ગજરા ગુલાબની ફૂલવેણી મારા રાજ - મોગરાની ૪

ફૂલની ગાદી ને ફૂલના છે તકિયા,
ફૂલનાં બિછાનાં બિછાવું મારા રાજ - મોગરાની ૫

ફૂલની જાળી ને ફૂલની છે બારી,
છજાં મેડી ને અટારી મારા રાજ - મોગરાની ૬

ફૂલની વાડી ને ફૂલના પંખા,
ફૂલની સેજ મેં સંવારી મારા રાજ - મોગરાની ૭

અત્તર સુંગંધી ને પાનનાં બીડાં,
હાથે કરીને સંવારી મારા રાજ - મોગરાની ૮

શ્રી ગોકુલેશજીને નજરે નિહાળું,
સદા બિરાજો ફૂલવાડી મારા રાજ - મોગરાની ૯

જીરે લખી લખી કિંકરી વારણે જાય છે,
સદા રાખો ચરણની પાસ મારા રાજ - મોગરાની ૧૦

## ૭૯. વારત અપન પો વારી

વારત અપન પો વારી શ્રી રૂક્ષ્માણી
મત કા હું કી દ્રષ્ટિ જીન લાગત રાઇ લોણ કરડારી (૧)

મોહન મુરતિ મનોહર સુરતી મુખ યહ છબી અતિ ભારી
ગોકુલેશવર પ્રગટ ભયે આજુ વલ્લભદાસ બલી જાઇ (૨)



# હિંચના ધોળ

## ૮૦. આજનો દીન ભલે

આજનો દીન ભલે આવ્યો સોહીગી,
આજનો દીન ભલે આવ્યો ॥૧॥

જેહ દીવસ વલ્લભવર પ્રગટયા સોહીગી,
દીવસ મન ભાયો... સોહાગી ॥૨॥

ધન્ય ધન્ય અગહન માસ સુદી સપ્તમી,
રાણી રૂક્ષ્મણીજીયે જાયો.... સો. ॥૩॥

કૃષ્ણદાસીજીએ નામ કહીને,
શ્રી ગોકુલનાથહી આયો.... સો. ॥૪॥

પ્રગટે શ્રી ગોકુલનાથ હમારે,
આનંદે લાડ લડાયો... સો. ॥૫॥

પ્રેમે સખીરે વલ્લભવર પ્રગટયા,
કીજે મનકો ભાયો... સો. ॥૬॥

## ૮૧. શ્રી વલ્લભ પ્રગટે ભાગ્ય હમારે

શ્રી વલ્લભ પ્રગટે ભાગ્ય હમારે, જૂ
પ્રગટે ભાગ્ય હમારેજી
ભયે મનોરથ મનકે ચીતે,
રૂક્ષ્મણી લાલ નિહારે જૂ ॥૧॥

કહીન જાય અંગો અંગકી શોભા,
ઊમંગી રસકી ધારે જૂ
શ્રી ગોકુલપતિકી યહ છબી ઉપર,
વૃજદાસ અપનપો વારે જૂ ॥૨॥

## ૮૨. આજ આનંદની હેલીરે

આજ આનંદની હેલીરે સોહાગી મારે,
પ્રાણ પ્રિયા મારે મંદિરે પોધાર્યા
દીઠડે થઇ છું ઘેલી રે સોહાગી મારે ॥૧॥
ભાગ્યરાસ નીજ સષ્ટ સહિત લીલા,
હોલીલા હોલીલા કરે છે મનની હેલીરે... સો. ॥૨॥
મોહન રત્ન જીવન છે મારૂં,
જીવન એહ મુલી રે સોહાગી મારે ॥૩॥
મોહનભાઇજી પ્રગટ પોધાર્યા,
બેનજીરાજ પ્રગટ પોધાર્યા એહી રસમાં હું તે રેલી રે ઓ ॥૪॥
દાસ ગોપાલ માહા રસમાં ઝીલે,
મહારસમાં હું તો હેલી રે સોહાગી મારે ॥૫॥

## ૮૩. રંગ તાલી, રંગ તાલી

રંગ તાલી, રંગ તાલી વલ્લભવરની રંગતાલી
એતો ગોકુલેશપુરથી આવી વલ્લભ
એતો વૈષ્ણવને મન ઘણું ભાવી ॥વલ્લભ॥
એતો વૈષ્ણવે ઘણું ઘણું માગી, તાલીનો રંગતો સોને લાગ્યો,
તાલીલેજો બેહુ હાથે ॥વલ્લભ॥

## ૮૪. મંડપ ગાવા મોહનભાઇ

મંડપ ગાવા મોહનભાઇ, સુજાતી સાથમાં રે લોલ
વ્હાલો મારો લટકતા પોધારેકે, ચાલ સોહામણી રે લોલ ॥૧॥
વ્હાલાજીએ ધોતી પહેરી સ્વેત, ઉપરણો કેસરી રે લોલ
વ્હાલાજીએ ટેઢી બાંધી પાઘ, કભાય પહેરી જરકસીરે લોલ ॥૨॥
વ્હાલાજીને તોરા સોહીયે પાઘકે, બેઉ બાજુ એ રે લોલ
વ્હાલાજી તો તિબારીમાં બિરાજે કે, સહુ દરસંન કરે રે લોલ ॥૩॥
એહોના દરસનથી સુખ થાયકે, દુઃખ સહુ દુર ગયાં રે લોલ
વ્હાલાજી તો તાલી લેઇ ગવરાવે, સુજાતી સાથમાં રે લોલ ॥૪॥
વ્હાલાજી તો લટકતા રસાલકે, જોઇ મારૂં મન ઠરે રે લોલ
એહોની શોભા ઝાકઝમાલકે, હું કયાં લગી કહું રે લોલ ॥૫॥
દાસી માંગે વારંવાર, માગ્યું મુને દીજીએ રે લોલ
કૃપા દ્રષ્ટી કરી કરૂણાવ, ચરણ સેવા દીજીયે રે લોલ ॥૬॥



## ૮૫. વહાલા લાગો છો ઘણુ

વહાલા લાગો છો ઘણું વહાલા રે,
વલ્લભલાલ વહાલા લાગો છો
કેશરીયા ધોતી મારા પ્રભુજીને સોહીએરે,
છુટા મેલ્યા છે વ્હાલે કેસ રે... વલ્લભ ૧

કેસરી ઉપરણો મારા વ્હાલાજીને સોહીએરે
ચાલ લટકતી ચાલે રે... વલ્લભ ૨

કેસરીયા પાઘ મારા પ્રભુજીને સોહીએરે
વિઠ્ઠનાથજીના લાલાજ કહીએ રે,
રાણી રૂક્ષમણીજીના જાયારે... વલ્લભ ૩

શોભા બેનીજીના વિરાજ કહીએ રે,
પારવતી વહુજીના કંથ રે... વલ્લભ ૪

કીકીમાં વ્હાલે કામણ કીધું,
મારૂ મન હરીને લીધુંરે... વલ્લભ ૫

ભકતને અર્થે વ્હાલે પ્રાગટ કીધું,
અનેક જીવને ઉધ્ધાર્યા રે... વલ્લભ ૬

કર જોડીને કહે છે ગોપાળદાસ,
રાખો ચરણની પાસ રે... વલ્લભ ૭

પ્રિય દેખીને થઇ છું ઘેલી રે સોહાગી મારે
માણેક પ્રભુ સદા બિરાજો
સદા બિરાજો સદા બિરાજો
મંગલ ગાવો સહેલી રે સોહાગી મારે
સોનેકી છડી રૂપેકી છડી
મહારાજા ધિરાજા ઘણી ખમા

## ૮૬. શ્રી વિઠ્ઠલનંદજીની ચાલનો રે

શ્રી વિઠ્ઠલનંદજીની ચાલનો રે ચટકો,
ઘણું રે શોભા સુંદર મુખનો રે મટકો (૧)
માહરા પાતલીયા સુખ દાઇ રે,
શીશી કરૂં લાવણ્ય ચતુરાઇ રે (૨)
મરકલડે મરકલડે બોલે,
જોતાં ન આવે ત્રીભોવન તોલે (૩)
વાહાલાજીના ઉપેરણો સઘલો શ્રીંગાર રે,
રત્ન અમોલીક ગુંજાનો હાર રે (૪)
જનેઉ પવિત્રાં કઠે વન માલ રે,
ઉલટ પુલટ કર વદન નિહાલ રે (૫)
નીરખી હરખી માધવદાસ ગુણ ગાય રે,
લીલા જોતાં તૃપ્તીના થાય રે (૬)

## ૮૭. છઠ્ઠ દીવસની રાતે

છઠ્ઠ દીવસની રાતે, ગોઠડી કીધી વલ્લભવર સાથે
વહાલો મારો એવારે રસીયો, ભકતના હૃદય કમલમાં વસીયો॥૧॥
રસીયો શ્રી વલ્લભ સુખ રાસે, ભકત તણીરે વ્હાલે પુરીઆસ
મણીમય સુંદર સદન તે સોહીયે, ત્યાં આવી ઉભા મનમોહીએ ॥૨॥
રસની સામગ્રી ત્યાં બહુ, થાલભરી ભરી લાવે સહુ
તિલક કુંમકુંમના રે કીધા, આરતી વારતાં કારજ સીધાં ॥૩॥
ધોતી ઉપરણો રે સોહી એ દેખી વૃજજન નાં મન મોહીએ
તુલસી ગુંજા માલા બીરાજે, તેતો ચૌદ લોક પર ગાજે ॥૪॥
કાને કુંડલ રે ઝલકે, એ દેખી માનુનીના મન ઢલકે
ચંદન ચરચ્યાં રે શ્રીઅંગે, બેઠા વૃજ ભકતકે સંગે ॥૫॥
વાત કરે છે રે રસાલી હસી હસી પેટે આવે ખાલી
બીડાં આરોગે રે રસીયો, મોહનભાઇજી ના ઉરમાં વસીયો ॥૬॥
ચરણકમલની રે આસ, વિનંતી કરે રે કેશવદાસ
છઠ્ઠ દીવસની રે રાતે, ગોઠડી કીધી વલ્લભવર સાથે ॥૭॥



## ૮૮. મહા મહા ઓચ્છવ આ

મહા મહા ઓચ્છવ આવ્યો રે હમારે
આવ્યો રે હમારે આવ્યો રે હમારે
જીવની ઓચ્છવ આવ્યો રે હમારે,
આનંદકારી આવ્યો રે — મહા ઓચ્છવ

ફુલહી ફુલન આવ્યો રે મહા ઓચ્છવ
માંદહી મોદ બઢાવ્યો રે — મહા ઓચ્છવ

તન મન નાખુ વારી રે મહા ઓચ્છવ
લાલ રૂક્ષમાણી જાંયો રે — મહા ઓચ્છવ

છટ બડભાગી આવી રે હમારે
સપ્તમી સોહાગીને લાવી રે — મહા ઓચ્છવ

અષ્ટમીના રંગે પાગી રે મહા ઓચ્છવ
નવમી મહા બડભાગી રે — મહા ઓચ્છવ

હમારે રાય ઘરે ઘોટા જાયો
રાણી રૂક્ષ્મણીજીએ ઘોટા જાયો — મહા ઓચ્છવ

મોહનભાઇજીએ કીધોરે મહા ઓચ્છવ
અનુભવીએ રસ પીધો રે — મહા ઓચ્છવ

ગોકુલભાઇજીએ કીધોરે મહા ઓચ્છવ
અનુભવીએ રસ પીધો રે — મહા ઓચ્છવ

સહુ ઓચ્છવનો ઓચ્છવ આવ્યો
મહા પ્રસાદ જલેબી લાવ્યો — મહા ઓચ્છવ
અગહન સુદી સાતે શુભદીન આવ્યો
વલ્લભ પુત્ર રાણી રૂક્ષ્મણી જાયો — મહા ઓચ્છવ

કહી કૃષ્ણદાસી કહીને બોલાવ્યો
શ્રી ગોકુલનાથ હમારો હી આયો — મહા ઓચ્છવ

મહા મહા ઓચ્છવ આવ્યો રે હમારે,
આવ્યો રે હમારે આવ્યો રે હમારે — મહા ઓચ્છવ

## ૮૯. મીઠડા બોલ્યા રાજે

મીઠડા બોલ્યા રાજે આવોને મારા મીઠડાં બોલ્યા રાજે

સમીરે સંધ્યાને તમો સીદને ગયાતાં (૨)
આવી ઉભા પરભાતે આવોને

દ્વારે તે દ્વારે તોરણ બંધાવું (૨)
મોતીના ચોક પુરાવું આવોને...

ગોખે તે ગોખે દીવડા મુકાવું (૨)
મંગલ ગવરાવું સારી રીતે આવોને...

એક ઘડી એકાંતે મલો તો (૨)
કહું મારા દીલડાની વાતો આવોને...

રંગીલી ગલીની કુંજ ગલનમાં (૨)
પ્રભુજી મલ્યાને ગ્રહયો હાથે આવોને...

વલ્લભદાસનો સ્વામી પ્રભુ રસીક સીરોમણી (૨)
જન્મ મરણ તારે હાથે આવોને...

મીઠડાં બોલ્યા રાજે આવોને મારા મીઠડાં બોલ્યા રાજે

## ૯૦. મારે ઓચીંતો માહા ઓચ્છવ

મારે ઓચીંતો માહા ઓચ્છવ આવ્યો આજરે વલ્લભવરજી

હું તો શીશી નવાઇઓ કરૂ મારે આજરે...

મારે સોનાના સુરજડા ઉગ્યા આજરે...

મારે મુખડાં કીધાં સાકર સરખાં મનરે

મારે ઘેરે પોધાર્યા પોતે ગોકુલભાઇ રે વલ્લભવરજી

મારે ઘેરે પોધાર્યા પોતે બેનજીરાજ રે વલ્લભવરજી

મારે ઓચીંતો માહા ઓચ્છવ આવ્યો આજરે વલ્લભવરજી



## ૯૧. સહીયર ચાલ્યાં રે ઠમ.

સહીયર ચાલ્યાં રે ઠમકતાં,
ક્યાં રમી આવ્યા માજત રાત ||સહીયરા||
કલ્લાં કાંબીને વલી વીંછવા,
પાયલ ઘુઘરીનો ઘમકાર ||સહીયરા||
ચરણાં ચોલીને વળી ચાંદલો,
શ્રીઅંગે સજીયા સોળ શણગાર ||સહીયારા||
મોહનભાઇના રે મંડપમાં,
ત્યાં તો રમ્યા દિવસને રાત ||સહીયારા||
બ્હેનજીરાજને રે ઓરડે,
ત્યાંનો પાલ્યા વૈષ્ણવના લાડ ||સહીયારા||
શ્રી ગોકુલભાઇના રે મંદિરમાં,
ત્યાંતો ભીડતણો નહીંપાર ||સહીયારા||
દાસી થઇને રે કરગરૂ,
આપો શ્રી ગોકુલેશ પુરમાં વાસ ||સહીયારા||

## ૯૨. ચોકમાં તો જાચક નાચે

ચોકમાં તો જાચક નાચે વાવાજી વાવા,
મહાપ્રભુ મંગલકારી વાવાજી વાવા
ભક્ત સહુ માલ લુટાવે વાવાજી વાવા,
શોભાજીનો વીરો આવે વાવાજી વાવા
વિઠ્ઠલજીનો લાલો આવે વાવાજી વાવા,
ગોકુલેશ નામ પુકારે વાવાજી વાવા

## ૯૩. શીયાળુમાં મહાપ્રભુજીના

શીયાળુમાં મહાપ્રભુજીના માંડવા રે નાચ્યા તે પોર બેચાર રે
નાચી કુદીને ઉભા થયા રે, શો શો કર્યો રે વિચાર રે
કંકુની પીયલો કરી રે, ચોખડીઆ ચોડયા લલાટે રે
માથે ભર્યા ફુલેલ રે, મુખમાં ભર્યા તંબોલ રે
મીશ્રીએ મોઢા ભર્યા રે, પરસાદે ખોળા ભર્યા રે

## ૯૪. ઉગ્યો ચાંપલીયાનો છોડ

ઉગ્યો ચાંપલીયાનો છોડ વ્રજવાસણી રે,
હું તો ગઇતી ગોકુલગામ વ્રજવાસણી રે,
મારા ઝાંઝરનો ઝમકો વ્રજવાસણી રે
તારો ઘુઘરીનો ઘમકો વ્રજવાસીણી રે
તારો ચુડીલાનો ઠમકો વ્રજવાસીણી રે
તારો જાલ્યો જમણો હાથ વ્રજવાસીણી રે
તારૂ મુખ પુનમનું ચંદ વ્રજવાસીણી રે
હું તો ગઇતી વલ્લભઘાટ વ્રજવાસીણી રે
મેં તો કર્યા જમુના પાન વ્રજવાસીણી રે
હું તો ગઇતી બેઠક માંહય વ્રજવાસીણી રે
મને મલ્યા ગોકુલનાથ વ્રજવાસીણી રે
મારૂં થયું પૂરણકામ વ્રજવાસીણી રે
ઉગ્યો ચાંપલિયાનો છોડ વ્રજવાસીણી રે

## ૯૫. સોઇ સોઇ રે સોઇનાં

સોઇ સોઇ રે સોઇનાં સોગટડાં મારે મંદિરે બાંધ્યા ફુમતડાં
એ ફુમતડું તો ફરકે છે એ ફરકે છે તે શા માટે
ગોકુલનાથજી પધાર્યા તે માટે, મહા ઓચ્છવ આવ્યો તે માટે
મોહનભાઇજી બેઠા હરખે છે એ હરખે છે તે શામાટે
તેહોને ભગવદી વ્હાલા તે માટે

મોર મુકુટ શિરપર ધર્યો, મુખ મોરલી ઘનઘોર
વૃંદાવનકી કુંજમેં જય જય જુગલ કિશોર
નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકી
હાથી દિયો ઘોડા દિયો ઓર દિયો પાલખી



## ૯૬. ધન્ય છે ગોકુલ -

ધન્ય છે ગોકુલ ગામને હું વારી જાઉ (૨,
ધન્ય છે એહોના લોકને હું વારી જાઉ,
ધન્ય છે એહોની કૃતને હું વારી જાઉ
શ્રી ગોકુલનાથજીનું ધામ છે હું વારી જાઉ
ધન્ય છે ગત ઘડી એકને હું વારી જાઉ
ધન્ય છે શુકવારને હું વારી જાઉ
ધન્ય છે ભરૂચ ગામને હું વારી જાઉ
મોહનભાઇજીનું ધામ છે હું વારી જાઉ
ધન્ય છે એહોની કૃત્યને હું વારી જાઉ
ધન્ય છે કપડવણજ ગામને હું વારી જાઉ
ધન્ય છે બોનજીરાજને હું વારી જાઉ
ધન્ય છે એહોની કૃતને હું વારી જાઉ
ધન્ય છે એહોના લોકને હું વારી જાઉ

## ૯૭. સખી આજનો લ્હાવો

સખી આજનો લ્હાવો લીજીએ રે કાલ કોણે દીઠી છે ?
ફુલની ગાદી ને ફુલના તકીયા
ફુલના બિછાના બિછાવીએ રે. કાલ. ૧
સોનાનાં સોગઠાને રેશમની ચોપાટ
હીરલાના પાસા ઢળાવિયે રે. કાલ. ૨
સોનાનું પારણું ને રેશમની દોરી
હરખે શ્રીનાથજી ઝુલાંવીએ રે. કાલ. ૩
વાણીના મેહુંલા ને આનંદની હેલી
સુખનેસરવડે ભીજાવીએ રે. કાલ ૪
વલ્લભના સ્વામિ પ્રભુ રસિક શિરોમણિ
વળી વળી મુખડાં નિહાળિરે રે. કાલ ૫

# વિવાહ ઉત્સવ

## ૯૮. કૃપા કરો જાઉં વારી વારી રે

કૃપા કરો જાઉં વારી વારી રે,
વિવાહ ગાઉં મંગલ શુભકારી રે ॥૧॥

સોલ વરસના શ્રી ગોકુલવિહારી રે,
શ્રી વિઠ્ઠલજીએ જોયું મન વિચારી રે ॥૨॥

શોભાજીને વાત પુછી શુભકારી રે,
શોભાજીતે બોલ્યા વચન વિચારી રે ॥૩॥

વેણાભટને ઘેર છે સકુમારી રે,
સાત વરસની છે સુકુમારી રે ॥૪॥

રૂપ ગુણ માંહે તે રઢિયાળી રે,
મીટડી તે ભરી ભરી નિહાળી રે ॥૫॥

સુંદરી તે માચ ચિત્તમાં હાં આવી રે,
સજ્જન સહુકો ને મન ભાવી રે ॥૬॥

શ્રી વિઠ્ઠલજીએ એ કન્યા નિરધારી રે,
રૂપાબાઈ જાયે વારી વારી રે ॥૭॥

વૈષ્ણવકું મુખ ચાહીયે, સાચ આદર અરૂ પ્રીત
દયા દાન મનદીનતા, વૈષ્ણવ મારગ રીત
શ્રી ગોકુલેશ કો હોય કે ઔર નમાવે માથ
ધિક્કાર વાકે જન્મકો ધિક ધિક વાકો સાથ
આરત વાત્સલ્યતા નહી નહી આતુરતા નેહ
ફિર સેવાતે કહા ચલી જ્યોં ફાગુનકો મેહ
રસીક યુથ દેખીયત નહી નહીં સિંહનકે ટોલ
વિરહ વેલી જહાંતહાં નહી નહીં પ્રિતકો મોલ



## ૯૯. જીરે પાતળી સોટીનો ચાબકો

જીરે પાતળી સોટીનો ચાબકો રે, એનું ડાળ નમી નમી જાય
જીરે ડાળ નમે એ ને સૌ નમે રે, એહને નમીઆ છે વૈષ્ણવ જન ॥૧॥

જીરે વેણાભટ લખી કાગળ મોકલે રે, શ્રી વલ્લભવર વહેલા રે આવો
જીરે હું કેમ આવું એકલો રે, મારે બહુરે સુજાતિનો સાથ ॥૨॥

જીરે ઘોડીને સાજન શોભિંતાં રે, શોભિતા સામૈયા અપાર
જીરે હાથીને જડાવના ઝુલ છે રે, શ્રી વલ્લભવર કેરો શણગાર ॥૩॥

જીરે હાથી પર સોના પાલખી રે, એની શોભા તણો નહીં પાર
જીરે લીલી ઘોડીને પીળો ચાબકો રે, એમનાં પલાણે રત્ન જડાવ ॥૪॥

જીરે ઘોડીનો અસ્વાર ફાંકડો રે, એમને મોહ્યાં છે વ્રજની નાર
જીરે સૌભાગ્યવતી ચમર ઢાળે રે, શ્રી વલ્લભવર કેરા શીશ ॥૫॥

જીરે આતસબાજી ઉડી રહી રે, ત્યાં તો નગરીમાં થઇ રહ્યો શોર
જીરે નગરીના લોકો એ પૂછીયું રે, આ કોણ રાય પરણવા જાયા ॥૬॥

જીરે નથી રે રાયાને નથી રાજીયો રે, એ શ્રી વિઠ્ઠલરાજકુમાર
જીરે રાણી રૂક્ષ્મણીજીના લાલ છે રે, એ છે શોભા બેનીજીના વીર ॥૭॥

જીરે એમને જઇને ઉતારીઆ રે, શ્રી જમુનાજીને તીર
જીરે વેવાઇ જમશે ઘેબરાં રે, એમના જાનૈયા જમસે કંસાર ॥૮॥

જીરે હાથીને આરનો ખીચડો રે, ઘોડાને ચણાની દાળ
જીરે વલ્લભવર આવ્યા તોરણે રે, એમના મંડપ લહેરકે જાય ॥૯॥

જીરે મંડપની શોભા શી કહું રે, તેનો કહેતાં ન આવે પાર
જીરે સાસુજી આવ્યાં પોંખવા રે, પોંખી માંયરામાં પધરાય ॥૧૦॥

જીરે વળતાં વહુજીને પધરાવીયાં રે, સોહાસણી મંગળ ગાય
જીરે પાંચ મંગળ પ્રભુ ત્યાં ફર્યા રે, સહુ ભક્તને આનંદ થાય ॥૧૧॥

જીરે પરણી શ્રી વલ્લભવર ઉઠીઆ રે, વરત્યો છે આનંદ અપાર
જીરે પાંચ દિવસ વ્હાલો સાસરે રહ્યા રે, રમીયા હરદી કેરા ખેલ ॥૧૨॥

જીરે દાસનો દાસ જાયે વારણે રે, અમને આપો શ્રી ગોકુલવાસ
જીરે રાખો ચરણ કમળની પાસ,
પાતળી સોટીનો ચાબકો રે એનું ડાળ નમી નમી જાય

## ૧૦૦. મદભર્યો હાથીને લાલ અંબાડી

મદભર્યો હાથીને લાલ અંબાડી, ફુલડાંનો સેહરો મેલો વલ્લભવર
ગોકુલના રાજવીને મથુરાના પાટવી,
શોભા બેનીજીના વીર રે વલ્લભવર ॥શ્રી ગોકુલના॥

તમને તે કોણ કોણ કહાવી રે મોકલે,
અમને તો મોહનભાઇ કહાવી રે મોકલે,
સમૃદ્ધિ જોઇએ તો અમારી લેજો ॥શ્રી ગોકુલના॥૨॥

તમને તો કોણ કોણ કહાવી રે મોકલે,
અમને તો ગોકુલભાઇજી કહાવી રે મોકલે,
જાનેયા જોઇએ તો અમારા લેજો ॥શ્રી ગોકુલના॥૩॥

તમને તો કોણ કોણ કહાવી રે મોકલે,
અમને તો માધવદાસભાઇ કહાવી રે મોકલે,
કાંઇ છત્ર જોઇએ તો અમારા લેજો ॥શ્રી ગોકુલના॥૪॥

તમને તો કોણ કોણ કહાવી રે મોકલે,
અમને તો લાડાંબાઇ કહાવી રે મોકલે
રૂપૈયા જોઇએ તો અમારા લેજો ॥શ્રી ગોકુલના॥૫॥

તમને તો કોણ કોણ કહાવી રે મોકલે,
અમને તો મોટાભાઇજી કહાવી રે મોકલે,
સુખપાલ જોઇએ તો અમારી લેજો ॥શ્રી ગોકુલના॥૬॥

તમને તો કોણ કોણ કહાવી રે મોકલે,
અમને તો વલ્લભભાઇજી કહાવી રે મોકલે,
ઘોડીલા જોઇએ તો અમારા લેજો ॥શ્રી ગોકુલના॥૭॥

તમને તે બહેનજીરાજ કહાવી રે મોકલે,
જાનડીઓ જોઇએ તો અમારી લેજો ॥શ્રી ગોકુલના॥૮॥

તમને તો વૈષ્ણવ કહાવી રે મોકલે,
કીરતનીઆ જોઇએ તો અમારા લેજો ॥શ્રી ગોકુલના॥૯॥



## ૧૦૧. મારે માંડવે કોણ.

મારે માંડવે કોણ કોણ આવ્યું ને, કોણ કોણ આવશે રે
જેણે આવે મારો વડો રે વિશેખ આશો રૂડો માંડવો રે
મોહનભાઇજીને મંડપ શોભા થઇ રહી રે
મંડપે જડીત્ર હેમ રત્નની પાંત્ય આશો... ૨

જીરે મારે માંડવે બેનજીરાજ આવ્યા ને રૂપાંબાઇ આવશે રે,
હું તો જોઉ મારાં વીરબાઇની વાટ આશો... ૩

મંડપે વાજિંત્રના ઘોષ થઇ રહ્યા રે,
ધોંસા નગારાં નફેરીને ઝાંઝ આશો... ૪

જીરે નરનારી બાલક સહુ આવીઆં રે,
તેહોની શોભાની પાર ન જાણું આશો... ૫

જીરે શ્રીરાજ મોહનભાઇ રસ ભર્યા રે,
ભકતરાજ ગોકુલભાઇ સાથ, તે આવે મારે રંગ રહેશે રે આશો... ૬

શ્રી વલ્લભ પદકુ નમન કરી, ઉર ધરી વલ્લભ રૂપ
વલ્લભ નૈનન નિરખીએ, પરમાનન્દ સ્વરૂપ
શ્રી વલ્લભપર રૂચી નહી, નહીં વૈષ્ણવપર સ્નેહ
તાકો જન્મ વૃથા ગયો, જ્યોં ફાગુનકો મેહ
ઉંચે જો ગિરધર બસે, જો નીચે ઘર હોય
બીના બુલાયે બોલીયે, નૈન નિરખ સુખ હોય
પ્રીતમ બસત પહાડ પેં, મેં બસંત યમુનાકે તીર
અબકે મિલનો કઠીન હૈ, પાયન પરી હૈ જંજીર
મુકિત માધો સો કહે, મેરી મુકત બતાય
જો વ્રજરજ લગે મસ્તક પે, તો મુક્તિ મુકત હો જાય

## ૧૦૨. ગોરી તારે મુખડે

ગોરી તારે મુખડે રતન જડયાં રે બાઇ
રત્ન જડયાં રે વ્રજરાજ, સેહરો અજબ બન્યો રે બાઇ ॥૧॥

વર પિતા તે વર પિતા કોણ કહેવાય રે બાઇ,
વર પિતા તે વર પિતા શ્રી ગોસાંઇજી કહેવાય રે બાઇ
કુંવર પરણાવવા આગળ જાય, સેહેરો અજબ બન્યો રે બાઇ ॥૨॥

વરમાતા તે વરમાતા કોણ કહેવાય રે બાઇ,
વરમાતા તે વરમાતા પદમાવતિ કહેવાય રે બાઇ
મોડ મુકીને આગળ જાય સેહરો અજબ બન્યો રે બાઇ ॥૩॥

વરવીરા તે વરવીરા કોણ કહેવાય રે બાઇ
વરવીરા તે વરવીરા ગિરિધરજી કહેવાય રે બાઇ
બંધુ પરણાવા આગળ થાય, શેહરો ॥૪॥

વર બેની તે વર બેની કોણ કહેવાય રે બાઇ,
વરબેની તે વરબેની શોભાબેની કહેવાય રે બાઇ
વીરો પરણાવવા આગળ જાય સેહરો અજબ બન્યો રે બાઇ ॥૫॥

વરમામા તે વરમામા કોણ કહેવાય રે બાઇ,
વરમામા તે વરમામા ગોવિંદમામા કહેવાય રે બાઇ
વરમામા તે વરમામા અચ્યુત મામા કહેવાય રે બાઇ
ભાણેજ પરણાવવા આગળ જાય, સેહેરો અજબ બન્યો રે બાઇ ॥૬॥

વરમામી તે વરમામી કોણ કહેવાય રે બાઇ,
વરમામી તે વરમામી ગંગામામી કહેવાય રે બાઇ
મોસાળુ લેઇને આગળ જાય, સેહરો અજબ બન્યો રે બાઇ ॥૭॥

વરમાસા તે વરમાસા કોણ કહેવાય રે બઇ
વરમાસા તે વરમાસા વર્ણારક ભટ્ટ કહેવાય રે બઇ,
જાનૈયા લઇને આગળ થાય, શેહરો અજબ બન્યા રે બાઇ ॥૮॥

વરમાસી તે વરમાસી કોણ કહેવાય રે બાઇ
વરમાસી તે વરમાસી ગોપ માસી કહેવાય રે બાઇ,
ભાણેજ પરણાવવા આગળ જાય, સેહરો અજબ બન્યો રે બાઇ ॥૮॥



## ૧૦૩. મારા પ્રભુની જ[illegible]જ

મારા પ્રભુની જલેબી મુજને વાહાલેરી લાગે,
વાહાલેરી લાગે વૈષ્ણવ ઘણી ઘણી માગે
તો એ ટુકના આપે ॥મારા॥૧॥

એરે મંદિરીયામાં મહેલોને મીઠું, મારા વલ્લભજી પરણે મેં
તોં અચરજ દીઠું, ॥મારા॥૨॥

એરે મંદિરીયામાં મહેલોને જીરૂં, મારા વલ્લભજી પરણે હું
તો ઘડીએ ના ધીરૂં, ॥મારા॥૩॥

એરે મંદિરીયામાં મહેલોને ગોળ, મારા વલ્લભજી પરણે
વૈષ્ણવ બોલોને ધોળ, ॥મારા॥૪॥

એરે મંદિરીયામાં મહેલોને દીવો, મારા વલ્લભજી પરણે
વૈષ્ણવ ઘણું ઘણું જીવો ॥મારા॥૫॥

એરે મંદિરીયામાં મહેલોને પાન, મારા વલ્લભજી પરણે
વૈષ્ણવ જોડોને જાન ॥મારા॥૬॥

એરે મંદિરીયામાં મહેલોને ઝુડો, મારા વલ્લભજી પરણે પાર્વતી
પહેરોને ચુડો, ॥મારા॥૭॥

## ૧૦૪. કોઇએ શ્રી વલ્લભજી ખેલંતા

કોઇએ શ્રી વલ્લભજી ખેલંતા દીઠા રે, જઇ ફુલની વાડીમાં પેઠા રે
મોગરો તે મરડીને લીધો રે, ચાંપલીઓ તે ચુંટીને લીધો રે
એમના ગજવામાં યાલોને સુત્ર રે,
એ છે શ્રી ગોસાંઇજીના પુત્ર રે ॥કોઇએ॥૧॥

કોઇ એ શ્રી વલ્લભજી દીઠા રે જઇ ફુલની વાડીમાં પેઠા રે
મોસંબી તો મુલવીને લીધી રે, નારંગી તે નીરખીને લીધીરે
એમના ગજવામાં યાલોને હીરા રે,
તો શોભા બેનીજીના વીરા રે ॥કોઇએ॥૨॥

## ૧૦૫. શેરી શેરી ઘુઘરડો

શેરી શેરી ઘુઘરડો વાગે રે, કેવી નગરીનો રાજા આવે રે,
ગોકુલ નગરીનો રાજા આવે રે॥

શોભા બેનીનો વીરો આવે રે, વેણા ભટની બેટીને લાવે રે
॥શેરી શેરી॥

## ૧૦૬. નંદ બાવાના ઘરને

નંદ બાવાના ઘરને ખૂણે પૂછે યશોદા માતા રે.... ૧
આપણો કાનો મોટો થયાં છે કરો વિવાહની વાત રે... ૨
કાના જેવડા સૌ ગોઠીયાઓ પરણી ઘેરે આવ્યા રે... ૩
મારા જેવડી સૌ સાસુએ વહુના આણાં કીધાં રે... ૪
સાસુ વહુ બે ભેગા મળીને ભર્યા જમુનાના બેડાં રે... ૫
સૌ વ્રજવાસી ભેગા મળીને કરો વિવાહની વાતો રે... ૬
મોટેરાં સૌ ભેગાં મળીને ગયા ભ્રખુભાણને ઘેર રે ... ૭
શ્યામળીયાનું માંગુ લઇને રાધાજીની સંગે રે... ૮
કીર્તિજી કહે ઘર સારૂં પણ મુરતીયો છે કાળો રે... ૯
રાધાજી કહે ભલે કાળો પણ મારે મન રૂપાળો રે... ૧૦
સંકેત વનમાં શામળીઓ શ્રી રાધાજીને પરણ્યા રે... ૧૧
નંદ બાવાના આંગણીયામાં થાયે લીલા લ્હેર રે... ૧૨
રસિક રાયના ગિરધારીને આનંદ ઉર ન સમાય રે... ૧૩

દેશ દેશાંતર મેં ફીર્યો દેખ્યો મનુષ્ય સુકાલ
જે દેખી મનહુલસે વાકો પડયો દુકાલ



# હીંડોળાના ધો..

## ૧૦૭. હીંડોળે હીંચે મારો વાહ..

હીંડોળે હીંચે મારો વાહાલો, શ્રી વિઠ્ઠલજીનો લાલો રે ॥૧॥
ઘુમરડી ઘાલે અતિ ઘણી ઘણી,
જોઇ જોઇ પોહોચે મારા મનની રળી ॥૨॥
આસન વંદન નાના વિધી, ચુંબન દાન કરે બહુ પ્રીત ॥૩॥
પુષ્પ તણી ત્યાંહાં રચના ઘણી ઘણી, રંગ રાખ્યો ગોકુલનો ધણી ॥૪॥
એ વાહાલાનો શ્રી ગોકુલવાસ, બલી બલી જાયે માધવદાસ ॥૫॥

## ૧૦૮. હીંડોળો નવરંગ્યો

હીંડોળો નવરંગ્યો સજની, તાંહાં રે ઝુલે શ્રી વલ્લભરાય
ચાલો હેલી જોવા જઇએ, આ સુખ શોભા કહીએ ન જાય ॥૧॥
નવરંગ કનક ખંભ દોઉ શોભિત, નવરંગ ડાંડી ચાર સોહાય
નવરંગ ચોકીને તકીઆ ગાદી, નવરંગ મોતીના ઝુમક છાય ॥૨॥

## ૧૦૯. હાંળે વલ્લભ પ્યારો હીંડોળે

હાંળે વલ્લભ પ્યારો હીંડોળે ઝુલે,
ઝુલે ઝુલે અતિ મન ફુલે હિંડોળે ઝુલે હાંરે... ૧
શ્રી બેઠક મધ્યે રચ્યો હીંડોળો,
કાલિંદીને કુલે હીંડોળે ઝુલે હાંરે... ૨
ઝુલાવત સબ મીલી ભકત ભાવસોં,
ચહુ દીસ રહી અનુકુલે હીંડોળે ઝુલે હાંરે... ૩
દાસ ગોપાલાલ વલ્લભ લટ;
તન મનકી સુદ્ધિ ભુલે હીંડોળે ઝુલે હાંરે... ૪
હાંરે મારો વાહાલો હીંડોળે ઝુલે હાંરે
માહારો છોગાલો હીંડાળે ઝુલે હાંરે... ૫

## ૧૧૦. સખી આજનો હિંડોળો મારે

સખી આજનો હીંડોળો મારે અતિસે અમુલ
અતિસે અમુલ સોહીયે ગુલાબ કેરા ફુલ... સખી

ફુલના બે ખંભા સોહીયે, ફુલ ડાંડી ચાર
ફુલના ફુમતડાં લટકે, ફુલની સોહીયે મ્યારા... સખી

ફુલ હિંડોળાં માંય બિરાજે, ફુલની સોહીયે માળ
ફુલીને ઝુલાવું મારા હૈયા કેરા હાર.. સખી

ઝુલે દોઉ સાથ પ્રિયા ઝુલે દોઉ સાથ
ફુલીને ગાય છે માધવદાસ... સખી

## ૧૧૧. હીંડોળે માઇ ઝુલે

હીંડોળે માઇ ઝુલે શ્રી વિઠ્ઠલકુમાર
શ્રી ગોકુલમાં રચ્યો હીંડોળો શોભા તણો નહીં પાર ૧
શ્રાવણ માસ સોહામણો મારી સજની વરસત શુભ અપાર ૨
ચાલો હેલી જોવા જઇએ આપણા જીવન પ્રાણ આધાર ૩
રસભકતનકો મનોરથ સીધો, રસદાન તણો એ આધાર ૪
શ્રી રૂક્મણીજીનો લાલ રંગિલો, માલા તિલકનો રક્ષણહાર ૫
પારવતિનો પતિ રંગ રસિયો, આપણા ઉર તણો શણગાર ૬
શોભા બેનીજીનો વીર સોહામણો, એની શોભાતણો નહી પાર ૭
ઝુલાવત સબ મિલી ભક્તિ ભાવસું, એહોના ભાગ્ય તણો નહી પાર ૮
આ સુખ જોઇ ભકત સહુ ફૂલે, ફૂલ તણો નહિ પાર ૯

*શ્રી લલ્લભ કુલકે વંશમેં, સબહી વલ્લભ રૂપ*
*જેસે લઘુ અરૂ દીર્ઘ હૈ, ગિરી કો સ્વરૂપ*



## ૧૧૨. શ્રીજી તારો હીંડોળો

શ્રીજી તારો હીંડોળો ઝાકમઝોળ, વહાલા તારો હીંડોળો ઝાકમઝોળ
ગિરિકંદરામાં બાંધ્યો હિંડોળો, બાંધી છે રેશમની દોર... શ્રીજી ૧
કાંગરે કાંગરે મેના ને પોપટ બોલે કળાધર મોર... શ્રીજી ૨
હીરને ચીરના બાંધ્યા ચંદરવા કેશરિયા વાઘા સોહાય... શ્રીજી ૩
ફળને ફૂલનો બાંધ્યો હિંડોળો, બાંધી છે કેવડાની કોર... શ્રીજી ૪
ચંપો ચમેલીને ગુલાબ મોગરો, ઉડે છે અત્તરની ફોર... શ્રીજી ૫
વહુજી બેટીજીને મહારાજ ઝુલાવે, વૈષ્ણવને દર્શનના કોડ... શ્રીજી ૬
દાસ નો દાસ હિંડોળો ઝુલાવે, ઝુલે શ્રી ગોકુલનાથ... શ્રીજી ૭

## ૧૧૩. હરે હો ફુલ હીંડોળે ઝુલેહી

હરે હો ફુલ હીંડોળે ઝુલેહી, વિઠ્ટલરાજ કુમાર
મોહન રત્ન ઝુલાવહી, ગોકુલેશ મહારાજ ફુલ હીંડોળે...૧

હરેહો નૌતન ખંભ સુંદીર બને, ડાંડી ચાર સોહાય
પટુલી હીરે જડાવહી, બિચ બિચ નંગ વિસાલ ફુલ હીંડોળે...૨

હરેહો ધોતી ઉપરણા રાજેહી ગુંજા તુલસીમાલ
એસે બિરાજે શ્રી મહાપ્રભુ, ઝુલાવત સખીયન સાથ ફુલ હીંડોળે...૩

હરેહો બાજે બહુ વિધી બાજે હો, ઝાંઝ મૃદંગ ઉપંગ
સપ્ત સ્વર મિલી ગાવહી, હોત વિમલ જસગાય ફુલ હીંડોળે...૪

હરેહો ફુલની માલા પહેરાય કે, તિલક કરત સુભ ભાલ
ઇંડીપીંડી ઓવાર કે, બીડાં દેત કરમાંહાં ફુલ હીંડોળે...૫

હરેહો આરતી કરે મન મોદસું વારતી તન મન પ્રાણ
ચીરંજીવો એમ કહી કહી વલ્લભદાસ બિલી જાય ફુલ હીંડોળે...૬

## ૧૧૪. ઝુલત વલ્લભલાલ હીંડોળે માઇ

ઝુલત વલ્લભલાલ હીંડોળે માઇ
શ્રાવણ માસ વદી ત્રીજને દીને વીનવ્યા શ્રી મહારાજ
વિઠ્ઠલદાસે મનોરથ કીધા પૂર્યા પ્રિતમે આજ ॥૧॥

બેઠા રંગ સુરંગ હિંડોળે ઝુલાવત કુંવર માન
ઝોટા દેત સોહાગી સીંગાર દે, હરખી ફૂલે ન સમાન ॥૨॥

વિઠ્ઠલદાસ ચમર ઢાલેને, પંખો કરે લખી દાન
ફુલે પરસ્પર નીરખી વલ્લભવર હસી હસીકરે રસપાન ॥૩॥

કુંવર માન ઓવારત રસવશ સુધ બુધ સર્વ ભુલાઇ
નીરખી નીરખી મધુરી મુરત માધવદાસ બલી જાઇ ॥૪॥

## ૧૧૫. ઝુલે ઝુલે મારો વલ્લભજી

ઝુલે ઝુલે મારો વલ્લભજી લાડીલો રે,
શ્રીય વિઠ્ઠલજીનો લાડીલો રે, રૂક્ષમણીજીનો રમાડીલોજી રે ॥૧॥
પાર્વતી વહુજીનો પતિ રંગ રસિયો, ભવસાગરમાંથી કાઢલો જીરે ॥૨॥
શોભા બેનીજીનો વીર સોહામણો, શોભા સુખ આનંદ પમાડલો જીરે ॥૩॥
શ્રાવણ માસ સોહામણો મારી સજની, રંગ ભર રજની રમાડલો જીરે ॥૪॥
માનકુંવરના મનોરથ પુંરીઆ, રસ દાન કરી જીવાડલો જીરે ॥૫॥
એકના સ્વરૂપને એકજ જાણે, અંગી સૂરતે સ્વરૂપ દેખાડલો જીરે ॥૬॥
દાસ ગોપાલ દીન થઇ વીનવે, આપો ચરણ નિવાસલો જીરે ॥૭॥

*પ્રેમ જ્યોતિ શ્રી રાધિકા, પ્રેમ બરણ શ્રીનંદનંદ*
*પ્રેમ વાટિકા કે યે દોઉ, માલી માર્લિન દુ:ખદવંદ*
*મન પંખી તન પાંખ કરી, ઉડ જાવો વહ દેશ*
*શ્રી ગોકુલ ગામ સુહાવનો, જહાં બસત શ્રીગોકુલેશ*



## ૧૧૬. આવો આવોને નંદજીના લાલ

આવો આવોને નંદજીના લાલ મારી ફૂલવાડીએ,
હું તો જોઉં છું તમારી વાટ - મારી ફૂલવાડીએ ટેક
કદમની કુંજમાં રોપ્યો હીંડોળો, તમને ઝુલાવાને નાથ ,, ,, ૧
કદળીના મેં તો સ્તંભ બનાવ્યા, મયાર ચંદનની ડાળ ,, ,, ૨
પટુલી કરી છે આંબાની ડાળની પાથર્યા પલાશના પાન ,, ,, ૩
દાંડી ચાર છે ચંપાની ટાળની કળશ શ્રીફળના સાર ,, ,, ૪
સ્તંભો મોગરાની ભાતો પાડી છે વચ્ચે એલચી લવીંગના પાન ,, ,, ૫
દાંડીઓ ભરી છે વેણીનાં ફૂલથી ગુલાબ ચમેલીની ભાત ,, ,, ૬
પટુલી સજી છે વિધવિધ ફૂલથી ગાદીએ કમળનાં ફૂલ ,, ,, ૭
ઝાલર ગૂંથી છે મોગરાની કળિયે, ઝુમખાં દાડમનાં અપાર ,, ,, ૮
પુતળિયો કેવડાની સ્તંભે ધરી છે. ઝુમ્મરે ગેંદાનાં ફૂલ ,, ,, ૯
કદમના ફૂલનાં તોરણ બાંધ્યાં છે, વચ્ચે વચ્ચે ચંદનના પાન ,, ,, ૧૦
કેસરનાં ફુલની કમાનો રચી છે, ગોપીઓ ઉભી ચોપદાર ,, ,, ૧૧
મારી ફૂલવાડી શ્રીયમુનાં પુલિનમાં, મંદ સુગંધ વાયુ વાય ,, ,, ૧૨
ઝુલાવુ પ્રીતે પ્રિયા પ્રિયા - પ્રીતમને, સખીઓના વૃંદ માય ,, ,, ૧૩
હોલે હોલે હું ઝુલાવીશ વ્હાલા શ્રમ નહિ પડે લગાર ,, ,, ૧૪
મારી વાડીના મીઠા મીઠા મેવા, આરોગાવીશ મારે હાથ ,, ,, ૧૫
હુંય ઝુલીશ વ્હાલા તમારી સંગે, રંગ તો રહેશે અપાર ,, ,, ૧૬
જોરથી ઝોટા ના દેજો મોહનજી હું છું અતિ સકુમાર ,, ,, ૧૭
પધારો વ્હાલા વિઠ્ઠલ રસિયા, કરો દીનદાસને ન્યાલ ,, ,, ૧૮

## ૧૧૭. બેઉ રસિયે રસિયા

બેઉ રસિયે રસિયા ઝુલે છે, ઝુલે છે મન ફુલે છે બેઉ... ૧
પરસ્પર વાત કરંતા, મરકલડે મુખ જુવે છે બેઉ... ૨
એક એકની સુંદરતા જોઇ, પેલા વિજાતિનાં મનડાં ડોલે છે બેઉ... ૩
ચંપક વરણી ચીરજ પહેર્યા, ભારે બહુ મુલે છે બેઉ... ૪
વલ્લભદાસ વિઠ્ઠલનંદ જોઇ, દાસીનાં હેયડાં ફુલે છે બેઉ... ૫

# પવિત્રાનાં ધોળ

## ૧૧૮. પહેરત ગોકુલભુપ પવિત્રાં

રાગ સારંગ

પહેરત ગોકુલભુપ પવિત્રાં, પહેરત ગોકુલભુપ ॥
શ્રાવણ શુકલ દ્વાદસી શુભદિન, મંગલકો નિજરૂપ ॥૧॥

આનન ચારૂ રસિકવર સુંદર, પરમાનંદ સ્વરૂપ ॥
વૃંદાવનકો ચંદ શ્રી વલ્લભ, છિનું છિનું રૂપ અનુપ ॥૨॥

## ૧૧૯. પવિત્રાં પહેરત

પવિત્રાં પહેરત શ્રી વલ્લભલાલ, પવિત્રાં પહેરત શ્રી વલ્લભલાલ
શોભા અંગોઅંગ અતિ રાજત, ચંચલ નયન વિશાલ પવિત્રાં...૧

સુનિ સુનિ શ્રંગાર સબે સજે, દેખન આઇ વ્રજબાલ
વૃંદાવનકો ચંદ શ્રી વલ્લભ, મોહન રસિક રસાલ પવિત્રાં...૨

## ૧૨૦. પહેરત અનગિનતી પવિત્રાં

પહેરત અનગિનતી પવિત્રાં, પહેરત હે અનગિનતી
વલ્લભ કે ઢીંગ સન્મુખ બેઠે, બેટા નાતી પનતી ૧

બીડાં લે મુસકાત ખાત પ્રભુ, વાત બનાવત બનતિ
વૃંદાવન સુખ પાઇ વ્રજવધુ, ચિરંજીવો યોં ભનતિ ૨

દાન કૃપા અરૂ દીનતા, સ્નેહ ઉત્તમ સંગ
એ પટંગ તત્વસો પુષ્ટ હૈ, વૈષ્ણવ કો સ્વાંગ
તન વિધુ મન શાહ મિલ્યો, હઠ ઠાન્યો બીનું કાજ
જીય માલા સંકટ પર્યો, રાખો હો વલ્લભરાજ
પ્રેમ નહીં પતિવૃત નહીં, નહીં દ્રઢતા નહીં ટેક
ફિર ભજનતેં કહા ભયો, જયો પાનીનો ભેક



# હોરીના રસીયા

## ૧૨૧. શ્રી વિઠ્ઠલરાજ કુમાર ખેલે હો

શ્રી વિઠ્ઠલરાજ કુમાર ખેલે હોરૈયાં, એ, નિહાર ખેલે હોરૈયાં
વાહાલો કેસરી બાંધે પાગ, વાગો કેસરીયાં,
એ નિહાર વાગો કેસરીયાં ॥૧॥

ત્યાં સોંધો ઉડે ઝકઝોરકે
ગુલાલકી પોટરીયાં એ નિહાર ગુલાલકી પોટરીયાં
ત્યાં દેત ધડાધડ માર ફુલનકી છડીયાં,
એ નિહાર ફુલનકી છડીયાં ॥૨॥

ત્યાં એક આવે ને એક જાય-
એ વાજે નેપુરીયાં નિહાર વાજે નેપુરીયાં ॥૩॥

વૃંદાવન બલી બલિ જાય, ગોકુલકી ગલીયાં,
એ નિહાર ગોકુલકી ગલીયાં ॥૪॥

## ૧૨૨. કેસે ખેલું હોરી રે

કેસે ખેલું હોરી રે કેસે ખેલુ હોરી રે સંગ લાગ્યોરી આવે
ચૌવા ચંદન ઘોરી રે ચૌવા ચંદન ઘોરી રે સંગ લાગ્યોરી આવે
કેસે ખેલું હોરી રે કેસે ખેલુ હોરી રે સંગ લાગ્યોરી આવે
ભર પિચકાઇ મોં મુખ પર ડારી, ભીંજગઇ તન ગોરી રે ॥સંગ॥

કૃષ્ણ કહત હે નાથ હમારો, મોસું કરે બર જોરી રે ॥સંગ॥

શ્રી વલ્લભ યા તનકી કરૂં, મોજડી પહેરાવું પીય
પાય તોય અધિ કરણી, રાચરો વ્યાજ બદલો નહીં પાય
શ્રીવલ્લભાધિશ્વર નૃપ છાંડ કે, અનંત હી યાચે જાય।
શ્વાન જન્મ ઉન જનનકો, મસી લાગો મુખમાંય

## ૧૨૩. નેક ઠાડો રહે, હો નેક ઠાડો

નેક ઠાડો રહે, હો નેક ઠાડો રહે, નેક ઠાડો રહે
વલ્લભ તોપે રંગ ડારૂ નેક ઠાડો રહે

રંગહી ડારૂ અબિરહી ડારૂ હો,
ડારૂ ગુલાલ તેરે નેનનમે — નેક ઠાડો રહે... ૧

શ્રી રૂકમિણીજીકો લાલજુ કહાવે હો,
તું કહાવે શોભાજીકો વીર હો — નેક ઠાડો રહે... ૨

શ્રી વિઠ્ઠલજીકો લાલો તુ કહાવે હો,
તું કહાવે પ્યારીકો પ્યારો હો — નેક ઠાડો રહે... ૩

ચોવાકી બિંદી કરૂં તેરે ભાલન પેં,
તેરે નેનમેં કાજર ડારૂં — નેક ઠાડો રહે... ૪

બહુ જુવતિનકો તું નાયક કહાવે હો,
તું કહાં જાવે હમ ઠગીઆં — નેક ઠાડો રહે... ૫

લાલ ગુલાલ ભરૂં તેરે ફેંટા હો,
તોરે ગાલનપેં ગુલચા મારૂં — નેક ઠાડો રહે... ૬

કેસરસું છીરકું તેરી અંગીઆં હો,
તોકું લેવું પકડ ઉછંગીઆં હો — નેક ઠાડો રહે... ૭

હોરી ખેલે હમ તોસું મીલીકે હો,
ફગુવા લેવે ઝકઝોલ હો — નેક ઠાડો રહે... ૮

મન ભાયો સો કીનો હમારો હો,
તેરો રસદાન લૈ હમ ઠરીઆં હો — નેક ઠાડો રહે... ૯

દાસ કહે એક આશ તિહારી હો,
દર્શન દીજે વિહારી હો — નેક ઠાડો રહે...૧૦

*શ્રી વલ્લભ ફલ ના ચખ્યો, ગહયો ના ચરણ સરોજ*
*ધીક્ ધીક્ ઉન જનન કો, ધરણી વૃથા ઉઠાયો બોજ*



## ૧૨૪. હોરી ખેલે શ્રી ગોકુલનાથ

હોરી ખેલે શ્રી ગોકુલનાથ વ્રજમે ધુમ મચી.
સિંઘપોર તેં નીકસ ઠાડે ભયે,
લે પિચકાંઇ હાથ ||વ્રજમેં ધુમ મચી — હોરી... ૧

છીકરત છેલ છબીલી ભાંતી ન,
રસિકે ભકતજુ રસાલ એસી જુગત રચી — હોરી... ૨

યા વ્રજમેં વનિતા સગરી મિલી,
એક હું ના બચી પિયાકે રૂપ રચી — હોરી... ૩

ઘર ઘર તેં નીકસી બન બનકે,
દેખન.રૂકમણીલાલ ||વ્રજમેં ધુમ મચી — હોરી... ૪

જગમોહન ઠાડી રૂપ નિરખત,
અખીયાં ભઇ હે નિહાલ ચરણ દ્રષ્ટ ખચી — હોરી... ૫

## ૧૨૫. ખેલી ફાગ અનુરાગ ઉમંગી

ખેલી ફાગ અનુરાગ ઉમંગી જુવતી જન દે આશિષ
રસિકન કે રસ રાસ શ્રી વલ્લભ,
જીવો કોડ વરીપ — ખેલી... ૧

ઘેરી આઇ ખેલન કે કારણ અબલા જુરી દસવીસ
હરિદાસ પ્રભુ ખેલો વસંત નિત્ય
શ્રી ગોકુલ કે ઇપ — ખેલી... ૨

## ૧૨૬. શ્રી ઠાકુર ગોકુલનાથ

શ્રી ઠાકુર ગોકુલનાથ તેરો જગમેં ડંકા બાજ રહયો।
ગોકુલપતિ ચાર ભુજાવાલે, હે ગાય ગોપ કે રખવાલે,
રહે બ્રજવાસિનપે હાથ, તેરો જગમેં ડંકા બાજ રહયો ૧
તિહારી કરે મંગલા જો કોઇ મન વાંછિત ફલ પાવે સોઇ
જાકે કટે જનમકે પાપ, તેરો જગમેં ડંકા બાજ રહયો ૨
તુમને ઇંદ્રકોમાન ઘટાયોહેર, નખપેં ગિરિરાજ ઉઠાયો હે
ગોવર્ધન કો પૂજવાયો હે, તુમને બ્રજકો લિયો બચાય તેરો ૩
બન બનમેં ગાય ચરાઇ, ભકતો કે સદા સહાઇ હે
દાસ ચરણોમેં જાય બલિ હારી તેરો જગમેં ડંકા બાજ રહયો ૪

## ૧૨૭. હોરી તો વ્રજવાસી ખેલે

હોરી તો વ્રજવાસી ખેલે ખેલે વ્રજનીનાર હોરી આઇ રે
જમુના કાંઠે ખેલી રહયો છે નંદાજીનો લાલ હોરી આઇ રે
મોર મુકુટને મુંખડું મલકે ઉડે અબીર ગુલાલ હોરી આઇ રે
પીળાં તો પિતાંબર પહેર્યા પિચકારી તૈયાર હોરી આઇ રે
સામા સામી ભર પિચકારી છોડે ગોપી ગ્વાલ હોરી આઇ રે
સાડી મારી કેસર ભીની મુખડું લાલ ગુલાલ હોરી આઇ રે
કેસૂડાનો રંગ રૂપાળો ઉડે માઝમ રાત હોરી આઇ રે
સૌ ગોવાળીયા સંગો કાનો આવ્યો યમુનાઘાટ હોરી આઇ રે
વસંતના તો વાયુ વાયા ચાલે ચમકતી ચાલ હોરી આઇ રે
ફાગણ મહિનો રંગો રૂડો જોબન ઘેરી નાર હોરી આઇ રે
અંગો અંગે બધુ ઉમંગો રસિયાજી રસહાર હોરી આઇ રે
હરિદાસના સ્વામિ શામળીયા ઉતારો ભવપાર હોરી આઇ રે

## ૧૨૮. હોરી ખેલે નંદલાલ

હોરી ખેલે નંદલાલ ગોકુલકી કુંજ ગલિનમેં
ગોકુલકી કુંજ ગલિનમેં મથુરાકી ગલી ગલીનમેં હોરી ૧

પૂરવ મેં રાધા પ્યારી પશ્ચિમમેં કૃષ્ણમુરારી
ઉત્તર દક્ષિણ ગોપી ગ્વાલ હો ગ્વાલ ગોકુલકી કુંજ ગલિન મેં ૨

યાનેં ભર પિચકારી મારી મેરી ચોલી ચુંદર ફાડી
યાને મ્હોંડે મલ્યો ગુલાલ ગુલાલ ગોકુલકી કુંજ ગલિન મેં ૩

સૂરદાસ જશ ગાયો વ્રજ વાસિનકે મન ભાયો
યાનેં રચ્યો અનોખો ફાગ હોફાગ ગોકુલકી કુંજ ગલિન મેં ૪

શ્રી ગોકુલેશ કો હોય કે, ઓર નમાવે માથ
ધિક્કાર વાકો જન્મ કો, ધિક ધિક વાકો સાથ



## ૧૨૯. પકરોરી વ્રજ૦. હેર

પકરોરી વ્રજનાર કન્હૈયા હોરી ખેલન આયો હૈ ।
સંગમેં અતિ ઉત્પાતી ગ્વાલ, હાથ પિચકારી ફેંટ ગુલાલ
કમોરી રંગનકી ભર લાયો હૈ... પકરોરી વ્રજનાર
ભાગિ નહી જાય એક હુ ગ્વાલ મલો મુખ ઉપર ગોબર ગાલ
બડ ભાગિન તે ફાગુન આયો હૈ.. પકરોરી વ્રજનાર.. ૨
ફેંટતે લિયો ગુલાલ નિકાર, દિયો રાધેકે ઉપર ડાર,
સખિનકે મોહડેં દિયે બિગાર, સખિનને હલ્લા ખુબ મચાયો હૈ ૩
ઉડાયો ભરિ ભરિ મુઠિ ગુલાલ, વ્હેં ગયે ધરતી બાદર લાલ,
દાવ વ્રજગોપિનને જબ પાયો હૈ.. પકરોરી વ્રજનાર ૪
ધાવકર મોહન પકરે જાય, ગાલપેં ગુલચા દિયે જમાય,
કિશોરી રહી મંદ મુસ્કાય, નંદકો ઘુંઘટ માર નચાયો હૈ ૫

## ૧૩૦. ગોકુલકો ઠાકુરહો

ગોકુલકો ઠાકુરહો ખેલે હોરૈયાં ।
લલિતાજુકો બાગોહો બિરાજે કેસરીયાં ।
શિર ધરીં મટુકીયા હો ઉરપર દોહનીયાં ।
દધિદાન દિયે ઘર જાવો લાગર ગ્વાલિનીયાં ।
દધિદાન જુ કેસો હોય સુનો મન મોહનીયાં ।
મેરો ફગુવા દેહૂ મંગાય માંગે ગ્વાલિનીયાં ।
સૂરદાસ બલ જાય બાજાવે કોહનીયા ।।૧।।

## ૧૩૧. કાના પિચકારી મત માર

કાના પિચકારી મત માર મેરે ઘર સાસ લડેગી રે।
સાસ ડુકરિયા મેરી ખોટી, ગારી દેગી ના દેગી મોહે રોટી,
દેરાણી જેઠાણી મેરી જન્મકી બેરન શુબા કરેગી રે ૧
જાય જાય જુઠ પિયાસો બોલે, એકકી ચાર, ચારકી સોલે,
નણંદ બડી બદમાશ પિયાકે કાન ભરેગી રે ૨
કછુ ન બિગડે શ્યામ તુમ્હારો, મોકો હોયગો દેસનિકારો,
ગારી દે દે વ્રજકી નારી મેરી હાંસી કરેગી રે ૩
હા હા ખાય પડૂં તેરે પૈયા, ડારો શ્યામ મતિ ગલબહિયાં,
સૂર શ્યામ મોતીનકી માલ ટૂટ પરેગી રે ૪

## ૧૩૨. નણદિયા કુઆપે આસન

નણદિયા કુઆપે આસન જોગીકા,
જલ ભરૂં કી પીછી જાઉં ૧
તાતી તાતી જલેબી ઔર હાથમેં રહેબી,
મૈં તો જોગીડા જિમાવન જાઉં ૨
સિરપર ઘડા ઔર ઘડા પર ઝારી,
મૈં તો જોગીડા પીવાવન જાઉં ૩
પકકા દો પાનકા રસીલા બીડલાં,
મૈં તો જોગીડા ખવાવન જાઉં ૪
ચુન ચુન કલિયાં સેજ બનાઇ,
મૈં તો જોગીડા પોઢાવન જાઉં ૫
સારી સરસ કસબ કો લેંહગા,
મૈં તો જોગીડા દિખાવન જાઉં ૬
ગોરી ગોરી બહિયાં, હરી હરી ચુડિયાં,
મૈં તો જોગીડા રીઝાવન જાઉં ૭
વા જોગીને મેરી બૈયાં મરોરી,
મૈં તો લાજકી મારી મર જાઉં ૮

## ૧૩૩. ખાતર કરલે નઇ

ખાતર કરલે નઇ ગુજરિયા રસિયા ઠાડો તેરે દ્વાર ।
યે રસિયા તેરે નિત ન આવે, પ્રેમ હોય જબ દર્શન પાવે,
અધરામૃતકો ભોગ લગાવે,
કરિમહમાની અબ મત ચૂકે સમય ન બારંબાર ૧
હિરદેકી ચોકી કરિ હેલી, નેહકો ચંદન ચરચ નવેલી,
દીક્ષા લે બન જૈયો ચેલી,
પુતરિન પલંગ બિછાય પલકકી કરલે બંદ કિયાર ૨
જો કછુ રસિયા કહે સો કરિયો, સાસ નણંદકો ડર પરિહરિયો,
સોલહ કર બત્તિસ પહરિયો
દે દે દામ સુમકી સંપત્તિ જીવન હે દિન ચાર ૩
સબતે તોરી નેહકી ડોરી, જમના પાર ઉતર ચલ ગોરી,
નિધરક ખેલ્યો કરિયો હોરી
શ્યામ રંગ ચઢિ જાય જા દિના હો જાય બેડો પાર ૪



## ૧૩૪. હોલી ખિલા-

અવકે હોલી ઔર ખિલાય જાય રે ઓ જશોદાકે લાલા..
તોપે નીલો, તોપે પીળો, તોપે કેસરિયા રંગ ડાલુંરે,
ઓ જશોદાકે લાલા....
પરસો દિનકે ગયો કનૈયા,
આજ તનક નહિ આયો છલિયા,
ઠાડી દેખું વાટ તુમારી રે, ઓ જશોદાકે લાલા.... ૨
કોરે કોરે કલશ મંગાયે,
વામે કેસર રંગ ગુરવાએ
તોપે તકકે પિચકારી મારું રે ઓ જશોદાકે લાલા.... ૩
વરસ દિનામેં હોરી આવે,
અબ લાલ ક્યોં શરમાયે,
તોયે પકડકે નાચ નાચ નચાવું રે, ઓ જશોદાકે લાલા.... ૪

## ૧૩૫. હોરી ખેલ રહી વ્રજનાર

હોરી ખેલ રહી વ્રજનાર, વ્રજનાર ફાગુનકો મહિનો આયો હે,
મૈં કર સોલે શિંગાર ચલી, સંગમેં હે શ્રી વૃષભાન લલી,
ગ્વાલન સંગ કૃષ્ણ મોરાર... ફાગુનકો.... ૧

હોતે હોરી ગાવત હે, ડફઢોલ મૃદંગ બજાવત હે,
એ તો ગાયો રાગ ધમાર (૨).... ફાગુનકો.... ૨

દોઉ લગસે ચલ રહી પિચકારી, ઠાડે મુસ્કાય રહી ગિરધારી,
ઔર રંગકી ઉડત ફુવાર (૨).... ફાગુનકો.... ૩

મન સુખમેં લલિતા પકડ લઇ, ચુંદરિયા રંગમેં બોર દઇ,
યાકી ચોલી દીન ફાર હો ફાર.... ફાગુનકો.... ૪

સખિયંનમેં સલાહ બતાઇ હે, પકરો શ્રી કૃષ્ણ કન્હાઇ કે,
યાકો નરસે બનાઇ દિયો નાર... ફાગુનકો.... ૫

લાલ અબ ન છૂટ પાવાગે, કાના અબ ઘૂંટણ પાવોને,
ફગવા જબ તક નહિ લાઓગે, નહી માનો અપની હાર...
ફાગુનકો મહિનો આયો હે.... ૬

## ૧૩૬. મેં તો ન જાઉં સસુરાલ

મેં તો ન જાઉં, ન જાઉં સસુરાલ, સખીરી ફાગુન મેં... ॥ટેક॥

ફઆગમેં હોય ઉદમ ભારી, લોક લાજ કુવામેં ડારી,
અરે વ્રજ મારો નંદકો લાલ, સખીરી ફાગુનમેં.... ૧

પહેલી વાર પિયા ઘર ગઇ મેં, કારે કનવાનો ઘેર લઇ મેં,
મોસો ખૂબ મચાઇ ધમાર લઇ મેં, સખીરી ફાગુનમેં.... ૨

બૈયા પકડ જંજોર રહી મેં, કેસર રંગ સરબોર ભઇ મેં,
મેરે ગાલ લગાયો ગુલાલ, સખીરી ફાગુનમેં... ૩

બડી અનોખી વ્રજકી હોરી, સખિયનકી સરદાર કિશોરી,
યાકો દુલ્હે મદન ગોપાળ, સખીરી ફાગુનમેં... ૪

## ૧૩૭. બરસાનેમેં આઇ જઇઓ

કાના બરસાનેમેં આઇ જઇઓ (૨)
બુલાઇ રહી રાધા પ્યારી ॥ટેક॥

સોનાની કુંડીઓમાં જમના-જળ ભરીયા
અરરરર તેરી ગરજ પડે તો નાય જઇઓ (૨) બુલાઇ... ૧

સોનાની થાળીમેં ભોજન પરોસ્યા
અરરરર તેરી ગરજ પડે તો જમ જઇઓ (૨) બુલાઇ... ૨

સોનાની ઝારીમાં જમુના જળ ભરીયા
અરરરર તેરી ગરજ પડે તો પી જઇઓ (૨) બુલાઇ... ૩

પકકા દો પાન કા રસીલા બીડલા
અરરરર તેરી ગરજ પડે તો ચાઇ જઇઓ (૨) બુલાઇ... ૪

ચુન ચુન કલીયાની સેજં બિછાઇ
અરરરર તેરી ગરજ પડે તો પોઢ જઇઓ (૨) બુલાઇ... ૫

ચાંદકી ચાંદની મે ચોપટ બિછાઇ
અરરરર તેરી ગરજ પડે તો ખેલ જઇઓ (૨) બુલાઇ... ૬



## ૧૩૮. ફાગુન આ...

મદમાતો ફાગુન આયો,
તનક ગોરી રસિયાસો બતરાઇ દીજે, મદમાતો...
યહ જોબન હૈ ચાર દિનોંકો
યાતે નૈનન સે નૈન મિલાઇ દઇઓ, મદમાતો... ૨
સાસ નણંદ કો ડર મત રખિયો,
યાતે ઘૂંઘટમેં બતરાઇ દીજે, મદમાતો... ૩
રસિયા રસકો ભર્યો હિંડોલે,
છાતી સે ચિપલાઇ લઇઓ, મદમાતો... ૪
જો કછુ રસિયા કહે સો કરિયો,
અચક અચક અચળાઇ દઇઓ, મદમાતો.... ૫
કૃષ્ણ જીવન લછીરામ સે પ્રભુસો,
તનકી તપત બૂઝાઇ દઇઓ, મદમાતો... ૬

## ૧૩૯. તેરે લાલાને

તેરે લાલાને રંગ ડાર્યો જશોદા મૈયા (૨) ॥ટેક॥

ચટક ચૂંદડી સબકી બિગાડી, આંખનમે પિચકારી મારે (૨)
મોઢો ગુલાબી કર ડાર્યો જશોદા મૈયા.... તેરે લાલાને... ૧

બહોત બરજોરી મોસો કોની, પકડ શ્યામે ધરતી પે દીની
લેંઘાકો તોડ દીયો નારો જશોદા મૈયા.... તેરે લાલાને... ૨

મારે શરમકી મેં તો મર ગઇ, નેક દયા નહીં લાયો નિરદઇ
પિયા લડેગો હમારો, જશોદા મૈયા.... તેરે લાલાને... ૩

મુસ્કાયે તબ બાંકે બિહારી, શોચ કરે મનમે વ્રજકી નારી,
યે હૈ કાના બંસીવાળો, જશોદા મૈયા.... તેરે લાલાને... ૪

ધન્ય ધન્ય આ વ્રજકી હોરી, ધન્ય આ સદાએ વ્રજકી ગોરી
સેવક મસ્ત તિહારો, જશોદા મૈયા.... તેરે લાલાને... ૫

## ૧૪૦. એક બાર હંસ કે બોલ

મોસે એક બાર હંસ કે બોલ (૨) સિપાઇઆ
ફૈટા ગુલાબી રંગવાઇ દઉંગી ॥ટેક॥
ફૈટા રંગાઉં તેરી પઘડી ઓ રસિયા
જામા રંગાઉં અણમોલ - સિપાઇઆ ફૈટા... ૧
તો એ દિખાઉં દિલ્હી, આગ્રા,
ઓ રસિયા, ઔર દિખાઉં અજમેર - સિપાઇઆ.. ફૈટા... ૨
મલમલ સેજપર પોઢાવું ઔર ખિલાવું
ભારે ખેલ સિપાઇઆ ફૈટા... ૩
હમતુમ લાયક રસ સામગ્રી,
રસલૂંટ ભર પેટ સિપાઇડા ફૈટા... ૪
પુરુષોત્તમ પ્રભુ વૃક્ષ હમારે,
હમ હૈ તુમ્હારી વેલ સિપાઇડા ફૈટા... ૫

## ૧૪૧. જાઉંગી સસુરાલ

મૈં તો જાઉંગી, જાઉંગી સસુરાલ, સખીરી ફાગુનમેં... ॥ટેક॥
સંગકી સખી સબ જાય રહી હૈ,
મેરે ઉમનમેં આય રહી હૈં,
કબ કડાચે મૈં રંગ નંદલાલ... સખીરી ફાગુનમેં... ૧
અબ પહોંચ ગઇ અપને પિયા ઘર,
સુનરી ખબર ચલ્યો આયો ગિરધર,
યાકો ફૈટન ભર્યો હૈ ગુલાલ... સખીરી ફાગુનમેં... ૨
હસ હસ ગાલ ગુલાલ લગાયો,
ખોલકે ઘુંઘટ શ્યામ મુસ્કાયો,
ઓકો કેસર રંગ દીયો ડાર... સખીરી ફાગુનમેં... ૩
ઘર આંગનમેં મચ ગઇ હોરી,
પકડ શ્યામને બૈયા મચોરી,
અરે કહા સુનાઉં તમે હાલ... સખીરી ફાગુનમેં... ૪
ગોવિંદ પ્રભુ કહે કુંવર લાડીલો,
ઓપે રખિયો નજર નંદલાલ... સખીરી ફાગુનમેં... ૫



## ૧૪૨. અપુન બેઠે લાલ

આપુન બેઠે લાલ પર્યંક પર હમારી વિદા કરદીન રે
હમારી વિદા કરદીન રે મેરો મન લીનરે પરચિનવા
હીયરા તપે હે રાજ રે સજન મિલાવો કીનરે
નીરખી સલોનો મન કેસે ધરૂં ધીરરે, ચીત્તવની મેં કછુ કીનરે (૨, મેરો
મીલવેકો સુખ મોપે કહ્યો ન પરતે હે, દેખત ભઇ આધીનરે (૨) મેરો
સ્યામ સલોના નાગર નયણાં, વિરહ અગન તન છીનરે (૨) મેરો
સાસ કી ચોરી મે કજરાદીનો, સોઇ નણદ કહે દીનરે (૨) મેરો

## ૧૪૩. આરતી લાવ્યાં સુંદરી સહુ

આરતી લાવ્યાં સુંદરી સહુ, ભકત તે મલિયો સમાજજી
આસને બેઠા વલ્લભવર, દાન આપે છે શ્રી માહારાજજી (૧)
દીપક જ્યોત પ્રગટ કરી, લાવ્યાં તે આનંદ ન માયજી
બાતી ઘરી સ્નેહ સુંદર, જ્યોત તે ઝલહલ થાયેજી (૨)
તિલક કરે કુંમકુંમ તણી, અક્ષત ધરે મન ભાયેજી
ફુલન હાર ધરાવિને, શ્રીમુખ જુએ સુખદાયજી (૩)
બિડાં આપે છે સ્ત્રી હસ્તમાં, ભાવતે એહોના રસાલજી
ભાવ ગોપન કરે એહ સમે, દરશ પરશ કરે બાલજી (૪)
ઇંડી પીંડી ઓવારીને, વારે છે આપોપુ અંગજી
માણેક મોતિડે વધાવે છે, પુષ્પતે સોના રૂપા તણાં સંગજી (૫)
આરતિ સન્મુખ ફેરવે, વારંવાર શ્રીમુખ જોઇજી
ધન્ય ધન્ય કહે સહુ ભક્ત તે, એહોના ભાગ્ય સમાન નહિ કોઇજી (૬)
જયજય સર્વત્ર થઇ રહ્યું, માંગલ્ય માંગલ્ય સોહેજી
દંડવત કરી ચર્ણે નમે, જોઇ જોઇ સહુંકોઇ મોહેજી (૭)
આરતિ સમય સોબાગીયો, માહાદાંન આપે મ્હારો નાથજી
વલ્લભદાસ એ સુખ જુએ, મહેદને ચર્ણે લાગી માથજી (૮)

# વિવાહ ઉત્સવ

## શોભન ૧લું

કૃપા કરો જાઉ વારી વારી જી,
વિવાહ ગાઉ મંગલ શુભકારીજી (૧)
સોળ વરસના શ્રીગોકુલ વિહારિજી,
શ્રીવિઠ્ઠલજીએ જોયું મન વિચારીજી (૨)
શોભાજીને વાત પૂછી શુભકારીજી,
શોભાજી તે બોલ્યા વચન વિચારીજી (૩)
વેણાભટને ઘેર છે સકુમારીજી,
રૂપ ગુણમાં તે રઢિયાળીજી (૪)
સાત વરસની છે સકુમારીજી,
મીટડી તે ભરી ભરી નિહાળીજી (૫)



સુંદરી તે મારા ચિત્તમાં આવીજી,
સજ્જન (સાજન) સહુ કોને મન ભાવીજી (૬)
શ્રી વિઠ્ઠલજીએ એ કન્યા નિરધારીજી,
રૂપાંબાઇ જાએ વારી વારીજી (૭)

## શોભન ૨જું

પ્રસન્ન થયા તે પ્રભુજી ઘણું, હરખ્યો તે સઘલેડો સાથજી,
ગોવિંદ મામો તેડાવીને પૂછી વિવાહ તણી વાતજી (૧)
વેહેલા થાઓજી વેગા હવે કરવાં છે મોટેરા કાજજી,
હૈયલડામાં ઘણું હરખીને, વચન બોલ્યા વ્રજ રાજજી (૨)
મથુરા તે નગરીમાં આવીને, કીધી વિવાહ તણી વાતજી,
સન્માન દીધાંજી અતિ ઘણાં, હરખ્યો છે કન્યાજીનો તાતજી (૩)
વેણાભટે મન વિચારીયું એહ છે મોટેરી પેરજી,
શ્રીગોકુલચંદ શ્રીવલ્લભવર, આનંદે આવશે ઘેરજી (૪)
કુંવરી કારણરૂપ પ્રગટિયા, એ વાત મન માંહે જાણીજી,
ત્રિભુવનપતિ વર પામીયાં, એ કહીયે વ્રજની રાણીજી (૫)
વિવાહ માગીને ઘેર આવીયા, બેઠા શ્રીવિઠ્ઠલતાતજી,
કહોજી વેવાઇએ શું કહ્યું પૂછે છે સઘલેડો સાથજી (૬)
સન્માન દીધાંજી અતિ ઘણાં વાત વિવાહ તણી સત્યજી,
પ્રસન્ન થયા પ્રભુજી ઘણું હૈયલડે હરખે, તે અત્યંતજી (૭)
કંકુના છડા દેવરાવિયા, મોતીના ચોક પુરાવ્યાજી,
શ્રીવલ્લભવરના વિવાહ મલ્યો સોહાસણી ગાવાને આવીજી (૮)
પદમાવતી માતા પધરાવીયો, સર્વે પરિવાર ત્યાં સોહેજી,
ભૂતલ એવો વર કો નહીં, દીઠડે ત્રિભુવન મન મોહેજી (૯)
શ્રીવલ્લભ વરનું વદન જોઇ, જુમલે ન આવે કોયજી,
હૈયલડામાં ઘણું હરખાને રૂપાં બાઇએ લીલા ગાયેજી (૧૦)

શ્રી વિઠ્ઠલશનંદન નિરખિ નિરખિ નેને સિરાઉ (૧)
શ્રી વલ્લજુકી સરનિ આયે જે તે કલિયુગ કે જીવ ઉદ્ધારે
સો સમુહની તિનહાં કહોં લોં ગિનાઉ, જે કબહુક નામ દેત,
તિનહૂકો અભય દેત,
માંગત રઘુનાથ દાસ નિકટ રહન પાઉ (૨)

## ઘોળ (૧)

શ્રી ગોકુલેશજીના નામ ભજનનું ચોઘડિયું કાંઇ સારૂં રે,
સારૂં સારૂં સહુ કો કહે છે, તે છે મુજને પ્યારૂં રે (૧)
મારૂં મારૂં સૌ કો કહે છે, તેમાં નથી કાંઇ તારૂ રે,
પુષ્ટ પુષ્ટ રસ રૂપ રસાત્મિક, તે છે મુજને પ્યારૂં રે (૨)
આ સંસાર છે સઘળો જુઠો તેને કહે સહુ મીઠાં રે,
લૌકિકમાં ના લપટાઇ જાતો, હે જીવ હું તુજને વારૂં રે (૩)
જયારથી તુને શરણે લીધો, શ્રીમુખે નિશ્ચય કીધો રે,
પતિવ્રતા ધર્મ ને એક અનન્યતા, તેમાં પણ તું પેઠો રે (૪)
પ્રથમ પ્રભુજીએ વૈષ્ણવ કીધાં તેથી ભગવદી મોટાં રે,
તે શું મલીએ તે શુ હળીએ, માયાસંગી ખોટાં રે (૫)
કરી રાખ્યું છે પ્રભુજીએ પહેલું, તે પ્રમાણે થાયરે,
શોંચ પોંચ રંચક નવ કરીએ, પ્રભુ કરે તે થાય રે (૬)
ભગવદ્દઇચ્છા પ્રમાણ કરીએ, ભગવદ્રસમાં પચીએ રે,
રૂપ રસાલું ધ્યાન ધરીને, અન્ય સંબંધથી બચીએ રે (૭)
સેવા આપી ચરણ કમલની હવે બીજું શું જોઇએ રે,
એહ વિચારમાં નિશદિન રહીએ, મનવાં છિત ફલ પાઇએ રે (૮)
મોહનરત્ન ગોકુલપતિ સંગે, રત્ન અમોલિક પાઇએ રે,
કહે જગજીવન વલ્લભદાસ પ્રભુ શું, ચિત્ત સદા પરોવું રે (૯)

## (૨)

નામ તણો છે મોટો મહિમા શ્રી ગોકુલનાથજીનો ગાજે રે,
સ્મરણ કીર્તન કરે એ પ્રભુનું દુઃખડા સઘળા ભાજે રે (૧)



સદા સર્વદા સુખીયાં થાવા, ગુણ પ્રભુના ગાઉ રે
દુઃખ સાગરનો ત્યાગ કરીને શરણપ્રભુને જાવું રે (૨)
તે માટે હું તમને કહું છું નામ નિરંતર લેજો રે,
જન્મ મરણનો ભય નિવારી પ્રભુ ચરણ ચિત્ત ધરજો રે (૩)
ચાર અક્ષર છે ગૂઢ ગૂઢાંતર મહામંત્ર ફલકારી રે,
રસિક જનોના ભાગ્ય ફળીયાં તે નામ ધરો ચિત્તધારી રે (૪)

## (3)

મારે આંગણે આવીને વાયક બોલિયાં રે
હું તો જોઉ મારા વહાલાજીની વાટ,
ગોકુલ ઘેરે આવશે રે - ટેક -
મારે ઘેર પધારે શ્રી ગોકુલનાથજી રે,
મુજને ઉલટ અંગન માય (૧)
સખી શેરી તે વળાવીને સજ કરૂં,
લીલા પીળા પથરાવું પાટ (૨)
સખી બારણે કાચ ઢળાવીયાં રે
મેં તો મોતીના પૂર્યા છે ચોક - ગોકુલ (૩)
સખી મંડપ છાયો મોગરે રે,
મેં તો ફૂલડે છાઇ છે વાટ (૪)
સખી કદલીના ખંભ રોપાવીયા રે,
મેં તો જાદર ચીર ઓછાવ્યા (૫)
જીરે માલણ આવે મલપતી રે.
ત્યાં તો તોરણ સોહીયે દ્વાર (૬)
સખી ઉત્તમ પાથરણાં પથરાવીયા
ચોપાસે બાંધ્યા ચંદરવા (૭)
સખી ગાદીને તકીયાં બિછાવીયાં
પધરાવ્યા શ્રીવિઠ્ઠલજીનો લાલ (૮)
સખી શણગાર કરૂં શોભિતા રે
ચોળી ચૂંદડી ને ઘરચોળા ને ઘાટ.. (૯)

સખી કંકુની પીયર કરીય નેરે,
ચોખલીયાં ચોડયા લલાટ (૧૦)
સખી આરતિ કરૂં ઓવારણાં,
ઓછા હે ભેટ કરૂં રે અપાર (૧૧)
સખી તનમનધન કરૂં વારણે,
ભાવે ભેટ કરી પધરાવું (૧૨)
મારા મંડપ છાયા મોગરે રે,
મેં તો ફૂલડે છાઈ છે વાટ (૧૩)
માહરા મંડપ દીસે સોહામણા રે,
બિરાજયા શ્રીગોકુલનાથ (૧૪)
સખી રંગ રંગ રંગ થઇ રહ્યો,
મને ઉલટ અંગ ન માય (૧૫)
મારા મનના મનોરથ પૂરીયારે,
વ્હાલે ભકતની પૂરી આશ - ગોકુલ (૧૬)

## (૪)

મીઠઠા બોલ્યાં રાજ ! આવાને મારા મીઠડા બોલ્યા રાજ,
સમી સંધ્યાના તમે શીદ ગયાંતા,
આવી ઉભા પ્રભાત-આવોને (૧)
દ્વારે દ્વારે તોરણ બંધાવુ, ફૂલડાં વેરાવું સારી વાટ,
ગોખે ગોખે દીવડાં મેલાવું,
મંગલ ગવરાવું સારી રાત (૨)
એક ઘડી એકાંતે મલો તો, કહું મારા દીલડાની વાત,
લદાવ ગલીની કુંજ ગલનમાં,
વહાલોજી મલ્યા ને ગ્રહયો હાથ (૩)
વલ્લભદાસ પ્રભુ રસિક શિરોમણી,
જન્મ મરણ એમના હાથ (૪)



## (૫)

અમને વહાલા રે શ્રીવલ્લભજી કહોજી કેમ રહેવાય (૧)
મંગલ આરતી સમે ઉઠયા મંગલરૂપ,
અમને દરશન દે મારો વાલમો ઉઠી ઉઠી વારંવાર (૨)
એકાંત રે પધારતા, કરતા દંતધાવન,
ભીતે અટકી ઉભા રહ્યા, દરશન દે મારો નાથ (૩)
બેઠકમાં રે બિરાજતાં કરતા હાસ્ય પ્રકાશ
જુમનાજીરે પધારતા સાથે અનેક સમાજ (૪)
પાલખીએ બેસી પધારતા લીલા કરતા ફુલબાગ,
શ્રીગોકુલેશપુર વહાલું ઘણું જયાં છે મહેદ ભક્તોનો નિવાસ (૫)
વલ્લભ ઘાટે ઉભા રહ્યાં, શ્રી જુમનાજી અનુકુલ,
ગોપાલદાસ કરે વિનંતી, રાખો શ્રી ચરણની પાસ,
દાસી વળી વળી વિનવે, આપો શ્રીગોકુલમાં વાસ-અમને (૬)

## કેસર સ્નાન સમયનું

કરૂણા તે કરીને પાઉ ધાર્યાજી, પોતે તો જલધરા માંહેજી,
ભક્તને પોહોંચી વધામણી, ચમકીને ચાલ્યાં તે ત્યાં હોજી (૧)
આવીને આસને બેઠાંજી, બોલે તે વિકસિત વદનજી,
સેવક તે સુણી સુણી રીઝેજી,
ભાવે તે ભીજે છે તેણે સદનજી (૨)
વિનતી કરી મહાપ્રભુ અને, મોતી ધરાવ્યાં તે કરણે જી,
શોભા મુકતા ઘણું પામ્યાં જી
પ્રભુજી છે ત્રિભુવન આભરણજી (૩)
ભીતરના કૃત કરી અને ફરીય બેઠકે આવ્યાંજી,
વાજિંત્ર વાજે તેહસમે સેવક સર્વેને મન ભાવ્યાંજી (૪)
સત્વરતા કૃત કરી સહુ, બહુ બહુ પેરના તેહજી,
ચરણ પક્ષાલણ કરી પહેરીજી, પરદની તેલની જેહજી (૫)

ગાદીએ બેઠાં સુંદરવર, કેસને કાંસકી કીધીજી,
અભ્યંગ તણોરે આરંભજી, વ્રજજને આશિષ દીધીજી (૬)
તેલ તે વિવિધ પ્રકારનાં, ભરીયાં કટોરા તે ધરીયાજી,
સેવક સહુ મર્દન કરે અતિ આનંદ તે ભરીયાજી (૭)
જલ તે સમોઈને સિદ્ધ કર્યા, પ્રભુજીને ચોકીએ પધરાવ્યાજી,
કેસર ભર્યા રે ભોજન લઈ ભકત કઠેહરામાં આવ્યાજી (૮)
જય જયકાર તેણે સમે કરે તે સકલ નરનારજી,
આંગણા માંહા ભીડ અતિ ઘણી સેવકનો નહી પારજી (૯)
ભીડ અટારીને છજાએ, ભીડ મુંડેરીને ત્રીજે માળજી,
પ્રભુજીને નાહતા તે નિરખિજી હરખે તે ગાયે છે ગ્વાલજી (૧૦)
મસ્તક કેસર ઢોળીને, ચોળે તે અંગ રસાલજી,
ચરણામૃત કેરે કારણે, કુલાહલ થાય તેણે કાલજી (૧૧)
વાજીંત્ર વાગે તે અતિ ઘણાં, વિવિધ પ્રકારે સોહાયેજી
મોદ આનંદ તો એણી પેરે, જગત બ્રહ્માંડે ન સમાયેજી (૧૨)

## સ્નાન સમયે

આનંદ સાગર ઉલટયો, રસનાએ વહે છે પ્રવાહજી ગોકુલપતિ પામીયાં
આનંદ આનંદ થઈ રહ્યો, પ્રગટયા શ્રીવલ્લભનાહ શ્રી ગોકુલપતિ
માંગલ્ય માંગલ્ય સોહીયે,
સર્વત્ર બહુય પ્રકાર શ્રી ફુલને ફુલ અંગ (૧)
અતિ ઘણો મોહને મોદ અપાર,
મનમાંયે મોહ અપાર.. શ્રી (૨)
શોભા તે શોભા અલૌકિક, ભકતતણો એ શણગાર શ્રી
શ્રી વિઠ્ઠલજીનો લાડીલો, જીવનપ્રાણ આધાર.. શ્રી (૩)
શ્રીરૂક્ષ્મનિજીનો લાલએ પુષ્ટના પુષ્ટ મહારાજ.. શ્રી
માગસર સુદ સાતમ ભલી, પ્રગટયા ભકતને કાજ... શ્રી (૪)
કેસર નહાયે શ્રીવલ્લભવર, ચોકીયે બેઠાં સોહાય.. શ્રી
રંગ રંગ રંગ રંગ થઈ રહ્યાં, રસિયો જોઈ જોઈ મોહે..શ્રી(૫)
જય જય જય સોહામણો, ઠામ ઠામ જય જય હોય..શ્રી
ભકત સમાજ સહુ મોદસુ, વારે છે તન મન તેહ..શ્રી (૬)



ઉત્સવ હોય ઉત્સાહસુ, ઉત્સાહ અંગ ન માય...શ્રી
ભકત સહુયે ઉત્સવ કરે વલ્લભદાસ
બલિ જાય શ્રીગોકુલપતિ (૭)

## કેસર સ્નાન થઇ રહ્યા પછી બોલવાનું

ન્હાઇ ઉઠયા પ્રભુ પાતળા, અંગૂછો કરે શ્રીઅંગેજી,
તેહની શોભા તે શી કહું, ભરીયો તે કેસર રંગે જી (૧)
પ્રીતે ધોતી લઈ શ્રીહરે ધરી વૃક્ષઃ સ્થલે સોહેજી,
પરિધાન કરતાં સુંદરવર, ઉપરણો મન મોહેજી (૨)
પીઢે બેસી આચમન કરે પછી ધરે તિલક તે ભાલેજી,
મુદ્રિકા પહેરીજી અંગુલી કંઠે મોતી તણી માલજી (૩)
નિત્યના કૃત્યતે કરીયને વેગે તે મંદિરે પાઉ ધાર્યાજી,
ચિરંજીવો કહી કહી કામિની અંગ આપઆપણાં ઓ વારેંજી (૪)
ભીતર પોંહતા ભલે સમે, મનમાંહે આનંદ આણેજી,
ભકતને માહા સુખ આપવા, પેર ઘણી ઘણી જાણેજી (૫)
પ્રાકટય તે તેણે કારણે, કહે છે તે શાસ્ત્ર સિદ્ધાંતજી,
બીજા તે બાપડાં શું લહે, નિગમન જાણે તે પ્રાંતજી (૬)
ભીતર ભોગ સામગ્રી ઘણી ઘણી ભાંતની આવેજી,
વિંજન વિવિધ પ્રકારનાં મહાપ્રભુને મન ભાવેજી (૭)
વાણીએ કયમ વર્ણન કરૂં જયાંહા નહી ગોચર જ્ઞાનજી,
જદ્યપિ કહેવાય તેટલું, જેટલું દીધું છે પ્રભુ દાનજી (૮)

## ધોળ ૧લું

### બેની મહાઓચ્છવના મંડપ

બ્હેની મહા ઓચ્છવના મંડપ સોહામાં રે,
નયણે નિરખું શ્રી ગોકુલનાથ-બ્હેન
માહા ઓચ્છવના મંડપ સોહામણાએ,જીરે રૂડી રીતે,
સહુ મલી કરોને કાજ નિરખું પુરણ પ્રીતે (૧)
આવો મણો રે સોહાસણી રે જીરે રૂડી રીતે,
મલીયને મંગલ ગાવો નિરખું પુરણ પ્રીતે (૨)

સહુ ઓચ્છવનો ઓચ્છવ આવીયો રે જીરે રૂડી રીતે,
મહા ઓચ્છવનો મહિમા છે બહુએ નિરખું પુરણ પ્રીતે (૩)
દિવસ દુર્લભ માહારે આવીયો રે જી રે રૂડી રીતે,
વેદના જાણે એ વાત નિરખું પુરણ પ્રીતે (૪)
મંડપ રૂડા માહારા પ્રભુજીના રે જીરે રૂડી રીતે,
ભલી રૂડી ભગવદીયની જોડ નિરખુ પુરણ પ્રીતે (૫)
નૈયણાં ભરી ભરી નિત્ય નિરખો રે જીરે રૂડી રીતે,
હરખે દોને આશીશ નિરખું પુરણ પ્રીતે (૬)
મોદના મંડપ રચાવીયાએ જીરે રૂડી રીતે,
આરતની વેલીઓ બંધાએ નિરખું પુરણ પ્રીતે (૭)
સ્નેહરૂપી રંગ ભરાવીયો રે જીરે રૂડી રીતે,
હેતરૂપી હીરા જડાયે નિરખું પુરણ પ્રીતે (૮)
પ્રેમના ફાનસ ઝળહળે રે જીરે રૂડી રીતે,
જીવ જયોત દીપક પ્રગટાયે નિરખું પ્રીતે પુરણ પ્રીતે (૯)
નેહની નોબત ગડગડેરે જીરે રૂડી રીતે,
વહાલના વાજીંત્ર વાજે બહુય નિરખું પુરણ પ્રીતે (૧૦)
ધાંધાં ધાંધી મંડપમાં થાયે ઘણી રે જીરે રૂડી રીતે,
ગણ ગણ ચોઘડીયાં બોલાએ નિરખું પુરણ પ્રીતે (૧૧)
આનંદના આભરણ અંગે પહેરીયાએ જીરે રૂડી રીતે,
મોદ ભર્યા મંડપમાં જાયે નિરખું પુરણ પ્રીતે (૧૨)
મંડપમાં કીર્તન બહુ થાયે રે જીરે રૂડી રીતે,
મંદિર આગલ સુજાતિનો સાથ નિરખું પુરણ પ્રીતે (૧૩)
અબીલ ગુલાલ ઉડે ઘણો રે
હૈયલડે હરખ ન માય નિરખું પુરણ પ્રીતે (૧૪)
રંગ તણી ત્યાંહા રેલ હોએરે જીરે રૂડી રીતે,
કુમકુમ કેસર છિરકાય નિરખુ પુરણ પ્રીતે (૧૫)
એણી પેરે આનંદ બહુ થાય જીરે રૂડી રીતે,
કેહતાં ના આવે પાર નિરખું પુરણ પ્રીતે (૧૬)
સદા સર્વદા એવું થાય છેરે જીરે રૂડી રીતે,
વલ્લભરાજને ઘેર નિરખું પુરણ પ્રીતે (૧૭)



ધન્ય ધન્ય માગસર માસનેરે જીરે રૂડી રીતે,
ધન્ય ધન્ય વલ્લભરાજ કરો, નિરખું પુરણ પ્રીતે (૧૮)
સહા સરવદા સુખી રહેજો રે જીરે રૂડી રીતે,
વૈષ્ણવનાં પાળજો લાડ, નિરખું પુરણ પ્રીતે (૧૯)
ફૂલ ફૂલામણ અતિ ઘણા રે જીરે રૂડી રીતે,
હરિદાસ હરખ અપાર નિરખું પુરણ પ્રીતે (૨૦)
કાનજીભાઈ મનમાંહે ઘણું ગમે રે જીરે રૂડી રીતે,
હિરજીભાઈનો સંગ નિરખુ પુરણ પ્રીતે (૨૧)
કેસરદે વિરહે વ્યાકુલ ઘણુ રે જીરે રૂડી રીતે,
મલવાને મન અકુલાય નિરખુ પુરણ પ્રીતે (૨૨)
વિપ્રયોગના દાન કર્યા બહુએ જીરે રૂડી રીતે,
કેમ આવી મૂલે સંજોગ નિરખુ પુરણ પ્રીતે (૨૩)
સુખ આપશે અતિ ઘણો રે જીરે રૂડી રીતે,
વહાલાજીની કૃપા કટાક્ષ નિરખું પુરણ પ્રીતે (૨૪)
બેની બાને આનંદ અતિ ઘણો રે જીરે રૂડી રીતે,
વાત્સલ્યનો કર્યો અંગીકાર નિરખું પુરણ પ્રીતે (૨૫)
જુગલ જોડી સદા સુખી રહેજો રે જીરે રૂડી રીતે,
દાસીને રાખજો પાસ નિરખું પુરણ પ્રીતે (૨૬)
દાસી જાયે સદા સર્વદારે જીરે રૂડી રીતે,
રાખો ચરણાર્વિંદની પાસ નિરખુ પુરણ પ્રીતે
આપો શ્રી ગોકુલમાં વાસ નિરખુ પુરણ પ્રીતે (૨૭)

## ધોળ - ૨

ભલે જનમ્યા શ્રી ગોકુલનાથ જીરે,
જોવા આવ્યો, આવ્યો વ્રજવાસીનો સાથ જીરે (૧)
સેવકજન સર્વે ઉભા છે દ્વાર જીરે,
દર્શન દીજે હમારા આધાર જીરે (૨)
મલી માનુની મંગલ ગીય જીરે,
ત્યાં તો ઘેર ઘેર ઓચ્છવ થાય જીરે (૩)

ઘેર ગેર હોયે વધામણી,
ઉલટ એગન માયજી,
જુવતીના જુથ ટોળે મળી,
સહુ તે વધાવાને જાયજી (૨)
અમૃત પીધું રાણી રૂકિમણી,
જયાં પ્રગટયો વ્રજનો ભુપજી,
રત્ન અમોલિક એહ છે,
એહ અલૌકિક રૂપજી (૩)
ઉદ્યાત કાર સધળે હવો,
કીધો છે તિમિરને નાશજી,
જે જે કાર વર્તી રહ્યો,
ચોખંડે હવા તે પ્રકાશજી (૪)
પરમ ઉદાર ઉદે હવા,
એ કારણ વલી એહજી,
ભકત ઉપર કરૂણા કરી,
ભૂતલ ધરીયું છે દેહજી (૫)
દરશન દીજે દયા કરી,
અબળા તણો રે આધારજી,
રૂપાંબાઇ જાયે વારણે,
વિલંબ ન કરે લગારજી (૬)

## ધોળ - ૧૧મું

શ્રીવલ્લભવરજી આવ્યા ને મોતીડે વધાવ્યાજી,
આનંદ આનંદ થઇ રહ્યોજી (૧)
કુમકુમ કેરા છડા દેવરાવું ને મોતીના ચોક પુરાવજી,
તોરણ બંધાવું રે દ્વારે શોભીતાજી (૨)
કદલીના સ્થંભ દ્વારે રોપાવુનં ને, શેરીયે કાચ ઢળાવુંજી,
મંડપ રચાવું તે ફૂલ મોગરેજી (૩)
આરતી ઉતારૂં પ્રાણજીવનની, માણેક મોતીએ વધાવુંજી,
તન મન ધન કરૂં વારણેજી (૪)



શ્રીરૂકિમણી લાલને નયણે નિરખું, ને હૈયામાં ઘણું હરખુંજી,
નિરખતાં નયણાં તૃપ્ત ન થાયજી (૫)
પારવતી પતિને જોઇને, મન મહારૂં રહ્યું મોહી,
જગત પુરૂષોત્તમ પ્રગટિયાજી (૬)
જુગજુગ જીવો શ્રીવલ્લભ મહા પ્રભુ, ભકત પ્રાણ આધારજી,
આશીષ દે છે સરવે કામીનિજી (૭)
શ્રીગોકુલપતિને વારણે જાઉં, હરખે પ્રભુ ગુણ ગાવુંજી,
દાસનો દાસ જાયે વારણેજી (૮)

## ધોળ - ૧૨મું

વહાલા લાગો છો ઘણું વહાલા
વલ્લભલાલ વહાલા લાગો છો
કેસરીયા ધોતી મહારા પ્રભુજીને સોહીયે,
છૂટા મહેલ્યા છે કેશ રે વલ્લભ (૧)
કેસરી ઉપરણા મહારા વહાલાજીને સોહીયે,
ચાલ લટકંતી ચાલે વલ્લભ (૨)
કેશરિયા પાઘ મારા પ્રભુજીને સોહીયે,
મુખડા છે પૂનમચંદ વલ્લભ (૩)
શ્રીવિઠ્ઠલનાથજીના લાલજ કહીયે,
રાણી રૂક્ષ્મણીજીના જાયા વલ્લભ (૪)
શોભા બેટીજીના વીરાજ કહીયે,
પારવતી વહુજીના કંથ વલ્લભ (૫)
કીકીમાં કામણ કીધું મહારા વહાલા,
મારૂં મન હરીને લીધું વલ્લભ (૬)
ભકતજનને હિત પ્રાકટય લીધું,
અનેક જીવ ઉદ્ધાર્યા વલ્લભ (૭)
કરજોડીને કહે છે ગોપાલદાસ,
રાખો ચરણની પાસ વલ્લભ (૮)

## ધોળ - ૧૩મું

આજ સખી હું તો આનંદ પામી,
અખિલ ભુવન પતિ ગરૂડારે ગામી,
પધાર્યા છે અંતર્યામી રે,
ચાલો દર્શન જઈએ (૧)
ફૂલની ગાદીને ફૂલના તકીયા,
ફૂલની સેજ બિછાઈ એરે ચાલો (૨)
ચીરના ચંદરવાને મંડપ મોટા,
બંદનવાર બંધાઈ એ રે ચાલો (૩)
માનિની ગાવે ને ચોક પૂરાવે,
મંગલ કળશ ભરાઈએ રે ચાલો (૪)
સોના રૂપાના તે ફૂલડે વધાવો,
છત્ર ચમર ઢોળાઈ એ રે ચાલો (૫)
વરઘોડો વાલમજીનો આવ્યો,
કીર્તન ધોળ તે ગાઈએ રે ચાલો (૬)
કાનજી આવે ને મોટા મંડપ રચાવે,
હીરજીભાઈને બોલાઈએ ચાલો (૭)
વાજિંત્ર વાગે ને સર્વે સુહાવે,
ઝાંઝ મૃદંગ બજાઈ રે ચાલો (૮)
શ્રીવિઠ્ઠલપ્રભુ વઈસ્નવ મળીને,
શ્રીફળ ભેટ ધરાઈ એ રે ચાલો (૯)

## ધોળ - ૧૪મું

આજ અચાનક આનંદરૂપી ઉદય થયો છે ભાણજો,
માહારે મંદિરિયે પધાર્યા શ્રીગોકુલાનથજી જો (૧)
બેની તાહારા ભાગ્યતણો નહિ પાર જો,
સુંદર વર પામ્યાં શ્રીગોકુલનાથજી જો (૨)
ટાળ્યાં વહાલે જન્મ જન્મના દુ:ખ જો,
નામ સમર્પણ આપીને પાવન કર્યા જો (૩)



ખડ સુકાને સીચન કરવા આશ
અધરામૃત આપીને સહુ સીચન કર્યાં જો (૪)
અંગ તપે છે સ્પર્શ કરવા આશ જો,
ચરણામૃત આપીને સહુ પાવન કર્યાં જો (૫)
ઘણા દિવસનાં વહાલાના વિયોગ જો,
સખી આજ થયો છે નયણાનો મેળાવડો જો (૬)
શ્રીગોકુલ ઈન્દુ પ્રગટયા પૂરણ બ્રહ્મ જો,
સુખસાગર માહારસની વરખા કરી જો (૭)
નવ પલ્લવ થઈ વાહાલાજીની સૃષ્ટિ જો,
બેઉ કરણે અમૃતરસ સીચન કર્યા જો (૮)
તમ શું વહાલા પૂર્વ જનમની પ્રીત જો,
મુને આણું કરવા બની કણીને આવીયા જો (૯)
પહેરો સહિયર શોભિતા શણગાર જો,
નયન સેન દે વહાલીને રિઝાવીએ જો (૧૦)
કલ્લાં કાબી ઝાંઝરનો ઝમકાર જો,
રૂમઝુમ રૂમઝુમ નેપુર પાયે ઘમકતાં જો (૧૧)
ઘુઘરડીનો નાદ અનુપમ સાર જો,
દરશન કરવાં ચાલો સહિયર ઠમકતાં જો (૧૨)
આ અવસર છે પ્રભુ ભજવાનો સારજો,
લાજ તજીને લ્યો વાહાલા ના ભામણાં જો (૧૩)
લાજે વણસે સહિયર માહારાં કાજ જો,
જન્મ કૃતારથ કીધા વહાલે આપણાં જો (૧૪)
એ રસને જે અનુસરશે નર નાર જો,
અચલ સોહાગી નિજ દાસી સંગે થશે જો (૧૫)
નિજ દાસીના પૂર્યા વહાલે કોડ જો,
આનંદભર હીંડે છે મોડા ગોડામાં જો (૧૬)

## ધોળ ૧૫મું

સાંભળ સજની વાત અનુપમ આજની શ્રીગોકુલમાં
વહાલો ઉભા શ્રી યમુના ઘાટ રે શ્રી ગોકુલમાં (૧)

મહાસુંદર રૂપ સોહામણું શ્રી વિઠ્ઠલરાજકુમાર રે શ્રી (૨)
ઉભે પરસ્પર જોડ અનુપમ શોભતી
શ્રી મને તે જોયાના કોડ રે શ્રી (૩)
રંગીલી ગલી રળિયામણી શ્રી
ત્યાં થઇ ગઇ છે ભેટાભેટ રે શ્રી (૪)
હું મન કરી ઉભી રહી શ્રી
મારે મસ્તક મુકયા હાથ રે શ્રી (૫)
ત્યાં હા આનંદ સાગર ઉલટિયો શ્રી
વહે પ્રેમ તણા મહા પૂર રે શ્રી (૬)
એ આલી ગાલો ગાલ કરે શ્રી
મુખ બોલે મધુરા બોલ રે શ્રી (૭)
એ છેલ છબીલો છોગાલો શ્રી
મોહનવર ચતુર સુજાન રે શ્રી (૮)
એ કામી કામણ ગારૂડો શ્રી
મને માર્યા મોહનાં બાણ રે શ્રી (૯)
એ ઘરે થકી ધુતારડો શ્રી
છે ચિત્તડાનો ચોર રે શ્રી (૧૦)
એ મન લઇ મન મેલવે શ્રી
વહાલો દે અવારી દાન રે શ્રી (૧૧)
જે દિવસથી દ્રષ્ટે પડયા શ્રી
મેં મુકયાં ઘરનાં કામ રે શ્રી (૧૨)
તેહ દિવસથી પ્રીતમજી શ્રી
વહાલો વસિયા રૂદયા માંહ રે શ્રી (૧૩)
હું ઘેલી થઇ પુંઠે કરૂં શ્રી
મુને મલીયા શ્રી ગોકુલનાથ રે શ્રી (૧૪)
મેં ચરણકમલ જુગ વંદિયા શ્રી
ત્યાં નિત્ય પ્રતિ ઝાકમઝોલ રે શ્રી (૧૫)
નિજદાસીના કોડ અપર્મિત ઘણા શ્રી
તેણે હીડુ મોડા મોડ રે શ્રી ગોકુલમાં (૧૬)



## ધોળ ૧૯મું

હું એ તમને પુછું રાણી રૂકિમણી રંગે રોળ્યા એ,
તમે શ્રી વલ્લભરાય જાયા મનોરથ પૂર્યા રે (૧)
પાલક પગદે જાઇયા
રંગ નીલછડી નાળ વધેર્યા મ. (૨)
જલ સાથે કેશરે નવરાવીયા,
રંગ ચોખા સાથે મોતીડે વધાવીયા મ. (૩)
રતન પલંગડી પોઢાડીયા
રંગ જાદર ચીર ઓછાડયાં મ. (૪)
કંકુના છડા દેવરાવીયા રંગ,
મોતીના ચોક પુરાવીયા મ. (૫)
મંડપ છાયો મોગેરે,
રંગ ફૂલન છાઇ વાટ મ. (૬)
કંદલીના ખંભ રોપાવીયા
રંગ તોરણ બાંધ્યા દ્વાર મ. (૭)
શેરીયે કાચ ઢળાવીયા
રંગ અગર ઉખેવ્યા અપાર મ. (૮)
આવો મલોરે સોહાસણી
રંગ મલીને મંગલ ગાવો મ. (૯)
કૃષ્ણદાસીએ નામ જ પાડીયા,
રંગ શ્રી ગોકુલેશ કહીને બોલાવ્યાં મ. (૧૦)
શોભાજીએ નામ ધરાવીયું,
રંગ આયો આયો રે ગોકુલ કેરો રાય મ. (૧૧)
શ્રીગુંસાઇજીએ પ્રાકટય જાણીયું
રંગ શ્રી વલ્લભ કહીને બોલાવ્યા મ. (૧૨)
જગત પુરૂષોત્તમ પ્રગટીયા,
રંગ પૂર્યા માર મનડા કોડ મ. (૧૩)

## ધોળ ૧૭મું

સખી આજે આનંદ મને અતિ રે ઘણો, સખી સાંભળો વાત રે,
શ્રી ગોકુલનાથજી તે અમો ઘેર આવીયાં (૧)
સખી આવો મળો રે સુહાસણી, મળી મળીયને મંગલ દીજે રે,
કંઈ ભામલડાં શા લીજે રે, શ્રી ગોકુલનાથજીનાં (૨)
સખી ધન્ય ધન્ય જન્મ અમારડી, શ્રી વલ્લભજી વર પામ્યાં રે,
કંઈ સંસારના દુઃખ વામ્યાં રે, શ્રી ગોકુલ સાસરિયે (૩)
સખી ઝરમર વરસે મેહુલો, મારૂં ચાદર કાંઈ ભાજે રે,
કાંઈ અભ્યંતર રીઝે રે વહાલાજીને મરકલડે (૪)
સખી મરકલડે મુખ જોવંતા, મારૂં ચિત્ત હરીને લીધું રે,
કાંઈ આ શું રૂડું કીધું રે શ્રી ગોકુલનાથજીએ (૫)
સખી મળીઓ છે તે વડ તે વડી, સહુ વ્રજસુંદરીની ટોળી રે,
કાંઈ ભાંમલડાં શા લીજે રે (કાંઈ ભ્રમરશાં ભોળી રે)
વહાલાજીને રંગ રમતાં (૬)
સખી રંગવિહારી રૂડી રાતલડી, મેં તો રજની જાત નવી જાણી રે,
કાઈ માધવદાસનો સ્વામી રે, પુરણ પ્રીતે પામીયાં (૭)

## ધોળ ૧૮મું

સખી ધન્ય દિવસ ધન્ય રાતડી જો,
ઘણી મીઠી મીઠી વહાલાજીની વાતડી જો સખી (૧)
વહાલો પાઘ બાંધે છે વાંકડી જો,
એને જોઈને ઠરે છે મારી આંખડી જો (૨)
વહાલો નખશિખ મોહન બેલડી જો,
એના ગુણ ગાયે સખી સાહેલડી જો (૩)
વહાલો બની ઠનીને ઘેર આવિયા જો,
મહારી સહિયર સમાણીને મન ભાવિયાં જો (૪)
માહારે પૂર્વ જન્મની પ્રીતડી જો,
ઘેર પધાર્યા રસની રાતડી જો સ. (૫)



જીરે રસ ઉછલિત થયો અંગમાં જો,
વહાલો આવી બિરાજયા મારા સંગમાં જો સ. (૬)
વહાલો રાસમંડળ રચના કરી જો,
પૂરે મનોરથ શ્રી ગોકુલના ઘણી જો (૭)
સખી રંગીલી ગલી રળિયામણી જો,
ત્યાં તો ભીડ મચી ભકતની ઘણી જો (૮)
સખી દરશને સહુ જાય છે જો,
મુખે ગોકુલપતિના ગુણ ગાય છે જો (૯)
ત્યાં નિત્ય નિત્ય થેઈ થેઈ થાય છે,
જો વહાલાજીને તે ભક્ત સોહાય છે જો (૧૦)
સખી ફરી ફરીને લે છે ફુંદડી જો,
તમે રિઝવ્યા પ્રભુને આ ઘડી જો (૧૧)
સખી નીરખી ફૂલીને ગાય છે જો,
હરિદાસ તે વારણે જાય છે જો સખી (૧૨)

## ધોળ ૧૯મું

મંગલરૂપે મહારાજ મારે મન વસિયાજી,
ઘરે આવો છબીલા લાલ હો રંગના રસિયાજી (૧)
બુધે તે શુદ્ધ ને બુધ સર્વે ભૂલીજી,
હું તો જોઈ શ્રી મહાપ્રભુજીના રૂપ અંગોઅંગ ફૂલીજી (૨)
બ્રહસ્પતે તો ભ્રમણા મનની ભાગીજી,
શ્રીવલ્લભવર સાથ લગની લાગીજી (૩)
શુક્રવારના સુખ ઘણા શા કહીએજી,
શ્રીગોકુલનાથજીને ચરણે ચકોર થઈ રહીએજી (૪)
શનીવારે સંતાપ ગયાં સૌ નાસીજી,
હું તો ભવોભવ વલ્લભલાલ તણી થઈ દાસીજી (૫)
આદિત્યે આનંદ ઉર ના સમાયજી,
શ્રીગોકુલનાથજીના રૂપ કહ્યાં નવ જાયજી (૬)

સોમે તો સોળ શણગાર સજયા મેં અંગેજી,
લાલા લહેરી શ્રીગોકુલેશ સંગ રમવા રંગેજી (૭)

## ઘોળ - ૨૦

મોહન મલપંતી ઘેર આવ્યા રે,
મેં તો લઇને મોતીડે વધાવ્યા રે (૧)
વહાલે મારે કરૂણાની દ્દષ્ટિએ જોયું રે,
બાઇ મારે એ વરં શું મન મોહ્યું રે (૨)
પડયું મારે નંદનાકુંવર સાથે પાનુ રે,
હવે હું તો કેમ કરી રાખીશ છાનુ રે (૩)
દુરિજનને કહેવું હોય તે કહેજો રે,
વહાલા મારા હ્રદયકમળમાં રહેજો રે (૪)
પ્રીત મારે શ્રી વલ્લભવર સાથે સાચી છે,
હવે મારે બીજી નથી કાંઇ કાચી રે (૫)
ધન્ય ધન્ય શ્રીગોકુલના વાસી રે,
વહાલાને સંગ રહે વ્રજનારી રે, (૬)
માનુની હળીમળી મંગલ ગાય રે,
બલિહારી જાય તે માધવદાસ રે (૭)

## ઘોળ - ૨૧

### હીચહમચી

શ્રી ગોવર્ધન ધારી મારા વહાલા,
છો વ્રજના અધિકારી મારા વહાલા,
વ્રજમંડળ રળીયામણું રે,
શ્રી યમુનાજી ઝીલવા જઇશું મારા વહાલા (૧)
શ્રીજમુનાજીમાં ઝીલતા રે, તૂટયા નવંસર હાર મારા
મોતી સઘળા વેરાઇ ગયાં રે, હીરલો લાગ્યો હાથ મારા (૨)



કેમ વીણું ને કેમ સાંભળુ રે, કેમ કરી ઉત્તર દઇશું મારા
હાથે વીણુને કાને સાંભળુ રે,
કાને દઇશું મારા રસમય ઉત્તર (૩)
શ્રીકનૈયાલાલજી બિરાજતા રે, શ્રીલક્ષ્મણરાયજીની ગોદ મારા
માજી મહારાજની ગોદ મારા (૪)
શ્રીવલ્લભલાલજી બિરાજતા રે, શ્રી કનૈયાલાલજીની ગોદ મારા
દાસના દાસની વિનંતી રે, આપો મુને ગોકુલવાસ મારા
આપો મુને વ્રજમાં વાસ મારા (૫)

## ઘોળ - ૨૨

આવોજી અચલ સોહાસણી, મલી મંગલ ગાઇએ (ગાવો)
પ્રકટયા શ્રીગોકુલનાથજી જન્મનો રે દહાડો (૧)
મોતી કેરા સાથિયા મંદિરમાંહે કહાડો (પૂરાવો)
મણિ મુક્તાફલ કેવડો, વચ્ચે ચોકમાં પુરાવો (૨)
શ્રીવિઠ્ઠલજી દાન આપે ઘણું,કહેતાં પાર ન આવે ભેટ જાચક
રે મળ્યા બહું બોલે જય જયકાર (૩)
આજ સખી રે વધામણી, વ્રજ વાજે નિશાન,
પ્રગટયા શ્રીગોકુલનાથજી, હુઆ કોટિ કલ્યાણ (૪)
ચાલો ચાલો ઉતાવલાં પ્રભુને જોવાને જૈયે તન મન તાપ
મેલીને આપણ આનંદ પૈયે (૫)
અમીરે ભરી પ્રભુની આંખડી, નયણાં છે રે રસાલ (અણિયાળાં)
એ તો નિંદ્રા નહી કરે સેવાના રે રસિયા (૬)
ભગવદીમન આનંદ ઘણો ફૂલ્યાં અંગ નસમાય,
માધવદાસના પ્રભુજી મેરે મન વસીયા (૭)

## ઘોળ - ૨૨

શ્રીવિઠ્ઠલ નંદનનની ચાલનો રે ચટકો ઘણું રે
શોભા સુંદર મુખનો રે મટકો (૧)